શહેર આવૃત્તિ
પાના:૧૪
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY



# અબતક



સાંધ્ય દૈનિક
તા. ૧૦-૧૦-૨૦૨૬, શનિવાર વર્ષ: ૧૫, અંક : ૧૮૯
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

### ''કોકરોચ''ના આંદોલનમાં ડાબેરીઓ અને ''આપ'' જોડાયા: કોંગ્રેસે અંતર રાખ્યું

# દિલ્હીમાં અભેદ કિલ્લેબંધી: એરપોર્ટ પરથી જ અભિજીત દીપકેની અટકાયત







**અબતક, રાજકોટ**

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની ઉગ્ર માંગ સાથે આજથી કોકરોચ પાર્ટી દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે રાજધાની નવી દિલ્હી અભેદ કિલ્લામાં ફેરવાઈ ગયું છે. આંદોલનમાં તમામ રાજકીય પક્ષો પોતાના રાજકીય રોટલા શેકી રહ્યા છે. કોકરોચના આંદોલનમાં ડાબેરીઓ પક્ષો અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો જોડાયા છે. જ્યારે કોંગ્રેસે આંદોલનથી અંતર જાળવ્યું છે. દિલ્હીમાં મેટ્રો સેવા ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. પોલીસ દ્વારા ૧૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરી લેવામા આવી છે.

દિલ્હી એરપોર્ટ પર ઉતરાણ કરતાની સાથે જ સીજેપીના અભિજીત દીપકે,

(અનુ. આઠમા પાને)

## રાજધાની થંભી ગઈ: મેટ્રો સેવા, ઈન્ટરનેટ સેવા બંધ, ૧૦ લાખથી વધુ વેપારીઓને અસર

## સીજેપીના પદાધિકારીઓ આષુતોષ રાંકા અને સૌરભ દાસન સહિત ૧૬૦૦થી વધુ પ્રદર્શનકારીઓની પણ અટકાયત: પોલીસ વધુ એલર્ટ બની: યુ-ટ્યુબરોની પણ અટકાયત કરાઈ

### મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીની પણ ધરપકડ

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે કોકોરચ જનતા પાર્ટીએ આંદોલન કર્યું છે.જેને સમર્થન આપી રહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પ્રપોત્ર તુષાર ગાંધીની આજે પોલીસે અટકાયત કરી લીધી હતી.તુષાર ગાંધીએ જણાવ્યું હતું કે, કંઈ પણ થાય જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા ભારતીયોને સમર્થનમાં આજે બપોરે ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે એકત્રિત થઈને જ રહેશું.

### અભિજિત દીપકેની અટકાયત થતા આંદોલનની જવાબદારી અજિંક્ય શિંદેને સોંપાઈ

દિલ્હીમાં સીજેપીના વિરોધ પ્રદર્શન પહેલાં અભિજિત દીપકે જંતર મંતર પહોંચે એ પહેલા જ પ્લેનમાંથી તેમની અટકાયત કરવામાં આવ્યા બાદ પણ આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. અભિજિત દીપકેએ અગાઉથી રેકોર્ડ કરેલા વીડિયોમાં જણાવ્યું હતું કે તેઓ અને તેમના બે સાથીઓ અટકાયતમાં હોય તો સીજેપીના નેશનલ ઓર્ગેનાઈઝેશન ઈન્ચાર્જ અજિંક્ય શિંદે આંદોલનની આગેવાની સંભાળશે. આ સાથે જંતર-મંતર ખાતે યોજાનારા વિરોધ પ્રદર્શનને આગળ વધારવાની જવાબદારી શિંદેને સોંપવામાં આવી છે. આંદોલનકારીઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા સહિતના ચૂંટણી સંબંધિત મુદ્દાઓનો વિરોધ કરી રહ્યા છે.

### જંતર મંતરથી રાહુલનું અંતર ચેન્નાઈમાં 'છાત્રો કી ગુંજ'માં હાજર

જ્ઞાનેશ કુમારના નેતૃત્વ હેઠળ ઈસીના કાર્યપદ્ધતિ વિરુદ્ધ આજે પ્રદર્શનમાં જોડાવા માટે કોકરોચ જનતા પાર્ટી દ્વારા તમામ વિપક્ષી પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં ફક્ત ડાબેરીઓ, મમતા બેનજીર્ની તૃણમૂલ અને આપ ખુલ્લેઆમ તેમના આંદોલનને સમર્થન આપ્યું હતું. આ બધાની વચ્ચે, કોંગ્રેસ સીજેપીના વિરોધ પ્રદર્શનથી અંતર જાળવી રહી છે; રાહુલ ગાંધી શનિવારે 'છ છાત્રો કી ગૂંજ' (વિદ્યાર્થીઓનો અવાજ) કાર્યક્રમના આગામી તબક્કા માટે ચેન્નાઈમાં હાજર રહેશે.

### વિરોધ પ્રદર્શન દરમિયાન પથ્થરમારો, બે પોલીસકર્મી ઘાયલ

કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શન દરમિયાન આકાશવાણી ભવન નજીક પથ્થરમારાની ઘટના બની હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઘટનામાં બે પોલીસકર્મીઓ ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. વિરોધ પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ તંગ બનતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.જોકે, પથ્થરમારો કોણે કર્યો અને ઘટના પાછળ જવાબદાર કોણ હતું તે અંગેની વિગતોની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી. ઘટનાની વધુ વિગતો અને પોલીસની સત્તાવાર પ્રતિક્રિયા સામે આવ્યા બાદ સમગ્ર મામલે સ્પષ્ટતા થઈ શકે છે.

### ભારતના યુવાનોને રોકી શકાતા નથી: કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનના બોલ બદલ્યા

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારકુની કામગીરી પર સવાલો ઉઠ્યા બાદ કેન્દ્રીય મંત્રી ચિરાગે પાસવાને સ્પષ્ટતા માંગી હતી. પરંતુ ચૂંટણી પંચે નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવતું નિવેદન બહાર પાડ્યા બાદ તેઓ પીછેહઠ કરી ગયા હતા.તેઓએ ગઈકાલે એવું નિવેદન આપ્યું હતું કે ''તેઓ ભારતના યુવાનો છે. તેમને કોઈ રોકી શકતું નથી,'' એમ ભાજપના સહયોગી અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને શુક્રવારે જણાવ્યું હતું. તેઓ એવા આક્ષેપોનો જવાબ આપી રહ્યા હતા કે સરકાર એસઆઈઆર મુદ્દે સીઆજેપી દ્વારા આજે વિરોધ પ્રદર્શનમાં લોકોને જતા રોકવા માટે ટ્રેન અને મેટ્રો સેવાઓ મર્યાદિત કરી રહી છે. ''કેટલાક લોકો આવી ગેરસમજ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોઈ કેટલી ટ્રેનો રોકી શકે? કેટલા રસ્તાઓ બ્લોક કરી શકે? તેઓ ભારતના યુવાનો છે, જેઓ વિશ્વને રાહ બતાવવા સક્ષમ છે. પેઢીઓથી આવું થતું આવ્યું છે. તેમને કોઈ રોકી શકતું નથી,''એકતરફી નિર્ણયો લેવાના આરોપ બાદ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તપાસના દાયરામાં આવ્યા ત્યારે ચિરાગે સ્પષ્ટતાની માંગ કરી હતી; પરંતુ ચૂંટણી પંચે નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવતું નિવેદન બહાર પાડ્યા બાદ તેઓ તરત જ પીછેહઠ કરી ગયા હતા.

### આંદોલન સામે ભાજપ પણ સક્રિય ત્રણ કલાકની મેરેથોન બેઠક

#### વિપક્ષ દેશને ગેરમાર્ગે દોરી રહ્યો છે: નીતિન નબિન

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે આજે કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે.જેની સામે શાસક પક્ષ ભાજપ પણ સક્રિય થઈ ગયો છે. તમામ રાજકીય પક્ષો યુવાનોને પોતાની તરફ ખેંચવા મથી રહ્યા છે. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને સંગઠનના હોદ્દેદારો સાથે ત્રણ કલાકની મેરેથોન બેઠક યોજાઈ હતી. જેમાં તેઓએ યુવાનો આકર્ષિત થાય તેવા સંગઠાત્મક કાર્યક્રમો આપવા સ્પષ્ટ સૂચના આપી હતી. આજે સવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે એક નિવેદન આપતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી સહિતના વિરોધ પક્ષના તમામ નેતાઓ દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે યુવાનોમાં ખોટો ભ્રમ ફેલાવી રહ્યા છે. દેશની જનતા વિકાસની સાથે છે. વિદેશી તાકાતનો આશરો લઈ દેશમાં અસ્થિરતા ઉભી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે જેને ક્યારેય ચલાવી લેવાશે નહીં.

## પનામામાં ૭.૭ની તીવ્રતાના ભૂકંપ બાદ ૪૫ આફ્ટરશોકથી ફફડાટ, અનેક ઈમારતો ધરાશાયી

### હેરેરા પ્રાંતમાં આવેલા પિતાલોસા અરીબા નામની દૂરદરાજના વિસ્તારથી આશરે ૧૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં અને જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ કેન્દ્રબિંદુ નોંધાયું

**અબતક, રાજકોટ**

મધ્ય અમેરિકન દેશ પનામામાં સવારે પ્રકૃતિનો ભયાનક સ્વરૂપ જોવા મળ્યો હતો. દેશમાં એક પછી એક બે શકિતશાળી ભૂકંપના આંચકા અનુભવાતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. પહેલા ૭.૭ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે ધરાને હચમચાવી દીધી હતી, અને તેની અસર ઓસરે તે પહેલા જ ૬.૬ ની તીવ્રતાનો બીજો મોટો આંચકો અનુભવાયો હતો. આ ભયાનક કુદરતી આફતના કારણે કેન્દ્રબિંદુની આસપાસની અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે.

અમેરિકન ભૂવિજ્ઞાનીઓના સર્વેક્ષણના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ શુક્રવારે વહેલી સવારે ટ્રાન્સમીટ થયો હતો. આ ભયાનક ભૂકંપનું કેન્દ્ર પનામાના હેરેરા પ્રાંતમાં આવેલા પિતાલોસા અરીબા નામની દૂરદરાજના વિસ્તારથી

(અનુ. આઠમા પાને)

## એન્ટીબાયોટીક્સ, હોર્મોનલ અને સાયકોટ્રોપિક દવાઓની જાહેરખબરો સરકારની મંજૂરી વિના પ્રસિધ્ધ નહીં કરી શકાય

### ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ માં નિયમ ૬૫ હેઠળ નવો સબ-રૂલ ઉમેરવાની તૈયારી; દવાના વેચાણ અને વિતરણ સાથે સંકળાયેલા તમામ લાયસન્સધારકોને લાગુ પડશે જોગવાઈ

**અબતક, રાજકોટ**

કેમિસ્ટ, હોલસેલર્સ અને દવા વિતરકોએ હવે કેટલીક ચોક્કસ પ્રિસ્ક્રિપ્શન દવાઓની જાહેરાત કરતા પહેલા કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડે તેવી શક્યતા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શેડ્યૂલ એચ, એચ વન અને એક્સ દવાઓની જાહેરાતો પરના હાલના નિયંત્રણોને આ દવાઓના વેચાણ અને વિતરણ સાથે જોડાયેલા લોકો સુધી વિસ્તારવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

નિયમનકારો દ્વારા ભારે અસરકારક એવી પ્રિસ્ક્રિપ્શન દવાઓના પ્રમોશન અને પ્રચાર અંગે ચિંતા વ્યકત કરવામાં આવ્યા બાદ આ પ્રસ્તાવ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.



આ દવાઓમાં એન્ટીબાયોટીક્સ, હોર્મોનલ દવાઓ, સાયકોટ્રોપિક દવાઓ, કેન્સર વિરોધી દવાઓ, નાર્કોટિક દવાઓ અને જીવનરક્ષક ઈંજેક્શન્સનો સમાવેશ થાય છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે ડ્રગ્સ રૂલ્સ,

(અનુ. આઠમા પાને)

### ધાર્મિક એપની સાથે સાથે ભવિષ્ય જાણવામાં રૂચિ વધી

## એસ્ટ્રોલોજી એપ ડાઉનલોડમાં ગત વર્ષની સરખામણીએ ૭૫ ટકાનો ઉછાળો

### નવ મહિનામાં ધાર્મિક અને જ્યોતિષ એપ્સના 30 કરોડ ડાઉનલોડ્સ; એસ્ટ્રોટોક, એસ્ટ્રોસેજ કુંડળી અને સનાતન સ્ટેટસ જેવી એપ્સ યુઝર્સની પ્રથમ પસંદગી બની

**અબતક, રાજકોટ**

ભારતીયોમાં સ્માર્ટફોન દ્વારા ભક્તિ અને ભવિષ્ય જાણવાનો ક્રેઝ અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે. અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬ના પ્રથમ નવ મહિના (જાન્યુઆરીથી સપ્ટેમ્બર) દરમિયાન ભારતમાં ધાર્મિક, આધ્યાત્મિક અને જ્યોતિષ એપ્સના કુલ મળીને લગભગ ૩૦ કરોડ ડાઉનલોડ્સ નોંધાયા છે. આ આંકડો ગત વર્ષ ૨૦૨૫ના આખા વર્ષના ૨૪.૮ કરોડ ડાઉનલોડ્સના રેકોર્ડને પણ વટાવી



ગયો છે.જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે માત્ર જ્યોતિષ એપ્સે જ ૧૫ કરોડ ડાઉનલોડ્સ નોંધાવ્યા છે, જે ગત વર્ષની સરખામણીએ સીધો ૭૫ ટકાનો ઉછાળો દર્શાવે છે.

આ સેગમેન્ટમાં એસ્ટ્રોટોક ૩ કરોડ ડાઉનલોડ્સ સાથે સૌથી આગળ રહ્યું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત એસ્ટ્રોસેગ કુંડલી એપ ૨.૫ કરોડ ડાઉનલોડ્સ સાથે બીજા ક્રમે રહી, જેમાં વાર્ષિક ૧૭૨ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે.

(અનુ. આઠમા પાને)

### ગુજરાતના ગૌરવ એવા 'મચ્છર'ની બહાદુરીએ વિશ્વને 'મહાયુદ્ધ'થી રોક્યું

# તેલ અવિવ એરપોર્ટના પેન્સેજર વિભાગમાં પ્લેન ઘુસાડી દેવાનો ફ્લાઈ દુબઈના કો-પાયલોટનો મનસુબો હતો

### યુએઈની તપાસમાં સનસનીખેજ ઘટસ્ફોટ થયા: કો-પાયલોટ ભયાનક આત્મઘાતી હુમલો કરવા જ ઉડ્ડયન ક્ષેત્રે પ્રવેશ્યો હતો

**અબતક, નવી દિલ્હી**

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને હવામાં જ હાઈજેક કરીને એરપોર્ટ પર ભયાનક આત્મઘાતી હુમલો કરવાનું કાવતરું સહેજમાં નિષ્ફળ રહ્યું છે. વિમાનના કો-પાઈલટે પેસેન્જર ટર્મિનલ સાથે પ્લેન અથડાવીને મોટા પાયે નરસંહાર સર્જવાનો ખતરનાક મનસૂબો ઘડ્યો હતો. જોકે, મુખ્ય પાઈલટ અને જાગૃત મુસાફરોએ સમયસૂચકતા દાખવી હવામાં જ તેને કાબૂમાં લઈ લેતા સેંકડો લોકોનો આબાદ બચાવ થયો હતો. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ની એજન્સીઓની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ઘાતક ષડયંત્રને પાર પાડવાના બદઈરાદા સાથે જ કાવતરાખોરે ઉડ્ડયન ક્ષેત્રની તાલીમ મેળવી હતી.

યુએઈના એટર્ની જનરલ હમદ સૈફ અલ શમ્સી દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, ૨૯ વર્ષીય કો-પાઈલટ હમામ અલ-હમ્મામી ૩૦ સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં કાર્યરત હતો. તેણે વિમાનનું સંપૂર્ણ નિયંત્રણ બળજબરીથી પોતાના હાથમાં લઈને ઈઝરાયલના મુખ્ય બેન ગુરિયન એરપોર્ટના ટર્મિનલ સાથે અથડાવવાનો પ્લાન બનાવ્યો હતો. અમેરિકામાં ૨૦૦૧માં થયેલા ૯/૧૧ના આતંકવાદી હુમલાની જેમ જ વિમાનનો હથિયાર તરીકે ઉપયોગ કરી મહત્તમ જાનહાનિ સર્જવાનો તેનો ઈરાદો હતો. પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે આ પ્રકારના આતંકી ઓપરેશનને અંજામ આપવાની ઘેલછાને કારણે જ તેણે પાઈલટ તરીકે કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો હતો.

તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૩૦ સપ્ટેમ્બરની આ ઘટના પહેલાં તેણે આ જ રૂટ પર બે વખત ઉડાન ભરી હતી. એરપોર્ટ અને સમગ્ર હવાઈ માર્ગની સંપૂર્ણ ભૌગોલિક રેકી કરવાના હેતુથી તે અગાઉ આ ફ્લાઈટ્સમાં સામેલ થયો હતો જેથી

(અનુ. આઠમા પાને)

### ઓમાન એરે કટ્ટરપંથી વિચારોને પગલે ફ્લાઈટ ટ્રેનિંગમાંથી હટાવ્યો હતો

આરોપીના ભૂતકાળની ચકાસણી દરમિયાન એરલાઈન્સ ક્ષેત્રે તેની શંકાસ્પદ કામગીરી સામે આવી છે. હમ્મામીએ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન ઓમાન એરમાં કામ કર્યું હતું, જ્યાં તેના કટ્ટરપંથી વલણ અને શંકાસ્પદ વિચારોને લીધે તેને ફ્લાઈટ ટ્રેનિંગમાંથી દૂર કરીને એરલાઈનમાં અન્ય કામગીરી સોંપવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં તેણે રોયલ એર મારોકમાં પણ ત્રણ મહિનાની ટ્રેનિંગ લીધી હતી, પરંતુ એરલાઈને તેને અંતિમ નોકરી માટે પસંદ કર્યો ન હતો.

### ફ્લાયદુબઈની સુરક્ષા ચકાસણી અને ભરતી પ્રક્રિયા તપાસના ઘેરામાં

જાન્યુઆરી ૨૦૨૬માં જ ફ્લાયદુબઈમાં સામેલ થયેલા આ કો-પાઈલટની ભરતી પ્રક્રિયા પર હવે ગંભીર સવાલો ઉઠ્યા છે. તપાસકર્તાઓએ જણાવ્યું કે ભરતી વખતે તેની પાસે પાઈલટ લાયસન્સ અને ગુડ કંડક્ટ સર્ટિફિકેટ સહિતની તમામ સુરક્ષા જરૂરિયાતો પૂર્ણ હતી તેમજ તેણે તમામ પરીક્ષાઓ પાસ કરી હતી. ભરતી દરમિયાન તેની કટ્ટરપંથી માનસિકતા કે ભૂતકાળના શંકાસ્પદ વલણ અંગે કોઈ સંકેત ન મળ્યા હોવાનું એરલાઈને જણાવ્યું છે, જેના પગલે એરલાઈન ક્ષેત્રે સ્ક્રિનિંગ પદ્ધતિ સામે મોટા પ્રશ્નાર્થ સર્જાયા છે.

ન્યુ રીનોવેટેડ લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

શું તમે કોઈ આવી તકલીફ થી પીડાવ છો ?
હરસ-મસા, ભગંદર, ફિશર ની સારવાર
વેદાંત
રોગ ની ગંભીરતા અનુસાર ઓપરેશન દ્વારા સચોટ નિદાન અને સારવાર
મોટી ટાંકી ચોક, રાજકોટ.

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ અ,લ,ઈ

રાજકીય ક્ષેત્રની વ્યક્તિ, જાહેર ક્ષેત્રના લોકો તેમજ સેલેબલ વ્યક્તિ માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ જણાશે. આ સપ્તાહ દરમિયાન અધૂરા રહી ગયેલા, ઉદ્યોગ-ધંધાના દસ્તાવેજી કામકાજ પૂરા થઈ જાય તેવી પૂર્ણ સંભાવના છે. શેરબજાર તથા વાયદા બજારના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયી નીવડે તેવી પૂરી શક્યતા. ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક તથા સેલ્યુલર સર્વિસીઝ એવમ ઈન્ટરનેટ સંબંધિત એકમના તમામ જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે તેવી પૂર્ણ સંભાવના છે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ ઉત્તમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, મહિલાકર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૬ ઓક્ટોબર સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ)

### વૃષભ બ,વ,ઉ

સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અપેક્ષા કરતા વધારે લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના છે. ખાનગી એકાઉન્ટન્સી, બેંક, વીમા કંપની જેવા એકમના જાતક માટે અનેકવિધ નવી તક મળવાની શક્યતા સાથે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડવાળું તથા હળવું સાનુકૂળ નીવડશે. વ્યાપાર ક્ષેત્રે છૂટક વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડવાળું તથા સરેરાશ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, વર્કિંગ વુમન માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૧૧ ઓક્ટોબર સામાન્ય જણાશે.

### મિથુન ક,છ,ઘ

ઈ-કોમર્સ પેકેજિંગ મટિરિયલ એવમ તેના પેકિંગ વેસ્ટના વ્યાપારિક એકમના જાતક એવમ ધાતુના સ્ક્રેપ તથા જૂની ચીજવસ્તુઓના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી રહેશે. કલા સંબંધિત તમામ એકમ તથા તેના એસોસિએટ એકમના જાતક માટે પણ આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે તથા નાના-મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. પરિવારમાં સુખ-શાંતિ યથાવત જણાશે. મહિલાકર્મી, ગૃહિણી, વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. ૧૩ ઓક્ટોબર મધ્યમ રહેશે.

### કર્ક ડ,હ

હેવી હ્યુજ કન્સ્ટ્રક્શન કંપની એવમ સિવિલ એન્જિનિયરિંગ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઈન્ડસ્ટ્રીયલ સ્ક્રેપ (ભંગાર)ના એકમ માટે આ સપ્તાહ લાભકારી પરંતુ અતિ ભાગદોડવાળું નીવડશે. આ સિવાયના અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામવાળું તથા ભારે વ્યસ્ત નીવડશે. પરિશ્રમવાળા વ્યાપારિક એકમના જાતક માટે અર્ધ-લાભદાયક સપ્તાહ છે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તેમજ મહિલાકર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧૪ ઓક્ટોબર સરેરાશ રહેશે.

### સિંહ મ,ટ

આ સપ્તાહ દરમિયાન તમામ વર્ગ તથા વિવિધ વિભાગ તથા વિવિધ પદના સરકારી કર્મચારી માટે ભારે દોડધામ થવાની સંભાવના સાથે બદલી, બરતરફી જેવા સંયોગોની પૂર્ણ સંભાવના. વૂડન ઉત્પાદના ઔદ્યોગિક એકમના જાતક તથા તેનાં વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ અને સરેરાશ રહે તેવી પૂર્ણ સંભાવના છે. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. પરિવારમાં મતભેદની શક્યતા છે. ગૃહિણી તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૬ તથા ૧૭ ઓક્ટોબર સાધારણ નીવડશે.

### કન્યા પ,ઠ,ણ

પરિશ્રમી વર્ગ એવમ કારીગર વર્ગ માટે આ આખું સપ્તાહ કામકાજથી અતિશય વ્યસ્ત એવમ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ દરમિયાન આવકના નવા સ્રોત મળશે તેવી પૂરી શક્યતા. આ સપ્તાહ દરમિયાન શક્ય હોય તો, કંઈ પણ ઉધાર (કરજ) અથવા ઉછીનું ન લેવું. ઉતાવળિયા લોકોએ થોડી ધીરજ રાખવી. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક પરંતુ ભારે દોડધામવાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી તથા મહિલાકર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૩ તથા ૧૫ ઓક્ટોબર મધ્યમ રહેશે.

### તુલા ર,ત

આ સપ્તાહ દરમિયાન અણધાર્યા લાભ મળશે તેવી પૂરી શક્યતા તથા અટકી કે અધૂરા રહી ગયેલ સરકારી દસ્તાવેજી કામકાજ પૂર્ણ થવાની પૂરી શક્યતા. રિયલ્ટી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. હેવી હ્યુજ મશીનરીથી ચાલતા ઔદ્યોગિક એકમ તથા તેના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા નાના-મોટા તમામ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. ગૃહિણી, મહિલાકર્મી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૫ ઓક્ટોબર સામાન્ય રહેશે.

### વૃશ્ચિક ન,ય

કેમિકલ એકમના જાતક તથા પ્રવાહી ખાદ્ય-પેય એવમ પ્રવાહી આહારના ઔદ્યોગિક એકમ તથા તેનાં વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. શિપિંગ એકમના જાતક તેમજ ફિશિંગ એકમના તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ અર્ધ-લાભકારી નીવડશે. મિત્ર તથા સ્નેહી દ્વારા સહકાર મળે તેવી સંભાવના છે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલાકર્મી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૭ ઓક્ટોબર સરેરાશ નીવડશે.

### ધન ભ,ફ,ધ,ઢ

સેલેબલ પર્સન, જાહેર ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. લોજિસ્ટિક એકમના જાતક તથા કુરિયર કાર્ગો એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. પ્રિન્ટ્સ, કાગળ, પ્રકાશન એકમના જાતક તથા સ્ટેશનરી, પેકિંગ મટિરિયલ્સ સંબંધિત ઔદ્યોગિક એકમ તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-મધ્યમ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. પરિવારજનો સાથે હળવો વિવાદ થાય તેવી શક્યતા. નિવૃત્ત, મહિલાકર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી નીવડશે. ૧૬ ઓક્ટોબર સામાન્ય નીવડશે.

### મકર ખ,જ

સ્વગૃહી અથવા ઉચ્ચસ્થ શુક્રવાળા જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભકર્તા નીવડશે તેવી પૂરી શક્યતા. સ્થાનફેર તથા લાંબા પ્રવાસ થવાની શક્યતા. વિદેશ રહેતા જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. હેવી મશીનરીના ઔદ્યોગિક-વ્યાપારિક એકમના જાતક તેમજ હેવી વ્હીકલ્સ, ટ્રાન્સપોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. મહિલાકર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૩ ઓક્ટોબર અર્ધ-મધ્યમ રહેશે.

### કુંભ ગ,શ,ષ

હોટેલ, રિસોર્ટ, સ્પા, રેસ્ટોરાં જેવા એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે તેવી પૂર્ણ સંભાવના. તેમજ પેકિંગ ફૂડ પ્રોડક્ટના ઔદ્યોગિક એકમના જાતક તથા તેનાં વ્યાપારિક એકમના જાતક, તદુપરાંત ફેબ્રિકના વ્યાપારિક એકમના જાતક તથા હર્બલ પ્રોડક્ટના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભકારી નીવડશે. અન્ય ઔદ્યોગિક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ જણાશે. નાના તથા છૂટક વ્યાપારિક એકમના જાતક માટે હળવી દોડધામ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ આંશિક લાભદાયક જણાશે. પરિવારમાં સુખ-શાંતિ યથાવત રહેશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલાકર્મી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. કેવળ, ૧૩ ઓક્ટોબર સાધારણ નીવડશે. (પન્નોતિનો ઉપાય, શ્રમદાન)

### મીન દ,ચ,ઝ,થ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ તથા સેલેબલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. હોટેલ, રિસોર્ટ, રેસ્ટોરાં, ઈવેન્ટ મેનેજમેન્ટ, કેટરિંગ સર્વિસીઝ, ટૂર એન્ડ ટ્રાવેલ એજન્સીઝ જેવા એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે તેવી પૂરી શક્યતા. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ ભારે વ્યસ્ત નીવડશે. કાયદો-વ્યવસ્થા તંત્રના તમામ વિભાગના કર્મચારી/અધિકારીઓ તથા ધારાશાસ્ત્રીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. કુટુંબ-પરિવારમાં સુમેળ યથાવત રહેશે. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૨ તથા ૧૩ ઓક્ટોબર સરેરાશ જણાશે. (પન્નોતિનો ઉપાય, દાન + અભ્યંગ સ્નાન)

## લોક સંસ્કૃતિના સૂર, ગરબાના તાલ અને માતાજીની આરાધનાનો મહિમા

# પ્રાચીન ગરબાની પરંપરા, અર્વાચીન તાલની રંગત: કાઠિયાવાડમાં ભક્તિ અને શક્તિનો સંગમ

## આજના ગરબા, નૃત્યની જૂની પરંપરાનાં રાસ, દાંડિયા રાસ, ગોફ, મટકી, ટિપ્પણી જેવા વિવિધ પ્રકારોમાંથી આવ્યા છે: ૧૭૨૧મા ભાણદાસજીએ રચેલી ગરબી અને ૧૭૮૦ માં વલ્લભ મેવાડાએ ગરબો રચ્યો હતો : કાણાવાળી મટકીની અંદર જ્યોત મૂકીને કરાયેલા દીવાઓને પણ ગરબો કહે છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

લય પરંપરાનો, રંગ આધુનિકતાનો, ગરબીથી અર્વાચીન દાંડિયા રાસની આપણી સાંસ્કૃતિક સફર છે. ગરબો એ બ્રહ્માંડનું પ્રતીક ગણાય છે. કાઠિયાવાડના આભૂષણ ગણાતા રાસ ગરબાની રમઝટ બોલાવતા નવરાત્રી તહેવારનો કાલથી પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે યુવા ધનમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે દાંડિયા રાસના વિવિધ અર્વાચીન આયોજનોનું ભપકાદાર આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં આપણા કાઠીયાવાડી ગરબાઓ ખૂબ જ પ્રસિદ્ધ છે. કાઠીયાવાડની નવરાત્રી એટલે નવ દિવસ ચાલતો વિશ્વનો સૌથી લાંબામાં લાંબો અનેરા ઉત્સાહ સાથેનો આનંદોત્સવનો તહેવાર છે.

કાઠીયાવાડમાં અર્વાચીન દાંડીયારાસ સાથે ચાર ચોક વચ્ચે થતી પ્રાચીન ગરબીઓની પણ બોલબાલા છે. જૂના જમાનાથી ચાલી આવતી પ્રાચીન ગરબીઓ આજે પણ ઓલ ટાઈમ ફેવરીટ હોય છે. ઘણા શહેરો-ગામડાંઓમાં છેલ્લાં ૧૦૦ કે ૧૫૦ વર્ષથી ગરબી યોજાતી હોવાનું પણ જાણવા મળે છે. રાજકોટની ગરૂડની ગરબી જોવા તો લોકો બહાર ગામથી પણ આવે છે. આપણાં પ્રાચીન ગરબાઓ, ગાયક વૃંદો, સંગીતના તાલે અદ્યતન સાઉન્ડ સિસ્ટમમાં યોજાતી હોયને, નયનરમ્ય લાઈટીંગ નઝારો પણ ગરબીની શોભાને ચાર ચાંદ લગાવતો હોય છે. ગુજરાતી આસો મહિનામાં આવનાર શરદ ઋતુની શરદીય નવરાત્રી આપણાં હિન્દુ ધર્મમાં અનોખું મહત્વ ધરાવે છે. નવ દિવસ સુધી માતા દુર્ગાના અલગ-અલગ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. આપણાં પૌરાણિક શાસ્ત્રો મુજબ પ્રચતિલ કથા મુજબ દુર્ગા માતાના મહિસાસુરનો વધ કરવાની છે. નવ દિવસ પૂર્ણ થાય તે દિવસે ચાચર ચોકમાં હવન કરાય છે અને બીજા દિવસે દશેરાની ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસની પૂજામાં શૈલપુત્રી, બ્રહ્મચારીણી, ચંદ્રઘટા, કુશમંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી, સિધ્ધી દાત્રી જેવા સ્વરૂપોની પુજા કરવામાં આવે છે.

હિન્દુઓનો સૌથી મોટો ઉત્સવ ગણાય છે, જેમાં શક્તિની પૂજા અને ગરબા કરવામાં આવે છે. સંસ્કૃત અને ગુજરાતીમાં નવરાત એટલે નવરાત્રી. નવરાત અને દશ દિવસ દરમ્યાન મા શક્તિ દેવીના વિવિધ નવ સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. આ નવરાત્રી દરમ્યાન ગરબા-પૂજા, ઉપવાસ, પ્રાર્થના કરાય છે. આસો સુદ એકમ (પડવા)થી શરૂ કરીને નોમ સુધી આ તહેવાર ચાલે છે. આ દિવસોમાં હિન્દુ લોકો નવદુર્ગાનું વ્રત-સ્થાપના અને દેવીનું આહવાન તથા પૂજન કરે છે. મા દુર્ગાના વિવિધ નવ સ્વરૂપોના દર્શન કરવાની પરંપરા આદીકાળથી ચાલી આવી છે. આ દિવસોમાં વસંત અને



પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત સાથે સૂર્યનો પ્રભાવ રહે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતિક છે. દશેરા એટલે દશ દિવસ તેથી જ નવરાત્રી બાદ દશેરા આવે છે તે દિવસે મીઠાઈ ખાવાનું ચલણ આપણી પરંપરા છે. આપણાં પૌરાણિક શાસ્ત્રો મુજબ વર્ષમાં ચાર વાર નવરાત્રી આવે છે જેમાં વસંત, શરદ, પુષ્ય અને અષાઢ નવરાત્રી હોય છે જેમાં આસો મહિનાની શરદ નવરાત્રીનું વિશેષ મહત્વ હોય છે. વસંત કાળમાં વસંત નવરાત્રીનું પણ મહત્વ સવિશેષ છે. દેવીની પૂજા પ્રદેશની પરંપરા પર આધારિત હોય છે. દુર્ગા જે અપ્રાપ્ય છે તે ભદ્રકાલી, અન્નપૂર્ણા, સર્વ મંગલા, ભૈરવી, ચંદ્રિકા કે ચંડી, લલીતા, ભવાની અને મોકામ્બિકા જેવા દેવીઓ હોય છે. તામિલનાડુંમાં નવરાત્રીના દિવસોમાં દુર્ગાના વિવિધ સ્વરૂપો દર્શાવાય છે. સમગ્ર દેશમાં સૌથી શ્રેષ્ઠ નવરાત્રી ઉજવણી ગુજરાતમાં થાય છે. શરદ નવરાત્રિ ઉત્સવ માટે અને ચૈત્રી નવરાત્રી વ્રત-તપ માટે વધુ જાણિતી છે. ઉત્તર ભારતમાં તમામ ત્રણ નવરાત્રીઓમાં નવ દિવસોના ઉપવાસ અને દેવી દેવતાઓના વિવિધ સ્વરૂપોની પૂજા થાય છે. હિમાચલ પ્રદેશમાં કુલુનો દશેરા ખૂબ જ પ્રખ્યાત છે. પૂર્વ ભારતમાં શરદ નવરાત્રીના છેલ્લા ચાર દિવસોને બંગાળના રાજ્યમાં વિશેષ રીતે ઉજવવામાં આવે છે. દુર્ગા માતાની મોટી મૂર્તિઓ કે જેમાં મહિસાસૂરનો વધ કરતાં દર્શાવાય છે. આપણે ત્યાં ગરબી કે દાંડીયા રાસ સાથે લોકનૃત્ય પણ આ દિવસોમાં થાય છે. કેરળમાં અંતિમ ત્રણ દિવસોની ઉજવણીનું મહત્વ છે. વિજયા દશમીનો તહેવાર બાળકોને જ્ઞાન આરંભ કરવાનો દિવસ હોવાથી તેને વિદ્યા આરંભ પણ કહેવાય છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં નવ દિવસના તહેવારને બથુકામ્મા નામનો ઉત્સવ કરે છે. આઠમા કે નવમાં દિવસે કન્યા પૂજામાં કુમારીકાઓની પૂજા કરાય છે. નવરાત્રી સુધી અખંડ દિવાનું નવરાત્રીમાં અનેરૂ મહત્વ છે. દક્ષિણ ભારતમાં શિક્ષકો શાળાઓમાં બાળકોને વિજયા દશમીથી ભણાવવાનું શરૂ કરે છે.

### ગરબાના ૨૭ છિદ્રોનું રહસ્ય

આપણી લોકસંસ્કૃતિનું પ્રતીક ગરબો છે, ગરબો એ બ્રહ્માંડનું પણ પ્રતીક ગણાય છે. ગરબામાં ૨૭ છિદ્ર હોય છે. ૯ ની ૩ લાઈન એટલે ૨૭ છિદ્ર, જે ૨૭ નક્ષત્ર ગણાય છે. એક નક્ષત્રને ચાર ચરણ હોવાથી ૨૭ ×૪=૧૦૮ થાય તેથી, નોરતામાં ગરબાને વચ્ચે રાખીને ૧૦૮ વખત ગરબી રમવાથી બ્રહ્માંડની પ્રદક્ષિણાનું પુણ્ય મળે છે.

મહિષાસુર વધ ઉપરાંત રામ-રાવણના નવ દિવસ ચાલેલા યુધ્ધના વિજય બાદ રાવણના વધની ખુશી રૂપે દશેરાની ઉજવણી કરાય છે. આ દિવસે રાવણના પૂતળાનું દહન પણ કરવામાં આવે છે. નવરાત્રી એક ઉપાસના, આરાધનાનો તહેવાર છે.

નવરાત્રી શબ્દ સાંભળતા આપણે ગોળ રાઉન્ડમાં ગરબે ઘુમતી કન્યાઓનું દ્રશ્ય આંખો સમક્ષ દેખાય છે. ગરબા રમવા એ જ દુર્ગા માતા પ્રત્યે આપણી શ્રધ્ધાનું એક રૂપ છે. નવરાત્રીમાં જ્યાં ગરબી સ્થાપના કરાય ત્યાં પાંચ ગરબા તો રમવા જ પડે છે. ચાર નવરાત્રી પૈકી બે નવરાત્રી ગુપ્ત નવરાત્રી હોય છે. જે મહા અને અષાઢ માસમાં આવે છે. ચૈત્રી નવરાત્રીનું વિશેષ મહત્વ છે કારણ કે હિન્દુ પંચાગ અનુસાર ચૈત્રી નોરતાના પ્રથમ દિવસથી જ હિન્દુ નવ વર્ષ એટલે કે નવ સંવત્સરનો પ્રારંભ થાય છે.

## અબતક પંચાગ

### તા.૧૧-૧૦-૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુભ એકમ શરદ નવરાત્રી પ્રારંભ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** વૈધૃતિ **કરણ:** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૬.૪૩ **સુર્યાસ્ત:** ૬.૨૫
**ચંદ્ર રાશી** કન્યા સવારે ૧૦.૦૫ થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા**
ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા**
શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૫૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૫ | | | | | |
| ૫ | | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | | | | ૬ |
| | | | | | | | | |
| | ૯ | | | ૨ | | | ૬ | |
| | | ૧ | | | ૪ | ૭ | | |
| ૮ | | | | | | | | |
| | | | ૧ | ૮ | ૫ | ૩ | | ૨ |
| | ૩ | | | | | | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૯૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૬ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૫ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૧૦-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (કરશનદાસ પે એન્ડ યુઝ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (લૌકી કોફતા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિકુમાર પટેલ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૧૦-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેક્સિકન રાઈસ)+(માર્ગરીટા પીઝા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. નિસર્ગ ઠક્કર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૨-૧૦-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## તા.૧૧/૧૦ ને રવિવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, આસો સુદ એકમ, ચિત્રા નક્ષત્ર, વૈધુતિ યોગ, બવ કરણ આજે સવારે ૧૦.૦૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે.સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.

**સિંહ (મ,ટ) :** રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.

**તુલા (ર,ત) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય) :** ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે,અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** કામકાજ માં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

### ચોગ્ગા–છગ્ગાની રમઝટ બોલાવતા ગ્રાઉન્ડમાં સતત બીજા વર્ષે ગરબાના તાલ ગૂંજશે

# માધવરાવ સિંધિયા ગ્રાઉન્ડમાં કાલથી નવ દિવસ 'અબતક સુરભી રાસોત્સવ' ખેલૈયાઓને ડોલાવશે

## 'અબતક સુરભી રાસોત્સવ' પોતાના સફળતાપૂર્વક ૧૯મા વર્ષમાં પદાર્પણ કરી રહ્યું છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરક્ષા, શિસ્ત અને શ્રેષ્ઠ આયોજનની પરંપરાને જાળવી રાખીને આ રાસોત્સવ એક નવો ઈતિહાસ રચવા સજ્જ

## તમામ તૈયારીઓને આખરી ઓપ અપાયોઃ ખેલૈયાઓને ઉમળકાભેર આવકારવા 'અબતક-સુરભી' પરિવાર આતુર

### કાલથી નવ દિવસ ખ્યાતનામ કલાકારો ખૈલૈયાઓને કરશે ઓળઘોળ

**અબતક, રાજકોટ**

કાલથી માઁના નવલા નોરતાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે નવરાત્રિના પવિત્ર અને ભવ્ય પર્વની ઉજવણી માટે ખેલૈયાઓમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના ઐતિહાસિક અને પ્રખ્યાત એવા માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સતત બીજા વર્ષે 'અબતક સુરભી રાસોત્સવ'નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જયાં ભૂતકાળમાં આંતરરાષ્ટ્રીય મેચો દરમિયાન ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલતી હતી, તે જ લીલાછમ ગ્રાઉન્ડમાં કાલથી સતત નવ દિવસ ગરબાના તાલ, ટ્રેડિશનલ રાસ અને ખેલૈયાઓના ગરબા સ્ટેપ્સથી ગુંજી ઊઠશે. આ વર્ષે 'અબતક સુરભી રાસોત્સવ' પોતાના સફળતાપૂર્વક ૧૯મા વર્ષમાં પદાર્પણ કરી રહ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરક્ષા, શિસ્ત અને શ્રેષ્ઠ આયોજનની પરંપરાને જાળવી રાખીને આ રાસોત્સવ એક નવો ઈતિહાસ રચવા જઈ રહ્યો છે. રાજકોટના ખેલૈયાઓ માટે આ માત્ર રાસોત્સવ નથી, પરંતુ પરંપરા, સંસ્કૃતિ,







સ્વાદ અને આધુનિક ટેકનોલોજીનો અદ્ભુત સમન્વય ધરાવતી એક વર્લ્ડ-કલાસ પ્રીમિયમ નવરાત્રી છે.

'અબતક સુરભી'નો એકમાત્ર ધ્યેય છે કે આ વર્ષનો રાસોત્સવ ખેલૈયાઓ અને દર્શકો માટે અવિસ્મરણીય અને અદ્ભુત અનુભવ બની રહેશે.'અબતક સુરભી રાસોત્સવ' એ માત્ર ગરબાનું આયોજન નથી, પરંતુ વર્ષોથી દીકરીઓ માટે સપનાની નવરાત્રી સમાન બની રહ્યો છે.દીકરીઓ કોઈ પણ જાતની ચિંતા વગર મુક્ત મને અને સુરક્ષિત વાતાવરણમાં ગરબે ઘૂમી શકે તે માટે આયોજકો દ્વારા દર વર્ષે વિશેષ અને કડક વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે પણ સુરક્ષા અને સુવિધાઓના ઉચ્ચ ધોરણો જાળવી રાખીને ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે.ગ્રાઉન્ડના પ્રવેશદ્વારથી લઈને સમગ્ર પરિસરમાં અનુભવી બાઉન્સર્સ અને સિક્યુરિટી સ્ટાફ ખડે પગે તૈનાત રહેશે.ગ્રાઉન્ડના ખૂણે-ખૂણા પર નજર રાખવા માટે હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરાનું નેટવર્ક ગોઠવવામાં આવ્યું છે, જેનું કંટ્રોલ રૂમ દ્વારા સતત મોનિટરિંગ થશે.દરેક દીકરી પોતાના મનપસંદ પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને નિશ્ચિંત બની ગરબાની રમઝટ બોલાવી શકે, તે જ 'અબતક સુરભી રાસોત્સવ'ની મુખ્ય ઓળખ છે. સુરક્ષાના આ જ ભરોસાને કારણે દર વર્ષે હજારો દીકરીઓ અને તેમના પરિવારો આ રાસોત્સવને પોતાની પહેલી પસંદગી બનાવે છે.આ વર્ષનો સુરભી રાસોત્સવ માત્ર પરંપરાગત ગરબા અને રાસની ઉજવણી નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજીનો સમન્વય પણ લઈને આવે છે. ભવ્ય સ્ટેજ, શકિતશાળી સાઉન્ડ સિસ્ટમ અને આકર્ષક લાઈટ ડેકોરેશન આ નવરાત્રીને એક નવું રૂપ આપશે.





### ૧૨ વાગ્યા બાદ ખેલૈયાઓ માટે નવલું નજરાણું 'બેક સ્ટેજ પ્રોગ્રામ'ની વણઝાર

રાજકોટના 'અબતક સુરભી રાસોત્સવ'માં આ વર્ષે નવી પેઢીને જૂની સંસ્કૃતિ સાથે જોડવાના ખાસ પ્રયાસરૂપે એક અનોખું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ નોરતે રાસ-ગરબાની રમઝટ બાદ રાત્રે પ્રસિદ્ધ 'નકલંક નેજાધારી રામામંડળ તોરણીયા' ના કલાકારો દ્વારા ભવ્ય આખ્યાન અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે.આયોજકો દ્વારા કોમેડી, મસ્તી અને યાદોં ભરી રાત થીમ હેઠળ એક ખાસ 'બેકસ્ટેજ પરફોર્મન્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. બીજા નોરતે એટલે કે ૧૨ ઓક્ટોબરે રાતે ૧૨ વાગ્યા પછી ગુજરાતના સુપ્રસિદ્ધ અને પદ્મશ્રી વિજેતા હાસ્ય સમ્રાટ શાહબુદ્દીન રાઠોડ અને જાણીતા લોકસાહિત્યકાર તથા હાસ્ય કલાકાર હકાભા ગઢવી પોતાના અનોખા અંદાજમાં લોકોને હસાવીને લોટપોટ કરશે. ત્રીજા નોરતે મંડળી ગરબા. ચોથા નોરતે ફ્યુઝન જેમિંગ, પાંચમા નોરતે મંડળી ગરબા, છઠા નોરતે ફ્યુઝન જેમિંગ, સાતમા નોરતે મંડળી ગરબા, આઠમા નોરતે ફ્યુઝન જેમિંગ અને નવમા નોરતે મંડળી ગરબા યોજાશે. મુખ્ય ગરબા પૂર્ણ થયા બાદ શરૂ થનારા આ આયોજનમાં લોકનાટ્ય, હાસ્ય દરબાર, પરંપરાગત સંગીત અને આધુનિક ફ્યુઝન મ્યુઝિકનો બહેતરીન સંગમ જોવા મળશે.

### પ્રિમીયમ 'ગઝેબો સીટીંગ' પરિવાર સાથે માણો ગરબાની રમઝટ

રાજકોટના માધવરાવ સિંધિયા ગ્રાઉન્ડ ખાતે યોજાનાર 'અબતક સુરભી રાસોત્સવ ૨૦૨૬' માં આ વર્ષે ગરબા રસિકો અને પરિવારો માટે એક વિશેષ આકર્ષણ ઉમેરાયું છે. દીકરી માટે એક ખાસ જગ્યા, પરિવાર માટે એક યાદગાર અનુભવના સંકલ્પ સાથે આયોજકો દ્વારા ગરબાની રંગત વચ્ચે પરિવાર સાથે ખાસ સમય વિતાવવા માટે 'એક્સક્લુઝિવ ગઝેબો સીટીંગ'નો પ્રાઈવેટ અને પ્રીમિયમ અનુભવ ઉમેરવામાં આવ્યો છે. દરેક ગઝેબો 30/૫૦ ની વિશાળ સાઈઝમાં ખાસ ડિઝાઈન કરવામાં આવ્યો છે.એક ગઝેબોમાં ૧૫ વ્યક્તિઓ આરામદાયક રીતે બેસી શકે તેવી સર્ક્યુલર બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ગઝેબો માટે એક બાઉન્સર તૈનાત રહેશે, જેથી પરિવાર સંપૂર્ણ સુરક્ષિત માહોલમાં ઉત્સવ માણી શકે.

### માત્ર ગરબા નહીં... સ્વાદનો પણ રાસ પીરસાશે!

રાજકોટના પ્રસિદ્ધ માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે 'અબતક સુરભી રાસોત્સવ ૨૦૨૬' માં આ વર્ષે ખેલૈયાઓ અને ગરબાપ્રેમીઓ માટે માત્ર રાસ-ગરબા જ નહીં, પરંતુ એક અનોખો સ્વાદિષ્ટ અનુભવ પણ જોવા મળશે. આયોજકો દ્વારા આ મહોત્સવમાં ''માત્ર રાસ નહીં... સ્વાદનો પણ રાસ પીરસાશે!'' થીમ સાથે શાનદાર પ્રીમિયમ કેટરિંગનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના ગરબા ઈવેન્ટમાં ક્યારેય ન અનુભવ્યો હોય તેવો શ્રેષ્ઠ કેટરિંગ અનુભવ આપવા માટે જાણીતા ''હાઉસ ઓફ ફ્યુઝન''ને ઓફિશિયલ કેટરિંગ પાર્ટનર બનાવવામાં આવ્યા છે. નવરાત્રી દરમિયાન રાસ-ગરબાની ધમાકેદાર મોજ માણ્યા બાદ ખેલૈયાઓ અને મુલાકાતીઓ માટે સૌરાષ્ટ્રનો સૌથી ખાસ કેટરિંગ એક્સપિરિયન્સ આ વર્ષના અબતક સુરભી રાસોત્સવને વધુ ભવ્ય અને યાદગાર બનાવશે.

Premium Rajnigandha®
Presents
અબતક SURBHI MIRCHI Rock n Dhol
Powered by PULSE
Electrified by HAVELLS
Beverages Partner PEPSI
In Association asianpaints
In Association IndianOil
Partnered by CROPINO
Fashion Partner TRENDS
Creative Partner ASHAPURA Admedia Pvt Ltd
Date: 11th - 19th October 2026
Venue: Madhavrao Scindia Cricket Ground, Rajkot
MIRCHI
gaana

## વિકાસની સાથે સંવેદનાનો અનોખો સેતુ

# સદભાવના વૃદ્ધાશ્રમના ઓડિટોરિયમનું ઉદઘાટન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ






## વૃદ્ધાશ્રમના વડીલોના ખબર અંતર પૂછ્યા સાથે આત્મીય સંવાદ કર્યો: સદભાવના સેવા ફાઉન્ડેશન દ્વારા રૂ. ૧૨ કરોડના ખર્ચે તૈયાર ઓડિટોરિયમ તમામ સામાજિક કાર્યક્રમો માટે કાયમી ધોરણે નિઃશુલ્ક અપાશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે તેમની રાજકોટ મુલાકાત દરમિયાન રાજકોટના મોટા રામપર ગામે સદભાવના સેવા ફાઉન્ડેશન સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ વડીલોને અપાતી હૂંફસભર સુવિધાઓ નિહાળી હતી. મુલાકાત બાદ મુખ્યમંત્રીના હસ્તે સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે તૈયાર કરવામાં આવેલા ઓડિટોરિયમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.આ અવસરે મુખ્યમંત્રીએ વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે આત્મીયતા ભર્યો સંવાદ કર્યો હતો. વડીલોના ચહેરા પર છવાયેલી પ્રસન્નતા અને મુખ્યમંત્રીના માયાળુ સ્વભાવે ઉપસ્થિતોના હૃદય સ્પર્શી લીધા હતા.આ તકે સદભાવના વૃદ્ધાશ્રમના સંચાલક મંડળે સંસ્થાના આગામી આયોજન અંગે મુખ્યમંત્રીને વિગતો પણ આપી હતી. અત્રે નોંધનીય છેકે, રાજકોટ-જામનગર હાઈવે, પડધરી પાસે, મોટા રામપર ગામે સદભાવના સેવા ફાઉન્ડેશન દ્વારા રૂ.૧૨ કરોડના ખર્ચે ૧,૦૦૦ વ્યક્તિઓની બેઠક ક્ષમતાવાળું ઓડિટોરિયમ તૈયાર કરવામાં આવ્યું છે, જે સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમો અર્થે સૌ કોઈ માટે કાયમી ધોરણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ અવસરે શ્રમ અને ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી જીતુભાઈ વાઘાણી, મેયર ડૉ. નેહલભાઈ શુક્લ, ધારાસભ્ય સર્વ ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ સહિતના પદાધિકારીશ્રીઓ, રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય, રાજકોટ મહાનગર પાલિકા કમિશનર તુષાર સુમેરા, રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. જગદીશ બાંગરવા, નિવાસી અધિક કલેક્ટર જય બારોટ સહિતના વરિષ્ઠ અધિકારી, સદભાવના વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી- અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાજી મંદિરે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી દર્શન કરી ધન્યતા અનુભવી



**અબતક, રાજકોટ**

રાજકોટવાસીઓના દુઃખ દૂર કરતા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) એક વિશેષ મુલાકાત યોજાઈ હતી. રાજ્યના કેબિનેટ મંત્રી અને રાજકોટ પ્રભારી જીતુભાઈ વાઘાણી તેમજ ભાજપના અગ્રણી નિતિનભાઈ ભારદ્વાજ ખાસ સમય ફાળવીને શ્રી બાલાજી હનુમાનજી મંદિરે દર્શનાર્થે પધાર્યા હતા.

બંને મહાનુભાવોએ અત્યંત ભક્તિભાવપૂર્વક બાલાજી દાદાના દિવ્ય સ્વરૂપના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. બાલાજી મહારાજના ચરણોમાં શીશ નમાવીને તેમણે રાજ્ય અને સમાજની સુખાકારી, સમૃદ્ધિ તથા સર્વાંગી વિકાસ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી. દાદા બાલાજી મહારાજની કૃપા સૌના જીવનમાં સદાય સુખ, શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિ વરસાવતી રહે તેવી મંગલકામના વ્યક્ત કરી બંને આગેવાનોએ પરમ ધન્યતા અનુભવી હતી.

આ મંગલ અવસરે મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા મંત્રી જીતુભાઈ વાઘાણી અને નિતિનભાઈ ભારદ્વાજનું પુષ્પહાર પહેરાવીને ભાવભર્યું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજ્ય સંતોએ બંને આગેવાનોને રાષ્ટ્ર અને સમાજ સેવાના કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગતિ મળે તેવા વિશેષ આશીર્વાદ અને પ્રસાદ પાઠવ્યા હતા.

# પ્રદેશ ભાજપના નવનિયુકત સહસંગઠન મહામંત્રી અરૂણ બીન્નાડીનું કરાયું ઉષ્માભેર સ્વાગત

## જિલ્લાની પ્રથમ સંગઠનાત્મક પરિચય બેઠકમાં ભાજપ કાર્યકર્તાઓએ આવકાર્યા



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપાના સહ-સંગઠન મહામંત્રી અરુણ બીન્નાડીજીના રાજકોટ જીલ્લાની પ્રથમ સંગઠનાત્મક પરિચય બેઠકમાં સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, રાજકોટ જીલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ જીલ્લા ભાજપની જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયા, વલ્લભભાઈ ઝાપડિયા, જીલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, કારોબારી ચેરમેન નરશીભાઈ સોજીત્રા તથા ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા દ્વારા કમલમ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ પરિચય બેઠકમાં જીલ્લા ભાજપના હોદેદારો, મંડલના પ્રભારીઓ, જીલ્લા મોરચાના પ્રભારીઓ, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહીતના જીલ્લાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત પ્રદેશ ભાજપના સહ-સંગઠન મહામંત્રી અરુણ બીન્નાડીજીએ ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતુ કે, ભારતીય જનતા પાર્ટીએ બહુ જ સંઘર્ષ કરીને જે મેળવ્યું છે તેના પર થોડું ધ્યાન રાખવાની જરૂર છે. આપણી અગાઉની પેઢીએ બહુ સંઘર્ષ કર્યો છે. જો કે વર્તમાન પેઢીને સંઘર્ષ ઓછો કરવો પડે છે, એનો મતલબ એવો નથી કે આપણી અગાઉની પેઢીએ જે સંઘર્ષ કર્યો છે તે ભૂલી જવો જોઈએ.જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયા તથા વલ્લભભાઈ ઝાપડિયા જણાવ્યું હતુ કે, ભાજપામાં કાર્યકર્તા નિર્માણ-ઘડતરનો ભાગ છે અને એકતાની ભાવનાથી હંમેશા કામ કરતા હોય છે. ભારતીય જનતા પાર્ટી વ્યક્તિવાદ નહી, પાર્ટીવાદ, રાષ્ટ્રવાદમાં માને છે. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાજ રાજેશભાઈ ગોંડલીયા, સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકી, કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવે છે.

# ભાવચંદ્રજી સ્વામી એકાંત મૌન સાધનાની અનુમોદનામાં ૩૨ દંપત્તિએ શીલવ્રત ગ્રહણ કર્યો



**અબતક, રાજકોટ**

જગતને નજરમાં રાખી જીવે તે બહિરાત્મા છે, જગતપતિને નજરમાં રાખીને જીવે તે અંતરાત્મા છે. જ્યારે જાતને નજરમાં રાખીને જીવે તે પરમાત્મા છે. જાતને જોવાની, જાતને ધોવાનીને જાતને જાણવા મૌન અનિવાર્ય છે. મૌન એ જ આત્મ ઉર્જાને સક્રિય કરે છે. ગચ્છાધિપતિ આચાર્ય સાધના સમ્રાટ ગુરૂદેવ ભાવચંદ્રજી સ્વામી અને ડો.ચિંતનચંદ્રજી સ્વામી આવતીકાલ તા.૧૧/૧૦થી આસો માસની પૂર્ણાહૂતિ સુધી એકાંત મૌન સાધનામાં બિરાજમાન થશે. તેની અનુમોદના ભાવવંદનાના કાર્યક્રમમાં ૩૧ દંપતિએ એક મહિનાનું બ્રહ્મચર્ય વ્રત - શીયલવ્રત લઈને શુભ શુકન પ્રતિક અને સાધનાના વિવિધ ઉપકરણ અર્પણ કરી. શુભેચ્છાના શબ્દો સાથે મંત્ર જાપ કર્યા હતા.

આચાર્ય ભાવચંદ્રજી સ્વામી લગાતાર ૨૮મી આસો મહિનાની મૌન આત્મ સાધના કરવાની આ ૨૮માં વર્ષની શરૂઆત અજરામર સ્થાનકવાસી જૈન સંઘ - રાજકોટમાં આજે ભાવ ભક્તિમય વાતાવરણમાં દરેક દંપતિનો માતુશ્રી હસુમતીબેન પરસોત્તમભાઈ દોશી સરાવાળાએ અનુમોદનાનો લાભ લીધો હતો. તો એક મહિના સુધી માંગલિક તપરૂપ આયંબિલ કરાવવાનો લાભ સાધર્મિક ભક્તિદાતા રાયબેન જશુભાઈ આહિર પરિવારે લીધેલ છે. સંઘ પ્રમુખ મધુકાંતભાઈ ખંધાર તથા પૂ.ઉજાશકુમારી મહાસતીજીએ પ્રાસંગીક શુભેચ્છા આપી હતી.

અજરામર ઉપાશ્રયમાં આવતીકાલથી નવ દિવસ નવરાત્રિના નવગ્રહની મંત્ર સાધના સવારે ૮ થી ૯ રાખેલ છે. જેમાં દરેક ભાવિકોને સફેદ વસ્ત્રમાં આવવા અનુરોધ કરેલ છે. એક જ સ્થાન, એક જ આસન, એક જ સમય, એક મંત્ર ધ્યાનનું આ વિશિષ્ટ અનુષ્ઠાન રાખેલ છે. ચોવીસ તીર્થંકરની ભક્તિ સ્વરૂપ આ નવગ્રહ આરાધનામાં નાના-મોટા તમામ પરિવારને મનની શાંતિ, અશુભની નિવૃત્તિ અને શુભ પ્રવૃત્તિ આ ઉપાસનાના દિવસોમાં આધ્યાત્મિક ઉર્જા પ્રાપ્ત કરાવશે. એવું પૂ.વિમલચંદ્રજી સ્વામીએ જણાવેલ છે.

# કેપ્ટન સ્મિતની બહાદુરી પર વિપક્ષનું મૌન શરમજનકઃ પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ઈઝરાયલના વડાપ્રધાન દ્વારા પાયલટ કેપ્ટન સ્મિતનું સન્માન દેશનું ગૌરવ, છતાં વિપક્ષી નેતાઓની ચૂપકીદી સામે માજી મંત્રીના સવાલ



**અબતક, રાજકોટ**

ફ્લાય દુબઈ વિમાન ઘટના બાદ ઈઝરાયલમાં સ્થાનિક નાગરિકો દ્વારા માઈક્રોફોન મૂકી સામાન્ય લોકોને પોતાના વિચારો વ્યક્ત કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ દરમિયાન લોકોએ મુક્તકંઠે સ્વીકાર્યું હતું કે ભારતીય પાયલટ કેપ્ટન સ્મિતની અદભુત બહાદુરી અને સમયસૂચકતાના કારણે જ ૧૭૪ નિર્દોષ નાગરિકોના જીવ બચી શક્યા છે. દરેકના હૃદયને સ્પર્શી ગયેલી આ બહાદુરી બાદ સમગ્ર ઈઝરાયલ ભારતીય પાયલટનું ઋણી બન્યું છે. આ અહેસાનનું ઋણ ચૂકવવા માટે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ઈઝરાયલી સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વૈશ્વિક હીરો બનેલા કેપ્ટન સ્મિતને ખાસ આમંત્રણ પાઠવ્યું છે. આ સાથે જ, કેપ્ટન સ્મિતને સામાન્ય રીતે માત્ર સ્થાનિક નાગરિકોને જ અપાતો વિશિષ્ટ એવોર્ડ આપવાની પણ જાહેરાત કરાઈ છે, જે દરેક ભારતીય માટે અત્યંત ગૌરવ અને સન્માનની બાબત છે. આ વૈશ્વિક ગૌરવ વચ્ચે ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિપક્ષની ભૂમિકા સામે સવાલો ઉઠાવતા શરમજનક ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આવી વિરલ અને દેશનું નામ રોશન કરતી ઘટના અંગે દેશના વિપક્ષી નેતાઓ મૌન સેવી રહ્યા છે. કેપ્ટન સ્મિતની આ બહાદુરીમાં ભાજપ કે મોદી સાહેબનો કોઈ રાજકીય મુદ્દો નથી, છતાં વિપક્ષને કદાચ એવો ડર સતાવી રહ્યો છે કે જો આ બહાદુરીના વખાણ કરવામાં આવશે તો તેમનો કોઈ ચોક્કસ મતદાર વર્ગ નારાજ થઈ જશે.

પોતાનો આક્રોશ વ્યક્ત કરતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉમેર્યું હતું કે, ૧૭૪ નિર્દોષ નાગરિકોનો જીવ બચાવનાર વીર પાયલટની બહાદુરીને બિરદાવવાથી કોઈ નારાજ થઈ જાય તેવો અપરિપક્વ કે સંકુચિત વર્ગ દુનિયાના કોઈપણ દેશમાં ન હોઈ શકે. દેશના સન્માન અને વીરતાના મુદ્દે રાજકારણથી પર થઈને એકજૂથ થવું જોઈએ.

# ૧૯ વર્ષની મૃણાલના સેકસોફોનના સૂર પર ઝૂમશે જૈનમના ખેલૈયાઓ

## મુંબઈના ૨૨થી વધુ સાજિંદાઓ અને પાંચ ગાયકોની સંગીતમય જમાવટ સાથે જૈનમ રાસોત્સવમાં લાઈવ કોન્સર્ટ જેવો માહોલ સર્જાશે





**અબતક, રાજકોટ**

જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬માં આ વર્ષે ખેલૈયાઓ માટે સંગીત અને મનોરંજનનો અનોખો સમન્વય જોવા મળશે. લાખો વોટની હાઈ-ફાઈ સાઉન્ડ સિસ્ટમ, મુંબઈથી ખાસ આવનારા ૨૨થી વધુ સાજિંદાઓની ઓર્કેસ્ટ્રા ટીમ અને બે પુરુષ તથા ત્રણ મહિલા ગાયકોની સુરાવલી ખેલૈયાઓને ગરબાની સાથે લાઈવ કોન્સર્ટ જેવી અનુભૂતિ કરાવશે. આ ઉપરાંત અનેક સરપ્રાઈઝ આયોજન પણ કરવામાં આવ્યાં છે, જેની વિગતો આગામી દિવસોમાં જાહેર કરાશે.અબતકની શુભેચ્છા મુલાકાતમાં આવેલા જૈનમના સભ્યોએ મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે આ વખતના જૈનમ રાસોત્સવનું સૌથી વિશેષ આકર્ષણ માત્ર ૧૯ વર્ષની યુવા મહિલા સેકસોફોન આર્ટિસ્ટ મૃણાલ સાલુખે બનશે. નાની વયે સેકસોફોન જેવા વિશિષ્ટ વાદ્ય પર પ્રભુત્વ મેળવી ચૂકેલી મૃણાલ પોતાની કલાના સૂરથી ખેલૈયાઓને મંત્રમુગ્ધ કરશે. અનેક લાઈવ સ્ટેજ શો અને કોન્સર્ટનો અનુભવ ધરાવતા મુંબઈના પ્રોફેશનલી ટ્રેઈન્ડ કલાકારોની ટીમમાં મૃણાલનું પ્રદર્શન વિશેષ ધ્યાન ખેંચશે. સેકસોફોનના મધુર સૂરને પરંપરાગત ગરબાના સંગીત સાથે જોડીને તેઓ જૈનમના સંગીત વિભાગને એક આગવી ઓળખ આપશે.

ગુજરાતમાં નવરાત્રી મહોત્સવ દરમિયાન મહિલા સેકસોફોન કલાકારનું આ પ્રકારનું પ્રદર્શન પ્રથમવાર જોવા મળવાનો આયોજકોનો દાવો છે. મૃણાલના સેકસોફોનવાદનને માણવા ખેલૈયાઓમાં અત્યારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંપરાગત ગરબાના તાલ સાથે મેલોડીક સૂર અને આધુનિક ફ્યુઝનનું સંયોજન રાસોત્સવમાં સંગીતનો નવો રંગ ઉમેરશે.મહોત્સવમાં યુવાનો સહિત તમામ વયજૂથમાં લોકપ્રિય ગાયકો ઉમેશ બારોટ અને પ્રદીપ ઠક્કર સાથે મહિલા ગાયિકાઓ મોના ભટ્ટ, દૃષ્ટિ કાલાવડિયા અને નમ્રતા ગોસલિયા પોતાના કંઠનો જાદુ પાથરશે. પરંપરાગત લોકપ્રિય ગરબા, ટ્રેન્ડિંગ ગીતો અને નવી પેઢીને પસંદ આવે તેવા મ્યુઝિકલ ટ્રેક્સનું સંયોજન તૈયાર કરવામાં આવ્યું છે. આ રીતે પરંપરાગત ગરબાની મજા સાથે આધુનિક સંગીતનો અનુભવ પણ ખેલૈયાઓને મળશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં આજરોજ મુંબઈથી ખાસ જૈનમના ખેલૈયાઓ માટે આવેલી સેકસોફોન આર્ટિસ્ટ મૃણાલ સાલુખે, મહિલા ગાયિકા મોના ભટ્ટ અને એન્કર હિરલ ગાંઠાણીએ જૈનમ પરિવારના જીતુભાઈ લાખાણી, કોમિલભાઈ વોરા, ભવ્યભાઈ વોરા, શૈલેનભાઈ શાહ અને પારસભાઈ શેઠ સહિતના આયોજકો સાથે હતી. આ મુલાકાત દરમિયાન જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬ના આયોજન અને સંગીતની વિશેષતાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

# મેટોડા જીઆઈડીસીના પરાગ ગૃહ ઉદ્યોગમાં ભીષણ આગ : સદનસીબે જાનહાની ટળી

## શોર્ટ સર્કિટ થતાં આગેલી આગએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું : ફાયર બ્રિગેડના કાફલાએ દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો, લાખોનું નુકસાન





**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં પરાગ ગૃહ ઉદ્યોગ નામની ફેક્ટરીમાં મોડીરાત્રે આગની ઘટના સામે આવી છે. ફેક્ટરીની અંદર અચાનક જ શોર્ટ સર્કિટ થયા બાદ લાકડાના ભૂસામાં આગ લાગતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી, જેથી તાકાત અને ઝડપ સાથે રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

આગ લાગવાની માહિતી મળતાની સાથે જ મેટોડા ફાયરની ટીમની સાથે રાજકોટ કોર્પોરેશનના ફાયર વિભાગની ટીમો તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. આગ પર કાબૂ મેળવવા માટે ફાયર વિભાગની ૨ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફેક્ટરીની અંદર લાકડાનું ભૂસું મોડા પ્રમાણમાં ભરેલું હોવાના કારણે આગ વધુ પ્રસરી રહી હતી, જેના કારણે ફાયર જવાનોને આગ પર કાબૂ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ફાયર વિભાગના જવાનોએ સ્થળ પર પહોંચીને સતત પાણીનો મારો ચલાવ્યો હતો અને આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી.

આ સમગ્ર દુર્ઘટનામાં મેટોડા સ્થિત પરાગ ગૃહ ઉદ્યોગ નામની ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આ અંગેની જાણ થતાં જ બે ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આ આગ લાકડાના ભૂસામાં લાગી હોવાથી આગ પર કાબૂ મેળવવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જોકે ફાયરની ટીમ દ્વારા સમયસર પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લઈ લેવામાં આવતા એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

સદનસીબે આ ભયાનક આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાની થયાના અહેવાલ નથી, જેના કારણે ફેક્ટરી સંચાલકો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ફેક્ટરીની અંદર લાગેલી આ આગના કારણે લાકડાનું ભૂસું અને અન્ય સાધન-સામગ્રીને નુકસાન પહોંચ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલના તબક્કે ફેક્ટરીમાં આગ કયા ચોક્કસ કારણોસર લાગી હતી તેની કોઈ સત્તાવાર માહિતી બહાર આવી નથી. પરંતુ અહીં વેફર બનાવવામાં આવતી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. હાલ આગ લાગવાનું સચોટ કારણ જાણવા ફાયર વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જે મામલે પરાગ ગૃહ ઉદ્યોગના સંચાલક કમલેશભાઈએ જણાવ્યું હતું કે, કારખાનામાં શોર્ટ સર્કિટના કારણે આગની ઘટના ઘટી હતી, તેમજ આ ઘટનાથી કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ અંદાજિત બે થી ત્રણ લાખ રૂપિયાનું નુકસાન થયાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.

### શ્રમજીવી સોસાયટીના મકાનમાં આગ ભભુકતા નાસ ભાગ

ઢેબર રોડ પર આવેલ શ્રમજીવી સોસાયટી શેરી નં.૮ માં આવેલ એક મકાનમાં અચાનક જ આગ ભભૂકી ઉઠતા પરિજનોમાં દોડધામ મચી ગઈ હતી. જે બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા જ તુરંત જ ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલ ભંગારમાં અચાનક જ લાગેલી આગ મકાન સુધી પ્રસરી ગઈ હતી. જો કે બનાવમાં કોઈ જાનહાની થઈ ન હતી.

### રામનાથપરામાં કચરાના ઢગલામાં આગ લાગી : કારખાનું અને મકાન પણ ઝપટે ચડ્યા

રામનાથપરા વિસ્તારમાં ગત રાત્રે કચરાના ઢગલામાં અચાનક કોઈ કારણોસર આગ ફાટી નીકળી હતી. શરૂઆતમાં સામાન્ય દેખાતી આ આગે જોતજોતામાં અત્યંત વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પવનના કારણે આગની જ્વાળાઓ એટલી ઝડપથી ફેલાઈ કે તેણે નજીકમાં જ આવેલા એક પ્લાયવુડના કારખાના અને એક રહેણાંક મકાનને પણ પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. પ્લાયવુડ જ્વલનશીલ સામગ્રી હોવાના કારણે કારખાનામાં આગ લાગતાની સાથે જ આખો વિસ્તાર ધુમાડાના ગોટેગોટાથી ભરાઈ ગયો હતો. ભવાનીનગર શેરી નં.૧ માં લાગેલ આગમાં સૌથી વધુ નુકસાન પ્લાયવુડના કારખાનાને થયું છે. કારખાનાની અંદર રાખેલો તમામ કાચો માલ, તૈયાર પ્લાયવુડની શીટ્સ આગની ચપેટમાં આવી જતાં બળીને રાખ થઈ ગયા છે. કારખાનાના માલિકના જણાવ્યા મુજબ, આ દુર્ઘટનામાં મોટા પાયે આર્થિક નુકસાન થયું છે. આ ઉપરાંત, બાજુમાં આવેલા મકાનને પણ ભારે નુકસાન પહોંચ્યું છે, જેને પગલે અંદર રહેતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનીક લોકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને તુરંત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ પાણીનો મારો ચલાવી કલાકોની ભારે જહેમત અન બાદ આખરે આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં આવી હતી.

---

#### ભેજાબાજ શખ્સોએ વધુ એક એટીએમને નિશાન બનાવ્યું

# કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ નજીક ઈ-કોર્નરમાંથી ૨૨ ગ્રાહકોના રૂ.૧.૫૯ લાખની ચોરી

## ડીસ્પેન્સર બોક્સમાં કાગળની પટ્ટી રાખી ગત તા.૨ ના રોજ ગ્રાહકોના નાણાં ચાઉં કરી લેવાયા : ક્રાઈમ બ્રાન્ચે બેલડીને દબોચી, મુદ્દામાલ રિકવર કરવાં તજવીજ

**અબતક, રાજકોટ**

શહેરમાં એક બાદ એક એટીએમના ડીસ્પેન્સરમાં કાગળની પટ્ટી લગાવી ગ્રાહકોના નાણાંની ચોરી કરવાના બનાવ સામે આવી રહ્યા છે. અગાઉ પીડીએમ ફાટક નજીક આવેલા એટીએમને નિશાન બનાવ્યા બાદ હવે કાન્તા સ્ત્રી વીકાસ ગુહ ચોક પાસેના એટીએમના ડીસ્પેન્સર બોક્સમાં કાગળની પટ્ટી લગાવી ૨૨ ગ્રાહકોના રૂ. ૧.૫૯ લાખની ચોરી કરી લેવામાં આવી છે. જો કે, સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચે ભેજાબાજ બેલડીને દબોચી લીધાનું જાણવા મળી રહ્યું છે.

બનાવ અંગે સર્કિટ હાઉસની સામે તક્ષશીલા સોસાયટી-૦૨ માં રહેતાં અલોક અતુલ ચંન્દ્રએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ કાન્તા સ્ત્રી વીકાસ ગુહ ચોક પાસે ઢેબર રોડ, પાસે આવેલ એસબીઆઈ બેંકની શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે. બેંકની બાજુમા એ.ટી.એમ. પણ આવેલ છે.

ગઈ તા.૦૩/૧૦/૨૦૨૬ ના સર્વિસ મેનેજર દિનેશકુમાર જયપાલે જણાવેલ કે, અન્ય બેંકના ગ્રાહક અર્ચનકુમાર જોષી આવેલ છે, તેઓ તા.૦૨ ના સવારના આશરે નવેક વાગ્યે એ.ટી.એમ. મશીનના રૂમમાં જઈ પોતાના એ.ટી.એમ. કાર્ડ મશીનમાં સ્વાઈપ કરી રૂ.૯ હજાર ઉપાડવા માટે પ્રયાસ કરેલ અને પોતાના રૂપીયા પોતાના બેંક એકાઉન્ટમાંથી ડેબીટ થયેલ હોય તેવો મેસેજ આવેલ પરંતુ આ મશીનમાંથી રૂ.૯ હજાર બહાર આવેલ ન હોય જેથી તેઓ એ.ટી.એમ. કાર્ડ મશીનમાંથી કાઢી જતો રહેલ હતાં.

જે દરમિયાન રાજકોટ આર.બી.ઓ.-૦૧ માંથી ફોન આવેલ કે, શહેરમાં આવેલ એસ.બી.આઈ. બેંકોના એ.ટી.એમ.માંથી ગ્રાહકો ટ્રાન્સ્જેકશન કરે છે, પણ રૂપીયા બહાર આવતા નથી તેવી ફરીયાદ છે. તમે તમારી શાખામાં ગ્રાહકોની સાથે આવુ બનેલ છે કે કેમ તેની તપાસ કરો જેથી બેંકના કર્મીઓને એ.ટી.એમ.ની તપાસ કરવા તેમજ મશીનમાં રૂપીયા લોડ કરવા માટે મોકલેલ હતા ત્યારે એ.ટી.એમ. મશીન બંધ હતુ, એટલે કે તેમાં 'ટેકન યોર એટીએમ કાર્ડ' લખેલ હતુ.જેથી બેંકના કર્મચારીએ મશીનની તપાસ કરતા મશીનમાં જે જગ્યાએથી રૂપીયા નીકળે તેમાં એક ગ્રે કલરનુ પુઠું ફસાવીને રાખેલ હતુ. જે પુઠું કાઢી એ.ટી.એમ.મશીનના રૂમમાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા જાણવા મળેલ કે, ગઈ તા.૦૨ ના સવારના સમયે બે શંકાસ્પદ વ્યક્તિઓ કાન્તા સ્ત્રી વીકાસ ગૃહ ચોક પાસે આવેલ એ.ટી.એમ. રૂમમાં આવે છે અને મશીનમાં રૂપીયા નીકળવાના ભાગે પુઠુ રાખી દઈ બહાર જતા રહે છે. કોઈ ગ્રાહક રૂપીયા ઉપાડવા માટે આવી કાર્ડથી રૂપીયા ઉપાડવાનો પ્રયાસ કરેલ પરંતુ એ.ટી.એમ. મશીનમાં રૂપીયા બહાર નીકળવાના ભાગે એટલે કે કેશ ડિસ્પેન્સર બોકસમાં અગાઉથી કોઈ પુઠાનો ટુકડો રાખેલ હોય જેથી રૂપીયા કેશ ડિસ્પેન્સરના બોકસમાં આવી જાય છે પરંતુ બહાર નીકળતા નથી, જેથી ગ્રાહક તેના રૂપીયા એ.ટી.એમ. મશીન બહાર ન નીકળતા તે જતા રહેલ બાદમાં આ અજાણ્યા શખ્સો અગાઉ રાખેલ પુઠાના ટુકડાને હટાવી હાથ નાખી ગ્રાહકના રૂપીયા કેશ ડિસ્પેન્સર બોકસમાંથી ઉપાડી ચોરી કરી લઈ ફરીથી એ.ટી.એમ. મશીનમાં કેશ ડિસ્પેન્સર બોકસમાં કાગળની પટ્ટી રાખી બહાર જતા રહી કારસ્તાન આચરતાં હતાં. બાદ તપાસમાં ગત તા.૦૨ ના રોજ કુલ ૨૨ ગ્રાહકોના રૂ રૂ.૧,૫૮,૯૦૦ ઉપાડી ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.જે બનાવની ગંભીરતા દાખવી ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આરોપીઓને પકડી પાડી મુદ્દામાલ રિકવર કરવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદરી એટીએમ મશીનમાંથી રૂપિયાની ચોરી કરતા બે શખ્સોને ઝડપી લઈ મુદામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પી.ડી.માલવીયા કોલેજ પાસે આવેલ એક એટીએમમાંથી પણ આ જ મોડસ ઓપરેન્ડીથી રૂપિયા ઉપાડવાની ફરિયાદ દાખલ થઈ હતી. ઉપરાંત રાજ્યભરમાં આરોપીઓએ અલગ અલગ એટીએમને નિશાન બનાવ્યાનું પણ સામે આવી રહ્યું છે.

---

# રેલનગરમાં ચાલુ કારે હૃદયના ધબકારા ચૂકી જતા પ્રૌઢનું મોત

## પ્રદ્યુમનનગર પોલીસે વધુ તપાસ આદરી: પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક રાજકોટ**

શહેરના રેલ નગરમાં ચાલુ કારે એટેક આવતા ૪૮ વર્ષીય પ્રૌઢ ઢળી પડ્યા હતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડવામાં આવ્યા હતા સારવાર મળે તે પહેલા પ્રૌઢે દમ તોડ્યો હતો ખોખળદળ પુલ પાસે વેલનાથ સોસાયટીમાં રહેતા પ્રૌઢનું અચાનક મોત થતા પરિવારમાં ગમગીની છવાઈ હતી

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના ખોખળદળ પાસે વેલનાથ સોસાયટીમાં રહેતા મફાભાઈ બાવલભાઈ વાઘોડીયા ઉંમર વર્ષ ૪૬ વર્ષીય પ્રૌઢ ગઈ કાલે સવારે કાર લઈને રેલ નગરમાં જતા હતા ત્યારે અચાનક છાતીમાં દુખાવો થતાં ઢળી પડ્યા હતા જેને તાત્કાલિક સારવાર અર્થ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં તબીબે પ્રોઢને મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને અગાઉ પણ બે વખત એટેક આવેલ હોવાની માહિતી મળી છે મૃતક ડ્રાઈવિંગ કામ કરતા અને સંતાનમાં એક પુત્ર પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી અંગે હેડ કોન્સ્ટેબલ મૌલિકભાઈ વધુ તપાસ હાથ ધરી છે

---

# લોનનો હપ્તો બાઉન્સ થતાં ટ્રાન્સપોર્ટરે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## આર્થિક ભીંસથી કંટાળી વખ ઘોળ્યું હોવાનું પ્રાથમિક તારણ: પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

અમરેલીના વડીયા ગામે રહેતા ૪૭ વર્ષીય ટ્રાન્સપોર્ટરે આર્થિક ભીસથી કંટાળીને ગઈકાલે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમા બાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલા પ્રૌઢે દમ તોડ્યો ઘટનાની જાણ થતા વરિયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ અમરેલીના વડીયા શહેરમાં કૃષ્ણ પરા ભરવાડ શેરીમાં રહેતા વિપુલભાઈ ભગવાનજીભાઈ રાવરાણી ઉંમર વર્ષ ૪૭ વર્ષીય પ્રૌઢે ગઈ કાલે રાત્રે ૧૦ વાગે ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા તબીબે પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા વડીયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ મૃતકના પુત્ર એ જણાવ્યું હતું કે હપ્તા બાઉન્સ થવા તેમજ આર્થિક ભીસથી કંટાળીને પગલું ભર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હોય બેભાઈ એક બેન નાના અને સંતાનમાં ૧ પુત્ર ૧પુત્રી એ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે વડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

---

# ગ્રીનલેન્ડ ચોકડીએ પેસેન્જર ભરવા બાબતે યુવકને ૫ શખ્સોએ પાઈપ વડે માર માર્યો

## ઈજાગ્રસ્તને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો: પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે પેસેન્જર ભરવા બાબતે પાંચ શખ્સો એ યુવકને લોખંડના પાઈપ વડે માર મારતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી કરી હતી આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે કોઠારીયા મેન રોડ પર ઘનશ્યામ નગરમાં રહેતા કૈલાશ દેવરાજભાઈ ઉંમર વર્ષ ૩૦ વર્ષે યુવાન ગત રાત્રે ૩ વાગ્યે સામાકાંઠે ગ્રીનલેન્ડ ચોકડીએ પેસેન્જર ફરવા બાબતે જેસીંગ વિપુલભાઈ રાતડીયા નામના સાથે માથાકૂટ થતા અન્ય ચાર શખ્સો સહિતના શખ્સોએ યુવકને લોખંડના પાઈપ વડે માર મારતા તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ હતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે પેસેન્જર ભરવા બાબતે ઝઘડો થયો હોવાનું જાણવા મળ્યું છે આ અંગે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---


### દુઃખદ અવસાન/ બેસણું



**કાંતિલાલ શાંતિલાલ જોષી (કાનો)**

તા.૯/૧૦/૨૬ શુક્રવારે કૈલાસ વાસી (અવસાન) થયેલ છે પ્રભુ સદગતના આત્મા ને શાંતિ આપે એજ ઈશ્વર પ્રાર્થના

**સદગતનું બેસણું**

તા.૧૨/૧૦/૨૬ સોમવારે સવારે ૮ થી ૧૦. ભોલગામડા રામજી મંદિરે, ગામના ચોરામાં

તા.૧૨/૧૦/૨૬ સોમવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને ધોરાજી. ઠે.ધોરાજી બસ સ્ટેશન, મુખ્ય ગેટ સામેની શેરી

**લી. અશ્રુ ભીની યાદમાં**

સ્વ.જગદીશભાઈ શાંતિલાલ જોષી પરિવાર -રાણાવાવ
શ્રી હરેશભાઈ શાંતિલાલ
જોષી પરિવાર -જૂનાગઢ
શ્રી નલિનકાન્ત શાંતિલાલ જોષી -ભોલગામડા અને
ગંગા સ્વરુપ લક્ષ્મીબેન/પુત્રી ચિ.ભૂમિ કાંતિલાલ જોષી

**અને સમગ્ર જોષી પરિવારના**

જયશ્રી કૃષ્ણ   હર હર મહાદેવ   ૐ નમઃ શિવાય   ૐ શાંતિ શાંતિ શાંતિ



**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર ,કરું છું કે મેં મારું નામ શકુલ કગથરા બદલીને શકુલ પ્રવિણભાઈ કગથરા કરેલ છે. અને હવે પછી હું શકુલ પ્રવિણભાઈ કગથરા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું: A-101 રિવેરા આઈકોન 80 ફૂટ રોડ, મધર ટેરેસા સ્કૂલ પાસે, અંબિકા પાર્ક, રાજકોટ. પિન : 360005 ગુજરાત (ભારત)

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર ,કરું છું કે મેં મારું નામ હરિલાલ લાખા બાલધા બદલીને હરિભાઈ લાખાભાઈ બાલધા કરેલ છે. અને હવે પછી હું હરિભાઈ લાખાભાઈ બાલધા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું: શ્રી રાધે, નહેરુનગર સોસાયટી-9 નાના મવા રોડ, રાજકોટ પીન - 360004 ગુજરાત (ભારત)

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર ,કરું છું કે મેં મારું નામ સરોજ હરિલાલ બાલધા બદલીને સરોજબેન હરિભાઈ બાલધા કરેલ છે. અને હવે પછી હું સરોજબેન હરિભાઈ બાલધા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું: શ્રી રાધે, નહેરુનગર સોસાયટી-9 નાના મવા રોડ, રાજકોટ પીન - 360004 ગુજરાત (ભારત)


---

# ક્રાઈમ બ્રાન્ચનો સપાટો : દારૂના ગુનામાં ફરાર ચાર રાજસ્થાની બુટલેગરો ઝબ્બે

## લાંબા સમયથી ભૂગર્ભમાં ઉતરી ગયેલા શખ્સોને પીએસઆઈ વી ડી રાવલિયાની ટીમે તેમના વતનમાંથી દબોચ્યા



**અબતક, રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજસ્થાનમાં વિશેષ ઓપરેશન હાથ ધરી દારૂના અલગ અલગ ગુનામાં લાંબા સમયથી ફરાર ચાર બુટલેગરોને ઝડપી લીધા હતા. ચારેય આરોપીઓ વિરુદ્ધ ડીસીબી પોલીસ સ્ટેશનમાં દારૂના ગુના દાખલ થયા હતા.જાણવા મળતી વિગતો મુજબ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી.બસીયા દ્વારા ડીસીબી પોલીસ સ્ટેશન તેમજ અન્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવની રાહબરી હેઠળ પી.એસ.આઈ વી.ડી. રાવલિયા તથા તેમની ટીમે હ્યુમન સોર્સિસ અને ટેકનિકલ સોર્સીસના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના અલગ અલગ ચાર ગુનામાં લાંબા સમયથી ફરાર ચાર આરોપીઓને રાજસ્થાનથી ઝડપી લીધા હતા.ઝડપયેલા આરોપીઓમાં ઓમ પ્રકાશ રતનરામ બિશ્નોઈ (ઉ.વ.૪૦ રહે પનવરા, જાલોર, રાજસ્થાન), પૂનમચંદ મલારામ બિશ્નોઈ (ઉ.વ. ૨૮ રહે. કુંડકી ચિતલવાના, જાલોર,રાજસ્થાન), શંકરલાલ ભગીરથરામ બિશ્નોઈ (રહે પેપલુબેરી, બાડમેર, રાજસ્થાન) અને મુલારામ પુરખારામ બન્તા(ઉ.વ. ૨૧ રહે. પલન કી બેરી, બાડમેર, રાજસ્થાન)નો સમાવેશ થાય છે.આ કામગીરીમાં એએસઆઈ સમીરભાઈ શેખ, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ માવદીયા, દીપકભાઈ ડાંગર, મુકેશભાઈ સબાડ, રવિભાઈ ગઢવી, યજુવેન્દ્રસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જીલુભાઈ ગરચર, તોફિકભાઈ જુણાચ, અશ્વિનભાઈ પંપાણીયા સાથે રહ્યા હતા.

---


જા.નં.:MRMC/0085/10/2026તા.:06/10/2026

::મોરબીમહાનગરપાલિકા::

::જાહેર નોટિસ::

ગુજરાત પ્રોવિન્શિયલમ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ. ૧૯૪૯ કલમ-૪૬૦

આથી સર્વે સંબંધકર્તાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મોરબીમહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં માંસની દુકાન અને કતલખાના સંબંધી પેટા કાયદાઓઘડવામાં આવ્યા છે.

આથી લાગતાવળગતા તમામ માંસની દુકાન તથા કતલખાનાવિગેરે ઉપરોક્ત પેટા કાયદાઓની જોગવાઈ લાગુ પડશે. તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાથી6 અઠવાડિયા (૪૨ - દિવસો)મા ઉપરોક્ત પેટા કાયદા અંગે વાંધા/સૂચનો કે કોઈ રજુઆત કરવા માંગતા હોય તો લેખીતમાં રૂબરૂ/રજી.પોષ્ટ/કુરીયર વિ. માધ્યમોથી નાયબ કમિશ્નરશ્રી, મોરબીમહાનગરપાલિકાનેસંબોધીનેમહાનગરપાલિકા કચેરીએ પહોંચાડવાના રહેશે. નિયત સમય મર્યાદા બાદ કોઈ વાંધા સુચનો ધ્યાને લેવામાં નહીં આવે. જેની નોંધ લેશો.

નાયબ કમિશનર(પ્રોજેકટ)
મોરબીમહાનગરપાલિકા

માહિતી -રાજ-૯૫૧-૨૬-૨૭



નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં. એસબીડી - ૦૪ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જળ સિંચન પેટા વિભાગ મોરબી, રૂમ નં.૨૧૧ થી ૨૧૪ બીજો માળ તાલુકા સેવાસદન મોરબી. (ફોન ૦૨૮૨૨-૨૪૧૧૬૬) દ્વારા ગુજરાત રાજ્યનાં નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ રસ્તા અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નીચેનાં કામો માટે ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. કોઇપણ એક ટેન્ડર અથવા તો બધા જ ટેન્ડરો અમાન્ય કરવાના હક્ક આ ખાતાને અબાધિત રહેશે. શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા જોઇ શકાશે.

| અ. નં. | કામનું નામ | અન્ય વિગત<br>૧) કામની અંદાજીત રકમ<br>૨) બાનાની રકમ<br>૩) ટેન્ડર ફી<br>૪) રજીસ્ટ્રેશનનો વર્ગ<br>૫) કામ પુર્ણ કરવાની સમય મર્યાદા |
|---|---|---|
| ૧. | ક્લીનીંગ એન્ડ રીપેરીંગ ઓફ કેનાલ સીસ્ટમ ફોર ઇરીગેશન રબી સીઝન ૨૦૨૬-૨૭ ઓફ બંગાવડી ઇરીગેશન સ્કીમ. | ૧) રૂ. ૪,૯૨,૩૬૫=૧૬<br>૨) રૂ. ૫,૦૦૦=૦૦<br>૩) રૂ. ૬૦૦=૦૦<br>૪) ઇ-૨ ક્લાસ એન્ડ એબાવ ક્લાસ )<br>૫) ૦૬ માસ |

(૧) કોરાં ટેન્ડર આપવાની છેલ્લી તા. ૨૩/૧૦/૨૦૨૬ કચેરી સમય દરમ્યાન
(૨) ભરેલ ટેન્ડર રજિસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વિકારવાની છેલ્લી તારીખ ૦૨/૧૧/૨૦૨૬ કચેરી સમય દરમ્યાન
(૩) ટેન્ડર ખોલવાની તારીખ: . ૦૩/૧૧/૨૦૨૬ બપોરના ૧૨-કલાકે (શક્ય હશે તો)
(૪) ટેન્ડર રૂબરૂ / સાદી ટપાલ કે કુરીયર થી સ્વિકારવામાં આવશે નહીં.
કચેરીનુ નામ:- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જળ સિંચન પેટા વિભાગ મોરબી, રૂમ નં.૨૧૧ થી ૨૧૪ તાલુકા સેવાસદન મોરબી. (ફોન ૦૨૮૨૨-૨૪૧૧૬૬)

માહિતી -રાજ-૯૪૭-૨૬-૨૭

# સાંપ્રત ગરબામાં માતાજીની ભાવ સાથે [illegible]

## વિશ્વ વણિક સામાજિક સંગઠન અને યુવા વિભાગના [illegible]




[illegible]




[illegible]









## સખી મંડળોના ઉત્પાદનોને મળશે વ્યાપક બજારઃ રાજ્યના ૧૩૬ બસ સ્ટેન્ડ પર શરૂ થયા ગ્રામ હાટ

# ગ્રામ હાટથી સખીમંડળો દ્વારા ઉત્પાદિત વસ્તુઓને વિશાળ બજાર મળશે : મુખ્યમંત્રી

### રાજ્યમાં ૩ લાખથી વધુ સખી મંડળો થકી મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે:કૃષિ મંત્રી

### રાજ્યમાં પાંચ વર્ષમાં ૨૩૬ સરસ મેળામાં ૮૫૦૦ સ્વસહાય જૂથોનું રૂ. ૪૦ કરોડનું વેચાણ:કુંવરજી બાવળિયા

**અબતક રાજકોટ**

રાજ્યની બહેનોને ''નવરાત્રિની ભેટ'' આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈએ આજે ૨૭ જિલ્લામાં બસ સ્ટેશનો પર સખીમંડળ સંચાલિત ૧૩૬ જેટલા ગ્રામહાટનું રાજકોટથી ઈ-લોકાર્પણ કર્યું હતું. આ સાથે તેમણે મહિલાલક્ષી વિવિધ પહેલો સાથે ત્રિ-



મહિલાઓને આર્થિક પગભર બનાવવાના ભાગરૂપે આજે અનેક નવી પહેલો શરૂ કરવા બદલ તેમણે મંત્રી અને વિભાગનો અભિનંદન પાઠવતા





દિવસીય 'સરસ મેળા'નો શુભારંભ કરાવ્યો હતો. ''ગૃહ નારી''ને ''લક્ષ્મી સ્વરૂપા'' બનાવતી આ પહેલોની જાહેરાતને રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સભામાં ઉપસ્થિત હજારો બહેનોએ હર્ષભેર વધાવી લીધી હતી.

ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જનમેદનીને સંબોધન કરતા જણાવ્યું હતું કે, મહિલાઓને વિકાસયાત્રામાં માત્ર લાભાર્થી નહીં, પરંતુ ડેવલપમેન્ટ પાર્ટનર બનાવવાનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો નિર્ધાર છે.

આ તકે મુખ્યમંત્રીએ સૌને આવતીકાલથી શરૂ થઈ રહેલી નવરાત્રિ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

કહ્યું હતું કે, રાજ્યના ૧૩૬ બસ સ્ટેશનોમાં સખીમંડળ સંચાલિત ગ્રામહાટના શુભારંભ સાથે અહીં ૧૩ એમ.ઓ.યુ. થયા છે. બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશન પર સ્વસહાય જૂથની બહેનોના ઉત્પાદનના વેચાણ માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેનાથી ગ્રામીણ માતા-બહેનોના હસ્તકલા ઉત્પાદનો અને ગૃહ ઉદ્યોગની ખાદ્ય સામગ્રીઓને વિશાળ બજાર મળશે અને વોકલ ફોર લોકલ મંત્ર સાર્થક થશે.

મહિલાઓને સફળ ડિજિટલ ઉદ્યોગ સાહસિક બનાવવા એન.આઈ.એફ.ટી., માઈકા, ડી.ડબલ્યુ.આઈ.આઈ. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા મેન્ટરશિપ અને માર્ગદર્શન પૂરું પાડવા વિશેષ પહેલ શરૂ કરાઈ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ સાથે કહ્યું હતું કે, અમૂલ દ્વારા રાજ્યમાં ૧૮ હજાર ગામોમાં મહિલા સંચાલિત મિલ્ક પાર્લર શરૂ કરવામાં આવશે. આ માટે આજે જી.એલ.પી.સી. અને અમૂલ વચ્ચે એમ.ઓ.યુ. થયા છે.

મુખ્યમંત્રીએ આજના પ્રસંગને શકિત ઉપાસનાના પર્વ પહેલા નારીશક્તિને સમૃદ્ધ કરવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતાનો અવસર ગણાવ્યો હતો.

વડાપ્રધાનના 'વુમન લેડ ડેવલપમેન્ટ'ના મિશનનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યભરમાં અઢી લાખ જેટલા સખીમંડળોની ૩૦ લાખ ગ્રામીણ બહેનો પોતાના કૌશલ્યથી માતબર આર્થિક આવક મેળવતી થઈ છે.

મહિલાઓની આર્થિક ઉન્નતિ માટે નાણાંની પૂરતી વ્યવસ્થા હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે આ ક્ષેત્રે ગયા વર્ષે રૂ. ૮૦૦ કરોડની સહાય આપી છે અને આવનારા વર્ષોમાં અનેકગણી વધુ સહાય આપવા સરકારની તૈયારી છે.

તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૯ સુધીમાં દેશમાં ૬ કરોડ લખપતિ દીદી બનાવવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૮.૫ લાખથી વધુ બહેનો લખપતિ દીદી બની ચૂકી છે.

આજે શરૂ થયેલી પહેલો ગ્રામીણ ગુજરાતની આવનાર સમયની સમૃદ્ધિનો પાયો બનશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીએ આ તકે વ્યક્ત કર્યો હતો.

પ્રધાન સેવક તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ સૌ માતા-બહેનોના સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને દેશભરની નારી શક્તિનું ગૌરવ વધાર્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનસેવા-રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ તેમજ ગુજરાતમાં નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં શરૂ કરાવેલા મહિલા અને બાળવિકાસ વિભાગ, નારી ગૌરવ નીતિ વગેરેનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો.

આ અવસરે રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી દ્વારા લાઈવલીહુડ પ્રમોશન કંપનીની સ્થાપના કરવામાં આવી હતી, જેના પરિણામે સખી મંડળોની રચના થઈ અને મહિલાઓના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે અદભુત ક્રાંતિ આવી છે. રાજ્યભરમાં કાર્યરત અંદાજે ૦૩ લાખથી વધુ સખી મંડળો થકી મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર અને સશક્ત બની રહી છે. આજે કાર્યક્રમમાં થયેલા વિવિધ એમ.ઓ.યુ.નો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, સહકાર અને પશુપાલન વિભાગના સંકલનથી મહિલાઓની આર્થિક ઉડાનને પાંખો મળશે.

જ્યારે ગ્રામવિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસન અને જનસેવાથી રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ દરમિયાન અનેક ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભર બની છે. ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણની દિશામાં 'મિશન મંગલમ' અભિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ગ્રામીણ મહિલાઓ માત્ર ઘર સંભાળવા પૂરતી સીમિત નથી રહી, પરંતુ પોતાની કલા અને કૌશલ્ય થકી રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપી રહી છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યભરમાં યોજાયેલા ૨૩૬ જેટલા સરસ મેળામાં ૮૫૦૦ જેટલા સ્વસહાય જૂથોએ અંદાજે રૂ. ૪૦ કરોડ જેટલું વેચાણ કર્યું છે. આ મેળાના માધ્યમથી બહેનોની હસ્તકલા અને ઉત્પાદનોને બજાર પૂરું પાડવામાં આવે છે, જેથી તેઓ આર્થિક રીતે મજબૂત બની શકે.

મુખ્યમંત્રીએ રાજકોટ પધાર્યા બાદ પહેલા રેસકોર્સ ખાતે આયોજિત ત્રિદિવસીય સરસ મેળાનો પ્રારંભ



કરાવ્યો તેમજ સ્વ સહાય જૂથની બહેનો સાથે સંવાદ કર્યો હતો. જેમાં બહેનોએ મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું તેમજ કલા કારીગરીના નિદર્શન અને રોજગારી માટે સરસ મેળાનો ''સરસ મંચ'' આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સંવાદમાં બહેનોએ કહ્યું હતું કે, અહીં અમારે સ્ટોલનું કોઈ ભાડું નથી આપવું પડતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ તરફથી બહેનોને આ સ્ટોલ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. સ્વ સહાય જૂથની બહેનો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોના માર્કેટિંગ અને વેચાણ માટે જગ્યા અને બજાર મળે તે હેતુથી જી.એલ.પી.સી. દ્વારા રેલવે, જી.એસ.આર.ટી.સી., રાજ્યના પશુપાલન અને સહકાર વિભાગ, અમૂલ, માઈકા, ઈ.ડી.આઈ.આઈ., એન.આઈ.એફ.ટી., સરદાર પટેલ એગ્રીકલ્ચર યુનિવર્સિટી તેમજ એસ.બી.આઈ., પી.એન.બી., આઈ.સી.આઈ.સી.આઈ., બી.ઓ.બી., સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે મળીને ૧૩ સમજૂતિ કરાર કરવામાં આવ્યા હતા.

ઉપરાંત વિવિધ સ્વસહાય જૂથને અમૂલ પાર્લર એલોટમેન્ટ લેટર, રૂ. ૪૫ લાખના કેશ ક્રેડિટ ચેક અને ડેરી સાથે સંકળાયેલા સ્વસહાય જૂથને રૂ. ૪૦ લાખના કેશ ક્રેડિટ ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય સખી મંડળોને ઈ-કોમર્સ ઈન્સેન્ટિવના કુલ રૂ. ૧,૦૮,૬૪૦ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

આ સાથે અંત્યોદયના ભાવને સાકાર કરતા વિચરતી વિમુકત જાતિના જિલ્લાના ૧૩૯ પરિવારોને રહેણાંક હેતુ માટે પ્લોટનું વિનામુલ્યે વિતરણ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે જી.એલ.પી.સી.ના મેનેજિંગ ડિરેક્ટર પ્રશસ્તિ પારીકે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તેમજ મહિલા ઉત્કર્ષ અર્થે જી.એલ.પી.સી. દ્વારા કરાઈ રહેલી કામગીરી અંગે વિગતો રજૂ કરાઈ હતી.

# રાજકોટના પાણી પ્રશ્ને મેયરે મુખ્યમંત્રીનું ધ્યાન દોર્યું, ભૂપેન્દ્રભાઈએ કહ્યું ચિંતા ન કરો નેહલભાઈ

## આખા ગુજરાતને પાણી આપવા માટે રાજ્ય સરકારનું ફુલપ્રુફ આયોજન હોવાની ધરપત આપી : ભેળસેળિયાઓ સામે આકરી કાર્યવાહી કરવાની બોર્ડની દરખાસ્ત અંગે પણ સીએમને જાણ કરતા મેયર

**અબતક, રાજકોટ**

અપુરતા વરસાદના કારણે રાજકોટમાં પાણી પ્રશ્ન વિકટ બને તેવા એંધાણ વર્તાવા લાગ્યા છે. જળાશયો ખાલીખમ છે. આખુ વર્ષ પાણી વિતરણ વ્યવસ્થા હવે સંપૂર્ણપણે નર્મદાના નીર પર આધારીત છે. ચોમાસા સુધી રાજકોટવાસીઓને નળવાટે ૨૦ મીનીટ સુધી પાણી પુરુ પાડી શકાય તે માટે કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકાર પાસે સૌની યોજના અંતર્ગત ૪,૧૦૦ એમસીએફટી નર્મદાના નીરની માગણી કરવામાં આવી છે. આજે રાજકોટની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ મેયર ડો. નેહલ શુકલએ રાજકોટના પાણી પ્રશ્નનો ચિંતાર રજુ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. મુખ્યમંત્રીએ મેયરને રતીભાર પણ ચીંતા ન કરવા માટે હૈયે ધરપત આપી છે. રાજ્ય સરકારે આખા ગુજરાતને પાણી આપવા ફુલપ્રુફ પ્લાનીંગ કર્યુ છે.

જેમાં રાજકોટને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનું સીએમએ કહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

રાજકોટમાં ચોમાસાની સીઝનમાં ખુબ જ ઓછો વરસાદ પડ્યો છે. જેના કારણે સ્થિતિ એવી સર્જાઈ છે કે, ચોમાસુ પુર્ણ થતાની સાથે જ રાજકોટ પાણી પ્રશ્ને સંપૂર્ણપણે નર્મદાના નીર પર આધારીત થઈ ગયું છે. એક મહિના પૂર્વે જ રાજ્ય સરકારને પત્ર લખી વર્ષ દરમિયાન તબક્કાવાર આજી અને ન્યારી ડેમમાં સૌની યોજના અંતર્ગત ૪,૧૦૦ એમસીએફટી પાણી ઠાલવવાની માંગણી કરવામાં આવી છે. આજે મુખ્યમંત્રી રાજકોટની મુલાકાતે હોય મેયર ડો. નેહલ શુકલએ મુખ્યમંત્રીનું રાજકોટના પાણી પ્રશ્ને ધ્યાન દોર્યુ હતું અને ઝડપથી રાજકોટને જરૂરિયાત મુજબ નર્મદાના નિર મળે તેવી વ્યવસ્થા કરવા પણ આજીજી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. મેયરે અગાઉ લખેલા પત્ર અંગે પણ સીએમને જાણ કરી હતી. દરમિયાન ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યુ હતુ કે, તમે પાણી પ્રશ્ને જરા પણ ચિંતા કરતા નહીં રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોને પુરતા પ્રમાણમાં નર્મદાના નીર આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન ગોઠવાઈ રહ્યુ છે. રાજકોટને જોઈએ તેટલું પાણી આપવા સરકાર બેઠી છે.

આ ઉપરાંત મેયરે આગામી દિવસોમાં જનરલ બોર્ડમાં ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરનારાઓ સામે આકરી કાર્યવાહી કરવા માટે તોતીંગ દંડ અને આકરી સજાની જોગવાઈ કરતી દરખાસ્ત મંજુર કરી રાજ્ય સરકારમાં મોકલવાનો નિર્ણય કર્યો છે. તેવુ પણ ધ્યાન દોર્યુ હતું. શહેરના વિવિધ પ્રશ્ને મેયરે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આગામી દિવસોમાં ફરી આજી અને ન્યારી ડેમમાં નર્મદાના નીર ઠાલવવાનું શરૂ થઈ જાય તેવું લાગી રહ્યું છે.

પાણી પ્રશ્ને મેયરને રતિભાર પણ ચિંતા ન કરવા સીએમ દ્વારા પાણીદાર ખાતરી આપવામાં આવી છે.

# માનસિક તકલીફ ધરાવતાં અલ્કાબેનને 'બા નું ઘર' વૃધ્ધાશ્રમમાં મળ્યો આશ્રય

### મહિલા પોલીસની 'શી ટીમ'ના સહયોગથી નિરાધાર બહેનને મળી સંભાળ અને પરિવારની હૂંફ

**અબતક,રાજકોટ**

માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટ સંચાલિત 'બા નું ઘર' વૃદ્ધાશ્રમ ખાતે આજે રફાડા ગામનાં અલ્કાબેન અજયભાઈ વાઘેલાને માનવતાના ધોરણે આશ્રય આપવામાં આવ્યો હતો.

પરિવારજનોએ આપેલી વિગતો અનુસાર, અલ્કાબેન માનસિક સ્વાસ્થ્યની તકલીફ ધરાવે છે અને તેમને સતત દેખરેખ તથા વિશેષ સંભાળની જરૂર છે. માતાનો સહારો ન હોવાથી અને પિતાને તેમની સંભાળ રાખવામાં મુશ્કેલી





પડતી હોવાથી પરિવાર આશ્રયની વ્યવસ્થા શોધી રહ્યો હતો. પરિવારના જણાવ્યા મુજબ, અનેક સંસ્થાઓનો સંપર્ક કરવા છતાં યોગ્ય વ્યવસ્થા થઈ શકી નહોતી.

આ પરિસ્થિતિમાં રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનની 'સી ટીમ'નાં ડબલ્યુપીસી દક્ષાબેન અને તેમની ટીમે અલ્કાબેનને 'બા નું ઘર' ખાતે પહોંચાડ્યાં હતાં. સંસ્થાના મુકેશભાઈ મેરજા, ગીતાબેન પટેલ અને વિભાબેન મેરજા સાથે ચર્ચા કરતાં બહેનની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તેમને આશ્રય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પરિવારજનોની સંમતિથી અલ્કાબેનને સંસ્થામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. બહેનને આશ્રય અને સંભાળની વ્યવસ્થા મળતાં તેમના ભાઈ તથા કાકાએ પોલીસ ટીમ અને સંસ્થાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# યુથ વિંગના અવેરનેસ પ્રોગ્રામમાં વ્યકિતત્વ વિકાસ અને સામાજીક ઉતરદાયિત્વ અંગે વિદ્યાર્થીઓને પ્રતિબધ્ધ કરાયા

### યુવાનોના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિષયો પર મહાનુભવો દ્વારા જાગૃતિલક્ષી માર્ગદર્શન અપાયું

**અબતક,રાજકોટ**

ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ શતાબ્દી વર્ષ (૧૯૨૭ - ૨૦૨૬) નિમિત્તે દેશભરમાં યુથ વિંગની સ્થાપના તથા તેના માધ્યમથી યુવાઓ ના સર્વાંગીર વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવનાર છે તેના ભાગરૂપે રાજકોટ ખાતેયુથ વિંગ વન-ડે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

એઆઈ ડબલ્યુનીના નેશનલ ટ્રેઝર ભાવના જોશીપુરાના અધ્યક્ષસ્થાને આયોજિત, આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે રાજકોટના યુવા મેયર નેહલ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય





ખ્યાતિ પ્રાપ્ત યુથ આઈકોન અને રશિયા ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર આયુષ કોટેચા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટની વિવિધ કોલેજો, ઈન્સ્ટિટયૂટ અને ડિપાર્ટમેન્ટના પ્રતિનિધિઓએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અને પર્યાવરણ રક્ષા, વ્યક્તિત્વ વિકાસ, નાગરિક કર્તવ્ય અને સામાજિક ઉત્તરદાયિત્વ, મહિલા સુરક્ષા, કાનૂની જાગૃતિ સહિતના આયામોમાં સક્રિય હિસ્સેદારી અર્થે પ્રતિબદ્ધ થયા હતા.

વરિષ્ઠ પ્રાધ્યાપક અરુંધતી દાસાની, ગૌતમ દવે, ધરા ઠાકર,ડો. પૂર્વી સોનેજી, રોહિણી વ્યાસ, પ્રિયંકા, ભાર્ગવી, ડો ગોવિંદ વેકરીયા સહિતના વરિષ્ઠો પ્રાધ્યાપકો, પ્રાચાર્યઓ, ભવન અધ્યક્ષો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટમાં અખિલ મહિલા પરિષદની સ્થાપના થી જોડાયેલા ભાઈશંકર ઠાકરનું, તથા સેન્ટ્રલ ગવર્મેન્ટ નોટરી તરીકે પસંદગી પામેલ પારુલબેન પંડ્યા અને શબનમબેન ઠેબાનું આ પ્રસંગે સન્માન કરવામાં આવેલ.

# કટારીયા ચોકડીએ ટીપીના રસ્તા ખોલી ડાયવર્ઝન અપાયું : નવરાત્રીમાં વાહન ચાલકોને રાહત

### સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા અને ફાયર બ્રિગેડ સમિતિના ચેરમેન કેતન પટેલે રૂબરૂ સ્થળ વિઝિટ કરી સંભવિત ટ્રાફિક સમસ્યા ઉકેલવા મહત્વપૂર્ણ કામગીરી કરાવી







**અબતક, રાજકોટ**

શહેરના સેકન્ડ ૧૫૦ રીંગ રોડ પર અલગ અલગ ૧૦ સ્થળોએ અર્વાચીન રાસોત્સવ યોજાઈ રહ્યા છે. કટારિયા ચોકડી ખાતે બ્રીજનું નિર્માણકામ ચાલી રહ્યું છે. જેના કારણે રસ્તો બંધ છે. રાસોત્સવના કારણે રાત્રીના સમયેટ્રાફિક જામની સમસ્યાસર્જાશે તેવી ભીતી દેખાઈ રહી છે. જેને ધ્યાનમાં રાખી ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળિયા અને ફાયર બ્રિગેડ સમિતિના ચેરમેન કેતનભાઈ પટેલે સ્થળ વિઝિટ કરી અધિકારીઓને સાથે રાખે બ્રીજની બન્ને તરફ ટીપીના રસ્તાઓ ખુલ્લા કરાવી વાહન ચાલકો માટે અલગથી વધારાના ડાયર્વઝન આપવાની વ્યવસ્થા ઉભી કરાવી છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા મહદ અંશે હલ થઈ જશે અને વાહન ચાલકોને મોટી રાહત મળશે. આવતીકાલથી શરૂ થઈ રહેલા નવરાત્રિ પર્વના અનુસંધાને કટારીયા ચોક બ્રિજ આસપાસના વિસ્તારોમાં વાહનચાલકોને પરિવહનમાં મુશ્કેલી ન પડે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા અને શિશુ કલ્યાણ સમિતિના ચેરમેન કમિટી ચેરમેન કેતનભાઈ પટેલે સીટી એન્જી. કુંતેશ મહેતા તથા ટીપી વિભાગ અને ટેક્નિકલ સ્ટાફને સાથે રાખી કટારીયા ચોકડી, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે સ્થળ મુલાકાત કરી ટીપી રોડ ખુલ્લા કરાવી ડાયવર્ઝનની વ્યવસ્થા કરાવી હતી. ખુલ્લો કરાવવામાં આવેલ રસ્તાની વિગત મુજબ વેસ્ટ ઝોનમાં વોર્ડ નંબર ૧૧,ટીપી સ્કીમ નંબર - ૧૬ મોટામવા ફાઈનલ, કેશવમ રેસ્ટોરન્ટ લાગુ, કાલાવડ રોડ કટારીયા ચોકડી થી ૧૫૦ ફૂટ સેકન્ડ રીંગ રોડ, ૧૮ મીટર ટીપી રોડ (અંદાજિત લંબાઈ - ૩૫૦ મીટર ) પરિવહન માટે ઉપયોગમાં લઈ શકાશે.

**નવરાત્રિ પર્વ પર લોકોને કટારીયા બ્રિજ આસપાસના વિસ્તારોમાં પરિવહનમાં મુશ્કેલી ન પડે તે માટે ટીપીના રસ્તા ખોલવામાં આવ્યા છે**

‘નાના કરતે પ્યાર, તુમી સેં કર બેઠે’

# રશિયા પાસેથી ઇંધણ ખરીદવાનો વિરોધ કરનાર ખુદ અમેરિકા જ ૩૩ લાખ ટન ડીઝલ ખરીદશે

## તાત્કાલિક ૩ લાખ ટન અને ટૂંક સમયમાં વધુ ૩૦ લાખ ટન ડીઝલ મોસ્કોથી અમેરિકા રવાના થશે

## અન્ય દેશો પર પ્રતિબંધોની ધમકી આપનાર મહાસત્તાના બેવડા વલણ સામે અનેક દેશોનો ભારે રોષ

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક સ્તરે ઇંધણની આસમાને આંબેલી કિંમતો વચ્ચે આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં એક અભૂતપૂર્વ વળાંક આવ્યો છે, જેમાં રશિયા પાસેથી લાખો ટન ડીઝલ આયાત કરવા માટે અમેરિકા સાથે મહત્વપૂર્ણ સોદો સંપન્ન થયો છે. બંને દેશો વચ્ચે થયેલી ઉચ્ચ સ્તરીય મંત્રણા બાદ તાત્કાલિક ધોરણે મોટા પાયે ઇંધણનો પુરવઠો અમેરિકા પહોંચાડવા લીલી ઝંડી આપી દેવામાં આવી છે. અત્યાર સુધી જે દેશો રશિયા પાસેથી કાચું તેલ કે ઊર્જા સ્રોતો ખરીદતા હતા તેમની સામે કડક આર્થિક પ્રતિબંધો લાદનાર અમેરિકાના આ અચાનક બદલાયેલા વલણથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ બન્યું છે. આ સમજૂતીના પગલે સ્થાનિક તેમજ વૈશ્વિક બજારમાં તેલના ભાવમાં ધરખમ ઘટાડો થવાનો દાવો કરાયો છે. આ આકસ્મિક ઘટનાક્રમથી યુદ્ધગ્રસ્ત ક્ષેત્રો સહિત પશ્ચિમી દેશોના રાજદ્વારી વર્તુળોમાં ભારે હલચલ અને વિરોધનો સૂર ઊભો થયો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે તેમની અત્યંત સફળ અને પરિણામલક્ષી ચર્ચા થઈ છે. આ વાટાઘાટો મુજબ રશિયા તાત્કાલિક ધોરણે ૩ લાખ ટનથી વધુ ડીઝલ અમેરિકા અને ગ્લોબલ માર્કેટમાં સપ્લાય કરવા સંમત થયું છે. આ ઉપરાંત રશિયાની રિફાઈનરીઓની ક્ષમતા અને સ્થિતિને ધ્યાને રાખીને ટૂંક સમયમાં વધુ ૩૦ લાખ ટન ડીઝલ અમેરિકા મોકલવામાં આવશે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, હોર્મુઝની સામુદ્રધુની પર અમેરિકાનું સંપૂર્ણ નિયંત્રણ અને રશિયન ઊર્જાનો આ નવો પુરવઠો ભેગા મળીને અમેરિકન નાગરિકો તેમજ વિશ્વભરના ગ્રાહકો માટે ડીઝલના ભાવોમાં ઐતિહાસિક અને ઝડપી ઘટાડો લાવશે.

વોશિંગ્ટનના આ પગલાથી આંતરરાષ્ટ્રીય કૂટનીતિમાં અમેરિકાના બેવડા માપદંડો ખુલ્લા પડી ગયા હોવાની ચર્ચા તેજ બની છે. યુક્રેન સંઘર્ષ શરૂ થયા બાદ અમેરિકા સતત દલીલ કરતું રહ્યું છે કે રશિયા પાસેથી ઊર્જા ખરીદવાથી મોસ્કોના અર્થતંત્રને વેગ મળે છે અને તેનાથી યુદ્ધને નાણાકીય ટેકો મળે છે. આ જ દલીલ આગળ ધરીને અમેરિકાએ ભારત જેવા તટસ્થ દેશો પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદીને આર્થિક દંડ ફટકાર્યો હતો તેમજ અન્ય દેશોને પણ પ્રતિબંધોની ધમકી આપી હતી. હવે જ્યારે ખુદ અમેરિકાએ પોતાના સ્વાર્થ ખાતર રશિયા પાસેથી સીધો ડીઝલનો સોદો કરી લીધો છે, ત્યારે કૂટનીતિક વર્તુળોમાં સવાલો ઉઠી રહ્યા છે કે અન્ય દેશો માટે જે બાબત ગુનો બને છે તે અમેરિકા માટે ન્યાયસંગત કઈ રીતે હોઈ શકે.

### અમેરિકામાં ડીઝલના રેકોર્ડ ભાવઃ મોંઘવારી ઘટાડવા કરાર કરવાની મજબૂરી?

અમેરિકામાં ઇંધણના ભડકે બળતા ભાવ રાષ્ટ્રપતિ માટે સ્થાનિક રાજકારણમાં મોટો માથાનો દુખાવો બની ગયા છે. ફેબ્રુઆરી મહિનામાં શરૂ થયેલા ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક એનર્જી માર્કેટમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો, જેની સીધી અસર અમેરિકી બજાર પર પડી છે. અમેરિકન ઓટોમોબાઈલ એસોસિએશન મુજબ, દેશમાં સપ્ટેમ્બરના અંતે ડીઝલનો ભાવ ૬.૫૩ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ હાલ ૬.૨૮ ડોલર પ્રતિ ગેલેન પર ટ્રેડ થઈ રહ્યો છે. સ્થાનિક સ્તરે ટ્રકચાલકો, ખેડૂતો અને સામાન્ય મતદારો મોંઘવારીથી ત્રાહિમામ પોકારી રહ્યા હોવાથી ભાવ ઘટાડવાના જબરદસ્ત રાજકીય દબાણ હેઠળ આ રશિયન ડીઝલ ખરીદવાનો રસ્તો અપનાવવો પડ્યો છે.

### રશિયા સામેના નિયંત્રણો હળવા કરવાથી યુદ્ધ વધુ લંબાઈ જશેઃ ઝેલેન્સ્કી

બીજી તરફ, આ કરારના સમાચાર બહાર આવતા જ યુક્રેને અમેરિકા સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદોમિર ઝેલેન્સ્કીએ અમેરિકાના આ સોદાને ‘સ્પષ્ટ નબળાઈ’ ગણાવીને ચેતવણી આપી હતી કે શાંતિ ક્યારેય નબળાઈ દર્શાવવાથી હાંસલ કરી શકાતી નથી. તેમણે જણાવ્યું કે કોઈ ચોક્કસ ડી-એસ્કેલેશન સમજૂતી વિના રશિયા સામેના નિયંત્રણો હળવા કરવાથી યુદ્ધ વધુ લંબાઈ જશે, કારણ કે મોસ્કોને પેટ્રોલિયમ ઉત્પાદનો વેચવાની મંજૂરી આપવી એ આતંક અને વિનાશમાં રોકાણ કરવા સમાન છે. ઝેલેન્સ્કીએ આક્ષેપ કર્યો કે રશિયા યુદ્ધના મોરચે નબળું પડી રહ્યું હોવાથી આવી બેકડોર ડીલનો સહારો શોધી રહ્યું છે, જેથી તેને શ્વાસ લેવાનો સમય મળી શકે.

### યુક્રેનની ઓફરઃ રશિયા હુમલા અટકાવે તો અમે રિફાઇનરીઓ પર હુમલો નહીં કરીએ

યુક્રેનના રાષ્ટ્રપતિએ યુદ્ધમાં તણાવ ઘટાડવા માટે અમેરિકા સમક્ષ એક પારસ્પરિક સમજૂતીનો પ્રસ્તાવ મૂક્યો હોવાનો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર યુક્રેન દ્વારા કરવામાં આવતા હુમલા એ તેમના એનર્જી સેક્ટર પર મોસ્કો દ્વારા વર્ષોથી કરાયેલા આતંકનો વળતો જવાબ છે. જો રશિયા યુક્રેનના પાવર અને ઊર્જા માળખાને નષ્ટ કરવાનું બંધ કરે, તો યુક્રેન પણ રશિયન રિફાઈનરીઓ પર આગ લગાડવાનું બંધ કરી દેશે. યુક્રેને સ્પષ્ટ કર્યું કે વોશિંગ્ટન પાસે આવું સમાધાન કરાવવાની પૂરતી તાકાત છે, પરંતુ તેના બદલે રશિયા સાથે બેકડોર સોદાબાજી કરવામાં આવી રહી છે.

# એસજીવીપી ગુરૂકુળમાં ‘ભક્તિસત્ર’ના ત્રીજા દિવસે સંસ્કાર અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનો દિવ્ય સંગમ



## રીબડા ખાતે માધવપ્રિયદાસજી સ્વામિ દ્વારા નિલકંઠ ચરિત્ર કથાનું રસપાનઃ શ્રેષ્ઠીઓનું ભાવસભર મિલન

**અબતક, રાજકોટ**

એસજીવીપી ગુરુકુલ રીબડા ખાતે સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર સુવર્ણજયંતી મહોત્સવના ઉપક્રમે અને પિતૃ તર્પણના પવિત્ર શ્રાદ્ધપક્ષ નિમિત્તે આયોજિત પાવન ‘ભક્તિ સત્ર-૭’ના ત્રીજા દિવસે (૫ ઓક્ટોબર) ભક્તિ, સત્સંગ અને સ્મૃતિ સંમેલનનો ભવ્ય ત્રિવેણી સંગમ રચાયો હતો. આ પાવન મહોત્સવમાં કથાના મુખ્ય યજમાન તરીકે અ.નિ. પિતા ગોકળભાઈ વેકરીયાની પાવન સ્મૃતિમાં પ.ભ. રમેશભાઈ ગોકળભાઈ વેકરીયા, પ.ભ. હરસુખભાઈ ગોકળભાઈ વેકરીયા (ઉજાસભાઈ) તથા પ.ભ. આદર્શભાઈ રમેશભાઈ વેકરીયા (અથર્વ) સેવા આપી રહ્યા છે. સહ યજમાન તરીકે અ.નિ. માતૃ હંસાબેન તથા અ.નિ. પિતા ધીરૂભાઈ બારસીયાની પાવન સ્મૃતિમાં પ.ભ. હર્ષદભાઈ ધીરૂભાઈ બારસીયા ( દેવ) અને પ.ભ. લલિતભાઈ ધીરૂભાઈ બારસીયા (ધર્મ) તથા સંહિતાપાઠના મુખ્ય યજમાન તરીકે અ.નિ. માતૃ હીરાબેન અને અ.નિ. પિતા ધીરૂભાઈ માધાભાઈ વઘાસીયાની પાવન સ્મૃતિમાં પ.ભ. યોગેશભાઈ ધીરૂભાઈ વઘાસીયા (વેદ) જોડાયા છે. કાર્યક્રમના પ્રારંભે વક્તા પદ પરથી ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીએ ‘નીલકંઠ ચરિત્ર કથા’નું અદ્ભુત અને ભાવસભર રસપાન કરાવ્યું હતું. સ્વામીજીએ ભગવાન નીલકંઠવર્ણીની તપોમય જીવનયાત્રા, ત્યાગ, સમર્પણ અને બાળ ચરિત્રોનો મહિમા વર્ણવતા જણાવ્યું હતું કે, નીલકંઠવર્ણીનું જીવન આપણને કઠોર પરિસ્થિતિઓમાં પણ સન્માર્ગે ચાલવાની અને પવિત્રતા જાળવવાની પ્રેરણા આપે છે. શ્રાદ્ધપક્ષના પવિત્ર દિવસોમાં નીલકંઠ ચરિત્રનું શ્રવણ પિતૃઓને મોક્ષ અને અમર તૃપ્તિ પ્રદાન કરે છે.

# ૩૦ વર્ષના ભાડા કરાર હશે તેને જ મેડિકલ કોલેજ તરીકે માન્યતા મળશે

## નેશનલ મેડિકલ કાઉન્સિલે ૨૦૨૭-૨૮માં નવી કોલેજ કે બેઠકો વધારવાના નિયમો જાહેર કર્યાં, સંસ્થાઓ ૩૧ ડિસેમ્બર સુધી માત્ર ઓનલાઈન અરજી સ્વીકારશે



**અબતક, રાજકોટ**

દેશમાં તબીબી શિક્ષણના ધોરણોને વધુ પારદર્શક, ઉચ્ચ અને વ્યાપક બનાવવાના હેતુસર રાષ્ટ્રીય તબીબી આયોગના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ માટે નવી એમબીબીએસ મેડિકલ કોલેજોની સ્થાપના કરવા તેમજ હાલની કોલેજોમાં એમબીબીએસ બેઠકોની વાર્ષિક પ્રવેશ ક્ષમતામાં વધારો કરવા અરજદારો અને સંસ્થાઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવી છે. નવી અરજીઓમાં કામ પ્રગતિમાં છે અથવા તો ચાલુ છે તેવી કોઈ નોંધ સ્વીકારવામાં આવશે નહીં અને ભાડાની જમીન હોય તો ઓછામાં ઓછા ૩૦ વર્ષની લીઝ જરૂરી રહેશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. કોઈપણ પ્રકારની હાર્ડ કોપી, ભૌતિક દસ્તાવેજો કે ઓફલાઈન ફી આયોગ દ્વારા સ્વીકારવામાં આવશે નહીં. અરજી પ્રક્રિયા બે ભાગમાં(પાર્ટ-એ અને પાર્ટ-બી) વિભાજિત કરવામાં આવી છે. પ્રાથમિક અરજી માટેનો પાર્ટ-એ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે, જયારે પાર્ટ-બી ૨૦૨૬ના નવેમ્બરથી ઉપલબ્ધ થશે. બંને ભાગની અરજીઓ તેમજ જરૂરી અરજી ફી જમા કરાવવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ફી રિકોન્સિલેશન માટે પાંચમી જાન્યુઆરી ૨૦૨૭ સુધીનો સમય ફાળવાયો છે. આયોગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે અરજી કરતી વખતે જ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા કાનૂની જરૂરિયાતો સંપૂર્ણપણે પૂર્ણ અને કાર્યરત હોવી જોઈએ. અરજી સમયે ‘વર્ક-ઈન-પ્રોગ્રેસ’ (કામ પ્રગતિમાં છે) જેવી સ્થિતિ બિલકુલ સ્વીકાર્ય રહેશે નહીં અને આવી અધૂરી અરજીઓ ફગાવી દેવાશે. આ ઉપરાંત, માન્ય યુનિવર્સિટી પાસેથી મેળવેલું કાયદેસરનું ‘કન્સેન્ટ ઓફ એફિલિએશન’, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા જારી કરાયેલ સોલ્વન્સી સર્ટિફિકેટ અને ઓડિટેડ બેલેન્સ શીટ રજૂ કરવી અનિવાર્ય છે. નવી માર્ગદર્શિકા મુજબ, કોલેજમાં ઉપલબ્ધ તમામ ફેકલ્ટીએ એબાસ પોર્ટલ પર નોંધાયેલા હોવાની સાથે શારીરિક રીતે ઉપસ્થિત રહેવું ફરજિયાત છે. ખાનગી કોલેજોએ ઈલેક્ટ્રોનિક બેંક ગેરંટી આપવાની રહેશે. જો કોઈ સંસ્થા ખોટી માહિતી, દસ્તાવેજોમાં છેડછાડ કે એઆઈ જનરેટ ફોટોગ્રાફ્સ રજૂ કરશે તો અરજી રદ થવાની સાથે કાનૂની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# રેલવે ડિવિઝનમાં સતર્કતા જાગૃતિ સેમિનારમાં ભ્રષ્ટાચાર નિવારણ માટે પ્રતિબધ્ધ રહેવા અપાયો સંદેશ

## ‘સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ’ થીમ હેઠળ નૈતિકતા, પારદર્શિતા અને સુશાસન પર ભાર મુકાયો

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૯ ઓક્ટોબર ના રોજ સતર્કતા જાગૃતિ અભિયાન અંતર્ગત એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ સ્વાગત પ્રવચન આપીને અતિથિઓનું સ્વાગત કર્યું હતું તથા સેમિનારના ઉદ્દેશ્યો પર પ્રકાશ પાડ્યો હતો.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ સેમિનારનો ઉદ્દેશ્ય રેલવેની કામગીરીમાં પ્રામાણિકતા, પારદર્શિતા, નૈતિકતા અને જવાબદેહીને પ્રોત્સાહન આપવાનો તથા નિવારક તકેદારી (પ્રિવેન્ટિવ વિજિલન્સ) પ્રત્યે અધિકારીઓ અને કર્મચારીઓમાં જાગૃતિ કેળવવાનો હતો. આ પ્રસંગે આ વર્ષની થીમ ‘સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ’ (Probity for Prosperity) ની ભાવનાને વિશેષ રૂપે રેખાંકિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર અભયસિંહ ચૌહાણ, ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર (મિકેનિકલ) સુશ્રી આકૃતિ શ્રીવાસ્તવ તથા સિનિયર વિજિલન્સ ઓફિસર (એન્જિનિયરિંગ) કુમાર પંકજ શર્માએ પણ તકેદારી સંબંધિત વિવિધ પાસાઓ, કાર્યપ્રણાલીમાં પારદર્શિતા અને શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓ વિશે માહિતી આપી હતી.કાર્યક્રમમાં રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના અને એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર બ્રિજેશ કુમાર સિંહ સહિત ડિવિઝનના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### દિલ્હી...

આશુતોષરાકા અને સૌરભ દાસ સહિતના પદાદિકારીઓની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે. ૧૦૦૦થી વધુ પ્રદશનકારીઓ હાલ પોલીસની નજરકેદમાં છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે આજે કોકરોચ જનતાપાર્ટીના આંદોલનના પગલે રાજધાની જાણે થંભી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ૨૦ હજારથી વધુ પ્રદર્શનકારીઓ ભેગા થવાની શકયતા ને ધ્યાનમાં રાખી ૩૫ હજારથી વધુ પોલીસ અને અર્ધ લશ્કરી જવાનોને ખડકી દેવામાં આવ્યા છે. ૪૫ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યા છે. ૩૦ સ્થળે નાકાબંધી કરી ડાયવર્ઝન કરી દેવામાં આવ્યા છે. જંતર વેથી ૪ કિ.મી.ની ત્રિજયામાં મોબાઈલ ઈન્ટરનેશન સેવા બંધ કરી દેવામાં આવી છે. આજ રાત સુધી ૭૦૦ દારૂની દૂકાનો બંધ કરી દેવામાં આવી છે.

દિલ્હીની સરહદો પર તપાસ અને શહેરમાં ઠેર-ઠેર રસ્તાઓ પર બેરિકેડ્સ, મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ અને મેટ્રો સ્ટેશનો બંધ - શનિવારે સવારે જંતર-મંતર ખાતે પ્રદર્શનકારીઓને એકઠા થતા રોકવા માટે દિલ્હી પોલીસે કડક પગલાં લીધાં છે. મધ્ય દિલ્હી એક અભેદ્ય કિલ્લા જેવું બની ગયું હતું.

અંદાજે ૨૦,૦૦૦ લોકોની ભીડને જંતર-મંતર પહોંચતી રોકવા માટે, દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો સહિત લગભગ ૩૫,૦૦૦ સુરક્ષાકર્મીઓને આ કિલ્લેબંધીવાળા શહેરમાં તૈનાત કરવામાં આવશે. આ વિરોધ પ્રદર્શન સવારે શરૂ થવાનું છે. વધારાના દળોની માંગણી કરવામાં આવી હતી

જનપથ-કર્તવ્ય પથ ક્રોસિંગની આસપાસ ૪ કિમીના વિસ્તારમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. આ પ્રતિબંધો શનિવારે રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. દિલ્હી પોલીસની ટ્રાન્સપોર્ટ રેન્જે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને પત્ર લખીને ‘‘સંવેદનશીલ સ્થળો તરફ બેકાબૂ ભીડની હિલચાલ‘‘ ની શક્યતા દર્શાવ્યા બાદ, ૫૭ મેટ્રો સ્ટેશનો (જેની સંખ્યા બાદમાં ઘટાડીને ૪૫ કરવામાં આવી હતી) પર પ્રવેશ અને બહાર નીકળવાની પ્રક્રિયા આગામી સૂચના સુધી બંધ કરી દેવામાં આવી હતી.

૩૦થી વધુ નાકાબંધીના સ્થળો - જેમાં સરહદ પરના કેટલાક સ્થળોનો પણ સમાવેશ થાય છે - તેની ઓળખ કરવામાં આવી છે. એક અધિકારીએ કહ્યું, ‘‘જેઓ અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરશે અથવા વિરોધ સ્થળ તરફ આગળ વધશે તેમને તાત્કાલિક અટકાયતમાં લેવામાં આવશે. તેમને શહેરની સરહદો પર જ રોકી દેવાની યોજના છે.‘‘

### ભૂકંપ...

આશરે ૧૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં અને જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. શરૂઆતમાં યુએસજીએસ દ્વારા આ ભૂકંપના આંચકાની તીવ્રતા ૮ સુધીની આંકવામાં આવી હતી, જેને બાદમાં સંશોધિત કરીને ૭.૭ નક્કી કરવામાં આવી હતી.

પ્રથમ મુખ્ય ભૂકંપ બાદ પનામામાં ધરતી શાંત થવાનું નામ નહોતી લઈ રહી. યુનિવર્સિટીના ભૂકંપ વૈજ્ઞાનિકો દ્વારા ૫.૮, ૫.૫ અને ૫.૨ ની તીવ્રતા સહિત કુલ ૪૫થી વધુ આફ્ટરશોક્સ (ભૂકંપ પછીના આંચકા) નોંધવામાં આવ્યા છે, જેના કારણે પ્રજામાં સતત ભયનો માહોલ છવાયેલો છે.

આ ભૂકંપની તીવ્રતા એટલી ભયાનક હતી કે તેની ધ્રુજારી છેક પાટનગર પનામા સિટી સુધી અનુભવાઈ હતી. અચાનક ધરતી ધ્રૂજવા લાગતા લોકો જીવ બચાવવા માટે પોતાના ઘરો અને ઊંચી ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા.

### દવાઓ...

૧૯૪૫ માં નિયમ ૬૫ હેઠળ એક નવો સબ-રૂલ ઉમેરવાનો પ્રસ્તાવ આપ્યો છે. આ નવા નિયમ મુજબ, શેડ્યૂલ એચ, એચ વન અથવા એક્સ હેઠળ નિર્દિષ્ટ દવાઓની કોઈ પણ જાહેરાત કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી વિના કરી શકાશે નહીં. આ જોગવાઈ દવાઓના વેચાણ, સ્ટોક, પ્રદર્શન, વેચાણની ઓફર કે વિતરણ માટે લાયસન્સ ધરાવતા તમામ લોકો/ સંસ્થાઓને લાગુ પડશે.

મહત્વની વાત એ છે કે, આ પ્રસ્તાવનો અર્થ એ નથી કે હાલમાં આ દવાઓની જાહેરાતો મુક્તપણે કરવાની છૂટ છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રૂલ્સ અનુસાર શેડ્યૂલ એચ, એચ વન અને એક્સની દવાઓની જાહેરાતો માટે હાલમાં પણ સરકારી મંજૂરી મેળવવી અનિવાર્ય છે.

### એસ્ટ્રોલોજી એપ...

જ્યારે નવી આવેલી ટેરોટ ૯૯ એપ ૧.૧ કરોડ અને એસ્ટ્રોલોકલ એપ ૧,૦૬૨ ટકાના તોતિંગ ઉછાળા સાથે આશરે ૭૫ લાખ ડાઉનલોડ્સ સુધી પહોંચી ગઈ છે.

બીજી તરફ, ભજન, મંત્ર, ધાર્મિક ગ્રંથો અને ઓનલાઈન પૂજા સંબંધિત એપ્સના ડાઉનલોડ્સમાં પણ ૪૭ ટકાનો વધારો થયો છે અને તે ૧૪.૬ કરોડ પર પહોંચ્યા છે.

માસિક સક્રિય યુઝર્સની દ્રષ્ટિએ સનાતન સ્ટેટસ ભજન મંત્ર એપ ટોચ પર રહી છે, જેમાં યુઝર્સની સંખ્યામાં વાર્ષિક ૧૦૯ ટકાનો ઉછાળો નોંધાયો છે.ખ્રિસ્તી ધર્મની યુવર્સન બાઈબલ એપ(૨૪ ટકા વધારો) બીજા ક્રમે અને ઈસ્લામ સંબંધિત વીમુસ્લીમ(૩૯ ટકા વધારો) ત્રીજા ક્રમે રહી છે.ઓનલાઈન પૂજા સેવા આપતી શ્રી મંદિર ચોથા અને મુસ્લિમ પ્રો પાંચમા સ્થાને રહી છે, જે દર્શાવે છે કે આ ડિજિટલ ભક્તિ દરેક સમુદાયમાં ઝડપથી લોકપ્રિય બની રહી છે.

લોકો માત્ર એપ ડાઉનલોડ જ નથી કરી રહ્યા, પરંતુ તેના પર વિતાવતા સમયમાં પણ મોટો વધારો થયો છે.વર્ષ ૨૦૨૨ના પ્રથમ ક્વાર્ટરમાં ધાર્મિક એપ્સ પર યુઝર્સ સરેરાશ ૫.૮ મિનિટ વિતાવતા હતા, જે વધીને હવે ૮.૨ મિનિટ (૪૦ ટકાથી વધુ વધારો) થઈ ગયો છે.જ્યોતિષ એપ્સ પર યુઝર્સનો સરેરાશ દૈનિક સમય ૩.૫ મિનિટથી વધીને ૫.૩ મિનિટ (૫૦ ટકાથી વધુ વધારો) નોંધાયો છે.

નિષ્ણાતોના મતે, ભારતની ધર્મ અને જ્યોતિષ પ્રત્યેની ઊંડી સાંસ્કૃતિક આસ્થા અને સ્માર્ટફોન-એઆઈ ટેક્નોલોજીના સરળ સુલભતાને કારણે ભારતની એપ ઈકોનોમીમાં આ કેટેગરી સૌથી ઝડપથી આગળ વધી રહી છે.

### કો-પાયલોટ...

હુમલા વખતે કોઈ ચૂક ન રહી જાય. બનાવના દિવસે જ્યારે તેણે કોકપિટમાં નિયંત્રણ મેળવવાની કોશિશ કરી ત્યારે મુખ્ય કેપ્ટને તેનો પ્રતિકાર કર્યો હતો. આ દરમિયાન કેટલાક બહાદુર મુસાફરો પણ મદદે દોડી આવ્યા હતા અને તેમણે સંયુકતપણે હમ્મામીને પકડી પાડી બાંધી દીધો હતો, જેનાથી વિમાનનું સુરક્ષિત ઉતરાણ શક્ય બન્યું હતું.

યુએઈ સત્તાવાળાઓની તપાસ દર્શાવે છે કે વર્ષ ૨૦૧૭માં જ્યારે તે ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતો હતો ત્યારે કટ્ટરપંથી પ્રચાર સાહિત્ય અને ઓનલાઈન આતંકી સામગ્રીના સંપર્કમાં આવતા તેનું બ્રેઈનવોશ થયું હતું. આ હુમલાને પરિપૂર્ણ કરવા માટે તેણે માનસિક રીતે દૃઢ થવાની સાથે ખાનગી કોચ પાસેથી બોક્સિંગની તાલીમ મેળવી શારીરિક તાકાત પણ વધારી હતી. આરોપીએ એવો દાવો કર્યો છે કે તેણે આ આખું ષડયંત્ર એકલા હાથે જ ઘડ્યું હતું, છતાં પણ તપાસ એજન્સીઓ તેના અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય આતંકી નેટવર્ક સાથેના જોડાણની ઊંડાણપૂર્વક ચકાસણી કરી રહી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### નવલા નોરતા...

પ્રારંભ થશે. નવરાત્રી દરમ્યાન સાતમની વૃદ્ધિ તિથિ છે. એટલે કે બે સાતમ છે પરંતુ આ વર્ષ નિયમ પ્રમાણે પંચાંગ પ્રમાણે તા.૨૦ ઓકટોબર મંગળવારે નોમના દિવસે દશેરા છે.

દશેરાનું મહત્વ દશમ તિથિ બે દિવસે થોડી ૨ બીજી વચ્ચે અપરાહ્નકાળમાં હોય તે દિવસનું ગણાય છે. આથી આ વર્ષ તા.૨૦ને મંગળવારે નોમના દિવસે દશેરા છે.

જ્યારે નવરાત્રી મા ઘણા લોકો ના ઘરે આઠમના નિવેદ તથા હવન થતો હોય છે. ખાસ કરીને આઠમ તિથિનું મહત્વ ઉદયાત વધારે રહેલુ છે. આથી નિયમ પ્રમાણે દરેક પંચાંગ પ્રમાણે આ વર્ષ આઠમના નિવેદ અને હવન આસો શુદ આઠમને સોમવાર તા.૧૯ ના દિવસે રહેશે

ખાસ કરીને ઘણી જગ્યાએ આઠમના નિવેદ સાંજના થતા હોય છે. રાત્રીના થતા હોય છે પરંતુ ભલે રાત્રીના સમયે નોમ તિથિ બેસી જાય તો પણ પંચાંગ પ્રમાણે હવનઅષ્ટમીનું મહત્વ તા.૧૯ ઓક્ટોબરને સોમવારે જ કરવા ઉત્તમ રહેશે.

જ્યારે દરેક પંચાંગ પ્રમાણે મહા નવમી અને દશેરા ભેગા છે. જે તા.૨૦ ઓક્ટોબરને મંગળવારે છે. આથી નોમના નિવેદ બપોરના અને રાત્રીના તા.૨૦ને મંગળવારે કરવા ઉચિત રહેશે (ભલે રાત્રીના સમયે દશમ તિથિ હોય) પરંતુ ઉદયાત તિથિને ધ્યાનમાં લઈ નોમના નિવેદ મંગળવારે કરવા વધારે યોગ્ય ગણાશે. આ વર્ષે માતાજી હાથી ઉપર બેસી અને પધારશે જે સુખ સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે શુભ ગણાય છે.

# ભૂજમાં અનશન આરાધિકા વીરમણીબાઈ મહાસતિજી સમાધિભાવે કાળધર્મ પામ્યાં



ભૂજમાં આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયનાં અનશન આરાધિકા સાધ્વીરત્ના વીરમણીબાઈ મહાસતિજી ભૂજ ખાતે સમાધિભાવે કાળધર્મ પામ્યાં છે. રાષ્ટ્રસંત આચાર્ય છોટાલાલજી મહારાજ સાહેબ તથા મણીબાઈ મહાસતિજી (ટોડાવાળા) નાં સુશિષ્યા અને અનશન વ્રતધારી વીરમણીબાઈ મહાસતિજી ચોથા ઉપવાસે તા.૧૦-૧૦-૨૦૨૬, શનિવારે રાત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં હતાં. વીરમણીબાઈ મહાસતિજીની પાલખીયાત્રા તા.૧૦-૧૦-૨૦૨૬, શનિવારે બપોરે ૩ વાગ્યે નીકળશે. ‘જય જય નંદા, જય જય ભદ્દા’ના જયઘોષ સાથે નીકળનારી આ પાલખીયાત્રા ત્રિભુવન જૈન સ્થાનકથી પ્રસ્થાન કરી તળાવ શેરી, વાણિયા વાળ અને અનમ રિંગ રોડ થઈ જૈન અમરધામ (મુક્તિધામ) ખાતે પહોંચશે. વિનોદભાઈ ત્રિભુવન મહેતા (પ્રમુખ) દ્વારા આપવામાં આવી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** શ્રી દશા સોરઠીયા વૈષ્ણવ વણીક મનસુખલાલ વિઠ્ઠલજી મોતીપરા (ઉ.વ.૯૨) (મૂળ વતન ચાવંડી, તા. જામકંડોરણા) હાલ રાજકોટ, જે સ્વ. સરસ્વતીબેન, સ્વ. અમૃતલાલ તથા સ્વ. ભીખાભાઈના મોટાભાઈ, સરોજબેનના જેઠ તથા કિશોરભાઈ, સ્વ. દિનેશભાઈ (એલઆઈસી), રાજેશભાઈ, જીતેન્દ્રભાઈ, જ્યોત્સનાબેન તથા તરલાબેનના પિતા, છાયાબેન, સ્વ. રેખાબેન, સંગીતાબેન તથા અમિશાબેનના સસરા, નીતિનભાઈ, વિપુલભાઈ, શીતલબેનના મોટાબાપુ, રોહિત, સ્વ. રાજ, કલ્પેશ, હર્ષ, ક્રીષીવ, ભાવિકા, હેમાંગી, હીનાના દાદાજીનું તા. ૯-૧૦-૨૦૨૬, શુક્રવારે અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૧૨, સોમવાર, સાંજે ૫ થી ૬, શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, આફ્રિકા કોલોની શેરી નં. ૩, જલારામ મેઈન રોડ, રાજકોટ.

**રાજકોટઃ** સરયુબેન ઈન્દ્રેશભાઈ મહેતા (ઉ.વ.૭૯) તે સ્વ. ઈન્દ્રેશભાઈ રતિલાલ મહેતાના પત્ની, સ્વ.ત્રિભુવનદાસ ભગવાનજી ગાંધી (અમરાવતી)ના પુત્રી, અમિતભાઈ અને ભાવીનીબેન કમલેશકુમાર વોરાના માતા, વૈશાલીબેનના સાસુ, હર્ષ અને હિમાની અધીશકુમાર સંઘવીના દાદીજીનું તા. ૯ ના રોજ અવસાન થયું છે. મોક્ષમાર્ગની ભાવનાથી આજીવન સંથારાનું પવિત્ર વ્રત સ્વીકાર્યુ હતું. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. અમિતભાઈ મહેતાના મો. નં. ૯૩૭૪૧ ૬૦૪૦૨ છે. તેમનું ઉઠમણું તા. ૧૨ને સોમવારે બપોરે ૪ કલાકે રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન ઉપાશ્રય (શેરી નં. ૮), ઈન્દિરા સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજવી ઠાઠમાં બિરાજતા સંકલ્પસિધ્ધ હનુમાનજીને અલૌકિક શણગાર



**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર બિરાજમાન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજનો આજનો શણગાર અત્યંત મનોહર અને દિવ્ય છે. દાદા પીચ કલરની પીછવાઈ સાથે શ્વેત વસ્ત્રો પર સુવર્ણ જરીકામથી સુશોભિત વાઘા ધારણ કર્યા છે. લાલ રંગના ભવ્ય સાફા પર શોભતી કલગી દાદાના રાજવી સ્વરૂપને અનેરું તેજ અર્પે છે. લાલ રંગની સોનેરી કિનારીવાળો ભવ્ય ખેસ દાદાના સ્વરૂપની શોભામાં ચાર ચાંદ લગાવે છે. મોતીની માળાઓ અને હીરાજડિત અલંકારોથી દાદાનું દિવ્ય સ્વરૂપ ઝળહળી ઊઠે છે. મસ્તક પરનો આકર્ષક સાફો અને વસ્ત્રોની ભવ્યતા દાદાના રાજાધિરાજ સ્વરૂપને ઉજાગર કરે છે. એક હાથમાં આશીર્વાદની મુદ્રા અને બીજા હાથમાં ગદા ધારણ કરી દાદા ભકતોને અભયદાન આપે છે. સુવર્ણમય કોતરણીવાળા મંદિરના ગર્ભગૃહમાં દાદાનું તેજસ્વી સ્વરૂપ ભકતોના મનને ભક્તિભાવથી ભરી દે છે.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા દીપક બાબરિયાનું નિધન

## પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા, પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને કોંગી નેતા ડો. તુષાર ચૌધરીએ ઊંડા દુઃખની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી

**અબતક,રાજકોટ**

અખિલ ભારતીય કોંગ્રેસના પૂર્વ મહામંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા દીપક બાબરિયાનું નિધન થયું છે. ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા દીપક બાબરિયાના નિધનથી રાજકીય વર્તુળોમાં શોક છવાયો છે. તેમણે પાંચ દાયકાથી વધુ સમય સુધી કોંગ્રેસમાં વિવિધ સંગઠનાત્મક જવાબદારીઓ નિભાવી હતી. શ્રમિકો અને ઈન્ડસ્ટ્રીયલ યુનિયન સાથે જોડાયેલા મુદ્દાઓ પર અવાજ ઉઠાવી રાજકીય ઓળખ બનાવી હતી.અહેમદ પટેલના વિશ્વાસુ સહયોગી હતા.પક્ષના સંગઠન અને ચૂંટણીલક્ષી વ્યૂહરચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.તેઓ મધ્યપ્રદેશની ચૂંટણી વખતે પ્રભારી રહ્યા હતા.જ્યારે હરિયાણા સંગઠન પ્રભારી તરીકે પણ જવાબદારી નિભાવી હતી.વર્ષ ૨૦૨૦માં બ્રેઈન સ્ટ્રોક આવ્યા બાદ સ્વાસ્થ્યના કારણે સક્રિય રાજકારણથી દૂર રહ્યા હતા.તેમના નિધનથી કોંગ્રેસે લાંબા અનુભવ અને સંગઠનાત્મક સમજ ધરાવતા નેતા ગુમાવ્યા છે.



દીપક બાબરિયા એક સમર્પિત કોંગ્રેસી નેતા હતા.જેમણે પોતાનું સમગ્ર જીવન કોંગ્રેસ સંગઠન અને પક્ષના સિદ્ધાંતોને સમર્પિત કર્યું હતું. તેમણે સંગઠનમાં વિવિધ સ્તરે પોતાની જવાબદારીઓ નિષ્ઠા, પ્રતિબદ્ધતા અને સમર્પણભાવથી નિભાવી હતી. મધ્યપ્રદેશ અને હરિયાણાના કોંગ્રેસ પ્રભારી તરીકેની તેમની ભૂમિકા પક્ષના સંગઠનાત્મક કાર્યમાં તેમના લાંબા અને મહત્ત્વપૂર્ણ યોગદાનની સાક્ષી છે.તેમની સંગઠન પ્રત્યેની નિષ્ઠા, અનુભવ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના આદર્શો પ્રત્યેની આજીવન પ્રતિબદ્ધતા હંમેશાં સ્મરણીય રહેશે.તેમના નિધનથી સમગ્ર કોંગ્રેસ પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા નિધન અંગે શ્રધ્ધાંજલી પાઠવતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સંગઠન પ્રભારી સાંસદ રણદીપસિંહ સુરજેવાલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએવરિષ્ઠ કોંગ્રેસ નેતા દીપક બાબરિયાના અવસાનના સમાચાર અત્યંત દુઃખદ છે. તેમના અવસાનથી કોંગ્રેસ પરિવારમાં શોકની લાગણી વ્યાપી છે.

લાંબા જાહેર જીવનમાં તેમણે સામાન્ય જનતાના હિત માટે સતત સંઘર્ષ કર્યો. તેમના અવસાનથી કોંગ્રેસ પરિવાર અને ગુજરાતના જાહેર જીવનમાં એક મોટી ખોટ પડી છે.તેમના પરિવારજનો, સ્વજનો અને કાર્યકરો પ્રત્યે હાર્દિક સંવેદના વ્યકત કરી હતી.

# સુરેન્દ્રનગર રેલવે સ્ટેશને ૧૨ મીટર પહોળા ફૂટ ઓવરબ્રિજના ગર્ડરનું સફળ લોન્ચિંગ

**અબતક,રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન પર અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત નિર્માણાધીન ૧૨ મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજ ના ગર્ડર લોન્ચિંગનું કામ ૨ થી ૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન વિવિધ તબક્કાઓમાં સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું. આ કામગીરી નિર્ધારિત સમય કરતાં વહેલી પૂર્ણ કરવામાં આવી હતી. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ પડકારજનક કામ માટે ૩૫૦ મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતી એક ક્રેન, એટલી જ ક્ષમતા ધરાવતી



## ૩૬૦ મેટ્રિક ટન ક્ષમતાની ક્રેન, હાઈડ્રો મશીનો અને કર્મચારીઓની મહેનતથી સમય મર્યાદા પહેલા કામ પૂર્ણ કરાયું

એક વધારાની ક્રેન, ત્રણ હાઈડ્રા મશીનો, પાંચ વેલ્ડર, છ ગેસ કટર, ૬૦ કુશળ શ્રમિકો અને ચાર સુપરવાઈઝર તૈનાત કરવામાં આવ્યા હતા. બંને રેલવે લાઈન પર ટ્રેનોના સંચાલનમાં ન્યૂનતમ વિક્ષેપ પડે તે માટે વિશેષ આયોજન સાથે કામગીરી કરવામાં આવી હતી તેમજ સલામતીના માપદંડોનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરતી વખતે મુસાફરોની સુરક્ષા અને સુવિધા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સુરેન્દ્રનગર સ્ટેશન પર ગર્ડર લોન્ચિંગનું કામ નિર્ધારિત સમય કરતાં વહેલું પૂર્ણ થવું એ અધિકારીઓ અને કર્મચારીઓના સંકલિત પ્રયાસો તથા તકનીકી કાર્યક્ષમતા દર્શાવે છે. આ પ્રોજેક્ટ મુસાફરોની સરળ અવરજવર અને વધુ સારા ભીડ વ્યવસ્થાપનમાં મદદરૂપ સાબિત થશે.

૧૨ મીટર પહોળો ફૂટ ઓવર બ્રિજ ટ્રેનોના આગમન-પ્રસ્થાન, તહેવારો તથા મુસાફરોની વધુ અવરજવર દરમિયાન પ્લેટફોર્મ વચ્ચેની હિલચાલને સુગમ બનાવવામાં મદદ કરશે. તેની વિશાળ ક્ષમતાને કારણે સીડીઓ અને પ્લેટફોર્મના વ્યસ્ત વિસ્તારોમાં ભીડ ઓછી થશે તેમજ ભવિષ્યમાં વધનારી મુસાફરોની સંખ્યાને સંભાળવામાં પણ સહાય મળશે.

# ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓની રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સફળતા

## આંતર-કોલેજ ફેન્સિંગ સ્પર્ધામાં હર્ષદીપ સરવૈયાએ ગોલ્ડ મેડલ અને જયદીપસિંહે બ્રોન્જ મેડલ પ્રાપ્ત કરી સિદ્ધિ મેળવી

**અબતક, રાજકોટ**

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર-કોલેજ રમતગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર-કોલેજ ફેન્સિંગ સ્પર્ધામાં કોલેજના સરવૈયા હર્ષદીપે ગોલ્ડ મેડલ અને સરવૈયા જયદીપસિંહે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. આ ઉપરાંત, બંને ભાઈઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનને કારણે કોલેજની ફેન્સિંગ ટીમે ઓવરઓલ બીજો ક્રમ પ્રાપ્ત કરી રનર્સ-અપનો ખિતાબ મેળવ્યો હતો.આંતર-કોલેજ વોલીબોલ સ્પર્ધામાં મકવાણા શિવલાલની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી થઈ છે. તેઓ આગામી સમયમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

વિદ્યાર્થીઓની આ ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ કોલેજના આચાર્ય ડો. કે. કે. બુદ્ધભટ્ટી સર તથા સમગ્ર કોલેજ પરિવારે તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

### ગરબાનો ઉત્સાહ જાળવો, શરીરના સંકેતોને પણ સાંભળો

# નવરાત્રિની મોજ સાથે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા ખેલૈયાઓ માટે વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાત તબીબોની હેલ્થ ટીપ્સ

**અબતક, રાજકોટ**

નવરાત્રિ એટલે ભક્તિ, શક્તિ અને ઉત્સાહ સાથે ગરબાના તાલે ઝૂમવાનો અનોખો ઉત્સવ. યુવાઓથી લઈને વડીલો સુધી સૌ આ નવ દિવસનો આનંદ માણવા આતુર હોય છે. જોકે, ગરબાના ઉત્સાહમાં શરીરની ક્ષમતા અને સ્વાસ્થ્યની મર્યાદાઓને અવગણવાથી ક્યારેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ શકે છે. આ સંદર્ભે એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટના વિવિધ વિભાગોના નિષ્ણાત તબીબોએ ખેલૈયાઓને કેટલીક મહત્વપૂર્ણ કાળજી રાખવાની સલાહ આપી છે.

વોકહાર્ટ હોસ્પિટલના હોસ્પિટલના હૃદયરોગ નિષ્ણાત ડો. ધર્મેશ સોલંકી અને ડો. જયદીપ દેસાઈ જણાવે છે કે સતત અને ઝડપી ગરબા રમવાથી હૃદયના ધબકારા વધે છે. ખાસ કરીને હૃદયરોગ, હાઈ બ્લડપ્રેશર કે અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોએ પોતાની ક્ષમતા મુજબ જ ગરબા રમવા જોઈએ.

છાતીમાં દુખાવો, અસામાન્ય રીતે શ્વાસ ચડવો, ચક્કર આવવાં કે ધબકારા અનિયમિત થવા જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક ગરબા રમવાનું બંધ કરીને તબીબી મદદ લેવી જોઈએ. ઓર્થોપેડિક અને આર્થ્રોસ્કોપિક સર્જન ડો. રૂપેશ મહેતા જણાવે છે કે સતત ગરબા રમવાથી ઘૂંટણ, પગની ઘૂંટી અને કમરના સ્નાયુઓ પર ભાર પડે છે. તેથી ગરબા રમતાં પહેલાં હળવું વોર્મઅપ કરવું, આરામદાયક પગરખાં પહેરવાં અને અચાનક વધુ ઝડપથી કે જોરથી સ્ટેપ્સ લેવાનું ટાળવું જોઈએ. દુખાવો, ઈજા કે સોજો જણાય તો તેને અવગણવાને બદલે આરામ કરીને યોગ્ય સારવાર લેવી જોઈએ.

# બજરંગ ગરબી મંડળમાં આ વર્ષે "સળગતી ઈંઢોણી સાથેનો રાસ" આકર્ષણનું કેન્દ્ર બનશે

## આ વર્ષે ૩૦ જેટલી બાળાઓ દાંડિયા રાસ, ટિપ્પણી રાસ, ગાગર રાસ અને ભુવા રાસ રજૂ કરી માતાજીની આરાધના કરશે

**અબતક, રાજકોટ**

બજરંગ ગરબી મંડળ દ્વારા દર વર્ષે કારડીયા રાજપૂત સમાજની વાડી મવડી ચોકડી ખાતે અનોખી પરંપરા જાળવવામાં આવે છે. આ વર્ષે બજરંગ ગરબી મંડળનો ૧૯મો ગરબી મહોત્સવ યોજાઈ રહ્યો છે. છેલ્લા ૧૯ વર્ષથી માતાજીની આરાધનાનો આ પ્રાચીન ગરબી મહોત્સવ અવિરતપણે મંગલ પ્રવેશ કરી રહ્યો છે.



આ મંડળમાં દર વર્ષે બાલિકાઓ દ્વારા રજૂ કરવામાં આવતા વિવિધ રાસ આકર્ષણનું કેન્દ્ર બને છે. જેમાં ડાડીયા રાસ, ટીપ્પીણી રાસ, ગાગર રાસ અને ભુવા રાસ જેવા અનેકવિધ પરંપરાગત રાસ સાથે આ વર્ષે પણ બજરંગ ગરબી મંડળ દ્વારા સ્પેશિયલ રાસ સળગતી ઈંઢોણી રાસ પણ ત્રીજા, પાંચમાં અને નવમાં નોરતે રજૂ કરવામાં આવશે.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે આ વર્ષે પણ ૩૦ જેટલી બાળાઓ દ્વારા આ દરેક રાસ રજૂ કરવામાં આવશે. આ સુંદર અને ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે ધર્મેન્દ્રસિંહ ઝાલા (પિંડુભાઈ-ખાટડી), યુવરાજસિંહ ઝાલા, ધીરજભાઈ સિંધવ, ધર્મેશભાઈ સખીયા, શૈલેષભાઈ ભડીગજી, હરેશભાઈ સીયાણી, માલદેવસિંહ ચુડાસમા, દેવેન્દ્રસિંહ ઝાલા, પિરાલભાઈ રાઠોડ અને દિવ્યરાજસિંહ જાડેજા (રાવકી) સહિતની સમગ્ર આયોજક ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

### વિશ્વકર્મા સોશિયલ ગ્રુપ આયોજિત

# વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવમાં ગરબાની રમઝટ સાથે ઈનામોની વણઝાર લાગશે



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## માલવિયા કોલેજ સામેના મેદાનમાં ૨૫૦૦થી વધુ ખેલૈયાઓ માટે ભવ્ય વ્યવસ્થા સાથે 'શી' ટીમનું સુરક્ષા કવચ

**અબતક, રાજકોટ**

વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ દ્વારા જ્ઞાતિના લોકો માટે ગોંડલ રોડ પર માલવિયા કોલેજ સામે ૧,૪૦,૦૦૦ સ્કવેર ફૂટના વિશાળ મેદાનમાં વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવ' યોજાઈ રહ્યો છે, જેમાં ૨૫૦૦થી વધુ ખેલૈયાઓ રમી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. નવરાત્રી દરમિયાન દરરોજ બહેનો, ભાઈઓ, બાળાઓ અને કુમારોની અલગ-અલગ કેટેગરીમાં શ્રેષ્ઠ રમત માટે બેસ્ટ પ્રિન્સ, બેસ્ટ પ્રિન્સેસ અને વેલ ડ્રેસ જેવાં આકર્ષક ઈનામો આપવામાં આવશે.

રાસોત્સવમાં ૧ લાખ વોટની સાઉન્ડ સિસ્ટમ, સીસીટીવી, બાઉન્સર અને ફાયર સેફટીની સુવિધા છે. પ્રખ્યાત ગાયક ચંદ્રેશ ગજ્જર, અવની જાની રિંકુ ઠક્કર અને નિલેશભાઈ પંચાસરાના સૂર પર ખેલૈયાઓ રમઝટ બોલાવશે. સાથે જ જેબી ઈવેન્ટ, ફાઈવ સ્ટાર સાઉન્ડ તથા એન્કર ચાંદનીબેન ગજ્જર મનોરંજન પૂરું પાડશે. જ્ઞાતિજનો માટે ફ્રી એન્ટ્રી પાસ સ્થળ પરથી મળશે અને વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ' ફેસબુક પેજ પર લાઈવ પ્રસારણ પણ થશે. સ્થળ પર ૧૦ દિવસ એમ્બ્યુલન્સ અને ડો. અમિત અંબાયતા, ડો. હિતેષ ચંદવાણીયા, ડો. દેવેન સંચાણીયા, ડો. આશિષ અંબાયતા, ડો. અમિત ઉછડીયા, ડો. પૂનમ ઉછડીયા અને મુકેશભાઈ પંચાસરા સહિતના ડોકટરોની ટીમ તબીબી સેવા આપશે. સુરક્ષા માટે 'શી' ટીમ અને અભયમ ટીમ પણ તૈનાત રહેશે. આ પ્રસંગે જગદીશભાઈ વિશ્વકર્મા, પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, ભાનુબેન બાબરીયા, ડો. માધવભાઈ દવે, નેહલ શુક્લ, મેયર, ધારાસભ્યો અને કોર્પોરેટરો તેમજ દિનેશભાઈ અંબાયતા, મહેશભાઈ ભાડેશીયા, વિનયભાઈ તલસાણિયા, મુકેશભાઈ વડગામા, વિજયભાઈ દ્રાંગધરિયા, જેન્તીકુમાર પંચાસરા અને કિશોરભાઈ જોલાપરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ આયોજન અંગે માહિતી આપતા માટે પરેશભાઈ વાલંભીયા, મહેશભાઈ બદ્રકીયા, પ્રફુલભાઈ બકરાણીયા, સુનિલભાઈ પંચાસરા અને હર્ષદભાઈ બકરાણીયાએ અબતકની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# પંજાબ નેશનલ બેંક ખાતે રાજભાષા સમારોહમાં વિજેતાઓને પુરસ્કાર એનાયત



**અબતક, રાજકોટ**

પંજાબ નેશનલ બેંક, મંડળ કચેરી રાજકોટ ખાતે પુરસ્કાર વિતરણ અને મુખ્ય રાજભાષા સમારોડનું આયોજન કરવામાં આવ્યું. સમારોહમાં મંડળ પ્રમુખ શિવ કુમાર શ્રીવાસ્તવએ રાજભાષા હિન્દીના વધુમાં વધુ ઉપયોગ અને પ્રચાર-પ્રસાર પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે વિવિધ હિન્દી સ્પર્ધાઓના વિજેતાઓને પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અભિષેક બારડઠ, પ્રબંધક (રાજભાષા) દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચેસમાં ઉર્વશી ઝાલાએ પોતાનું કૌશલ્ય બતાવીને વેસ્ટ ઝોન આંતર યુનિ. સ્તરે કોલેજનું પ્રતિનિધિત્વ કર્યુ

**અબતક, રાજકોટ**

શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટની વિદ્યાર્થિની ઉર્વશી ઝાલાએ આંતર-કોલેજ ચેસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. તેના સતત બીજા વર્ષમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે તેને વેસ્ટ ઝોન આંતર-યુનિવર્સિટી ચેસ સ્પર્ધામાં ભાગ લેવાની તક મળી હતી. આ સ્પર્ધા જે. જે. ટી. યુનિવર્સીટી, ઝુનઝુનુ (રાજસ્થાન) ખાતે યોજાઈ હતી.

ઉર્વશીએ આંતર-કોલેજ સ્પર્ધામાં પોતાના કૌશલ્યનું પ્રદર્શન કરીને વેસ્ટ ઝોન આંતર-યુનિવર્સિટી સ્તરે કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું. આ સિદ્ધિ બદલ કોલેજનાં આચાર્યશ્રી ડો. સ્નેહલ પલાણ, સ્પોર્ટ્સ વિભાગના પ્રો. રાજેન્દ્ર સેજલીયા તથા સમગ્ર કોલેજ પરિવારે ઉર્વશી ઝાલાને અભિનંદન પાઠવ્યાં હતાં અને ભવિષ્યમાં રમતગમત ક્ષેત્રે વધુ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.




# કેમ છો રાજુભાઈ મજામાં મુખ્યમંત્રીએ હાલ ચાલ પુછ્યા



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટના મોંઘેરા મેહમાન બન્યા હતા ગ્રામ હાટના લોકાર્પણ માટે આવેલા સીએમને રાજકોટના આંગણે ગુજરાત પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય અને સૌરાષ્ટ્રના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે આવકાર્યા હતા. મુખ્યમંત્રીએ પણ ખેંચી રાજુભાઈ મજામાં એમ કહી હાલ ચાલ પુછ્યા હતા.



### દ્રાક્ષ ''ખાટી'' લાગી...!!!

# મુકેશ અંબાણીને વડાપ્રધાન સંબોધી એલોન મસ્કે ''વસવસો'' ઠાલવ્યો!

## ભારતમાં સ્ટારલિંકના પ્રવેશમાં અડચણો આવતા મસ્કે મુકેશ અંબાણી પર નિશાન સાધ્યું: કેન્દ્ર સરકારે આક્ષેપો ફગાવ્યા

**અબતક, નવી દિલ્હી**

દેશમાં સેટેલાઈટ કમ્યુનિકેશન સેવાઓ શરૂ કરવાના મુદ્દે વૈશ્વિક કંપની અને સ્થાનિક ટેલિકોમ જાયન્ટ વચ્ચે ચાલી રહેલું વાકયુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું છે. વિદેશી સેટેલાઈટ કંપનીના વડા એલન મસ્કે સોશિયલ મીડિયા પર આકરા શાબ્દિક પ્રહારો કરીને ઉદ્યોગપતિ મુકેશ અંબાણી દેશના સાચા શાસક હોવાનો વ્યંગ કર્યો છે અને પોતાની સેવાઓને ભારતમાં અટકાવવા પાછળ બજારમાં ઈજારાશાહી જાળવી રાખવાનો પ્રયાસ હોવાનો આક્ષેપ લગાવ્યો છે. આ શાબ્દિક હુમલા બાદ ભારતીય ટેલિકોમ ક્ષેત્રે ભારે ચર્ચા જાગી છે.

વિગતવાર વિગતો મુજબ, ટેસ્લા અને સ્પેસએક્સના વડા એલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર મોડી રાત્રે કરેલી એક પોસ્ટમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી પર સીધો પ્રહાર કર્યો હતો. તેમણે કટાક્ષભર્યા અંદાજમાં લખ્યું કે, ''ડિયર પ્રાઈમ મિનિસ્ટર અંબાણી, તમે ભારતના અસલી બોસ છો તે ન સમજવા બદલ મારી નમ્ર માફી સ્વીકારો. સ્વાભાવિક રીતે તમે ભારતના મહાન લોકોનું તમારું એકાધિકારવાદી શોષણ ચાલુ રાખવા ઈચ્છતા હશો, પરંતુ તેમ છતાં શું તમે સ્ટારલિંકને સ્પર્ધા કરવાની મંજૂરી આપવા અંગે વિચારશો?'' ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓની મંજૂરીમાં કથિત વિલંબ થતાં મસ્ક છેલ્લા ત્રણ દિવસથી આક્રમક વલણ દાખવી રહ્યા છે. પ્રથમ દિવસે તેમણે કોઈનું નામ લીધા વિના કેટલાક અબજોપતિઓ સ્ટારલિંકના પ્રવેશને રોકી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને બીજા દિવસે 'શું અંબાણી ભારતના અસલી બોસ છે?' તેવો સવાલ કર્યો હતો.

પોતાની સેવાની જરૂરિયાત પર ભાર મૂકતાં એલોન મસ્કે જણાવ્યું હતું કે, અન્ય દેશોની જેમ ભારતમાં પણ એવા અનેક વિસ્તારો છે જ્યાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચી નથી. આના કારણે ગ્રામીણ બાળકો શિક્ષણથી અને નાના વેપારીઓ વૈશ્વિક બજારમાં સામાન વેચવાની તકોથી વંચિત રહે છે. સ્ટારલિંકની સેવા તેમના જીવનમાં મોટો સુધારો લાવી શકે છે. વધુમાં, કુદરતી આપત્તિઓ વખતે જ્યારે અન્ય તમામ સંચાર નેટવર્ક ઠપ થઈ જાય છે ત્યારે પણ સ્ટારલિંકે વૈશ્વિક સ્તરે જીવન બચાવવાનું મહત્વનું કામ કર્યું છે. ભારતમાં સેટેલાઈટ સેવાની મંજૂરી મેળવવાની સ્પર્ધામાં સ્ટારલિંક ઉપરાંત સુનિલ ભારતી સમર્થિત યુટેલસેટ વનવેબ અને મુકેશ અંબાણીની રિલાયન્સ જિયો સામેલ છે, જ્યારે જેફ બેઝોસની એમેઝોન પ્રોજેક્ટ કુઈપર પણ લાઈસન્સ મેળવવાની તૈયારીમાં છે.

એલોન મસ્કના આક્ષેપો સામે કેન્દ્રીય ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' ખાતે સરકારનો પક્ષ મૂકતાં જણાવ્યું હતું કે, ભારત કોઈપણ ક્ષેત્રમાં ઈજારાશાહીને મંજૂરી આપતું નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર ટેકનોલોજી પ્રત્યે તટસ્થ છે અને સેટેલાઈટ સેવા માટે ત્રણ કંપનીઓ (મિત્તલ, જિયો અને મસ્ક) પાસે લાઈસન્સ ઉપલબ્ધ છે. સરકાર જ્યારે રેવન્યુ આધારિત સ્પેક્ટ્રમ ચાર્જ નક્કી કરશે ત્યારે નિયમાનુસાર સ્પેક્ટ્રમ ફાળવવામાં આવશે અને કંપનીઓ વ્યક્તિગત રીતે સુરક્ષા સંબંધિત શરતો પૂર્ણ કરશે એટલે તેઓ સેવા શરૂ કરી શકશે. ફ્રી માર્કેટમાં ગ્રાહકોને પોતાની પસંદગીની સેવા પસંદ કરવાનો અધિકાર છે અને સરકાર સેટેલાઈટ સ્પેક્ટ્રમ પ્રાઈસિંગ અંગે ટ્રાઈની ભલામણો પર ઝડપથી અંતિમ નિર્ણય લેવાની દિશામાં કામ કરી રહી છે.

# એસએમઈ આઈપીઓ ગુજરાતમાં અવ્વલ નંબરે છેલ્લા ૬ મહિનામાં ૩૫ કંપનીઓ ભરણામાં ગઈ

## રેસમાં મહારાષ્ટ્ર ૩૨ એસએમઈ આઈપીઓ સાથે બીજા સ્થાને અને દિલ્હી ૧૯ આઈપીઓ સાથે ત્રીજા સ્થાને રહ્યું




**અબતક, અમદાવાદ**

ગુજરાત હંમેશાં તેના ઉદ્યોગસાહસિકતા, વ્યાપારી માહોલ અને બિઝનેસ કલ્ચર માટે દેશભરમાં મોખરે રહ્યું છે, અને હવે તેણે નાણાકીય બજારમાં પણ એક નવો ઈતિહાસ રચ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં (એપ્રિલથી સપ્ટેમ્બર) નાના અને મધ્યમ ઉદ્યોગો દ્વારા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગના માધ્યમથી ફંડ એકત્ર કરવામાં ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને ઉદ્યોગોની વિસ્તરણ ક્ષમતાની સાક્ષી પૂરે છે.

બીએસઈ અને એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ મળીને ગુજરાતની કુલ ૩૫ એસએમઈ કંપનીઓએ ચાલુ નાણાકીય વર્ષમાં આઈપીઓ લોન્ચ કર્યા છે. બીએસઈ એસએમઈ ડેટા મુજબ, ૧૯ ગુજરાતી કંપનીઓએ મળીને રૂ. ૬૦૬ કરોડ એકત્ર કર્યા છે, જ્યારે ૧૬ કંપનીઓ એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટ થઈ છે. આ રેસમાં મહારાષ્ટ્ર ૩૨ એસએમઈ આઈપીઓ સાથે બીજા સ્થાને અને દિલ્હી ૧૯ આઈપીઓ સાથે ત્રીજા સ્થાને રહ્યું છે. અગાઉના વર્ષોની સરખામણીએ પણ ગુજરાતના નાના ઉદ્યોગોમાં પબ્લિક માર્કેટ દ્વારા મૂડી મેળવવાનો પ્રવાહ સતત મજબૂત રહ્યો છે. ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરના નાના અને મધ્યમ ઉદ્યોગોનું એક મજબૂત નેટવર્ક આવેલું છે. રાજ્યમાં પેઢી દર પેઢી વેપાર કરવાની અને શેરબજાર તેમજ રોકાણ પ્રત્યે સકારાત્મક અભિગમ ધરાવતી સંસ્કૃતિ છે.આજના સ્પર્ધાત્મક યુગમાં નાના વ્યવસાયો પોતાના બિઝનેસને મોટા પાયે વિસ્તારવા માટે ગ્રોથ કેપિટલ અને વૈશ્વિક સ્તરે ઓળખ મેળવવા માંગે છે.

### સતત ૧૬માં વર્ષે

# કાલે પ્રથમ નોરતે કાગવડથી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ જોડાશે

## નવલા નોરતા દરમિયાન દરરોજ માતાજીને અવનવા શણગાર, હવન અને ધ્વજારોહણ કરાશે

**અબતક, રાજકોટ**

આગામી તારીખ ૧૧ ઓક્ટોબરથી હિંદુ ધર્મના સૌથી લાંબા તહેવાર ગણાતા નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. દર વર્ષની પરંપરા પ્રમાણે સતત ૧૬મા વર્ષે નવરાત્રિના પ્રથમ દિવસે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામ ટ્રસ્ટ -કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ પદયાત્રામાં દર વર્ષની જેમ બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે અને ખોડલધામ મંદિરે પહોંચી મા ખોડલના દર્શન કરી, આશીર્વાદ લેશે. કાગવડ ગામથી ખોડલધામ મંદિરે પદયાત્રા થકી પહોંચ્યા બાદ મંદિરે ધ્વજારોહણ કરવામાં આવશે. નવરાત્રિના નવે-નવ દિવસ માતાજીને અવનવા શણગાર, હવન અને ધ્વજારોહણ કરી શ્રદ્ધાળુઓ



આરાધના કરશે. નવરાત્રિ દરમિયાન ખોડલધામ મંદિર પરિસર લાઈટિંગથી ઝગમગી ઉઠશે.

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા દર વર્ષે આસો મહિનાની નવરાત્રિના પ્રથમ નોરતે ખોડલધામ મંદિર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જે ક્રમ આ વર્ષે પણ ચાલુ રાખી પ્રથમ નોરતે સવારે ૯ કલાકે કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધીની યોજાનાર પરંપરાગત પદયાત્રામાં શ્રદ્ધાળુઓ જોડાશે અને મા ખોડલના જય જયકાર સાથે ખોડલધામ મંદિર પહોંચશે અને મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી ધ્વજારોહણ કરવામાં આવશે. પ્રથમ નોરતે ખોડલધામ મંદિર પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં યજ્ઞ પણ કરવામાં આવશે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની આગેવાનીમાં યોજાનારી આ પદયાત્રામાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓ, સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટના ટ્રસ્ટીઓ, લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ-સોમનાથના ટ્રસ્ટીઓ, અન્ય સમિતિઓ અને તમામ સમાજના ભાઈઓ-બહેનો જોડાશે.

આ વર્ષે કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધીની યોજાનાર પદયાત્રાને લઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. પદયાત્રાના રૂટ પર સ્વયંસેવકો વ્યવસ્થા જાળવવા ખડેપગે રહેશે. ખોડલધામ મંદિર ખાતે શ્રદ્ધાળુઓ માટે ફરાળ અને અલ્પાહારની વ્યવસ્થા કરાઈ છે. મા ખોડલના રથની આગેવાનીમાં ગરબે રમતાં રમતાં શ્રદ્ધાળુઓ પદયાત્રામાં જોડાઈને ખોડલધામ મંદિરે પહોંચશે. પદયાત્રાનું સમાપન ખોડલધામ મંદિરે થશે. મંદિરે પહોંચીને મા ખોડલની મહાઆરતી કરી મંદિરના શિખર પર ધ્વજારોહણ કરી નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવશે.

# આપણામાં ઉર્જા અને ઉત્સાહ હોય તો દરેક પડકારોનો સામનો કરવા સક્ષમ

## તણાવ આજે ઈશ્વરની જેમ સર્વવ્યાપી થઇ ગયો છે, તે દરેક જગ્યાએ મોજૂદ છે: શ્રીશ્રી રવિશંકર મહારાજ

**અબતક, રાજકોટ**

તણાવ આજે ઈશ્વરની જેમ સર્વવ્યાપી થઈ ગયો છે, તે દરેક જગ્યાએ મોજૂદ છે.

આખરે તણાવ છે શું? હું આને આ રીતે વ્યાખ્યાયિત કરું છું કામ ઘણું વધારે હોય, સમય ઘણો ઓછો હોય અને તે કરવા માટે ઊર્જા ન હોય. જ્યારે આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે છે, ત્યારે તણાવ આપણી ઊર્જાને એટલી હદે શોષી લે છે કે દિવસ શરૂ થતાં પહેલાં જ આપણે પોતાની જાતને થાકેલા અનુભવવા લાગીએ છીએ. આજે આ જ સ્થિતિને બર્નઆઉટ કહેવામાં આવે છે. તો આમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી?

એક ઉપાય એ છે કે કામનો બોજ ઘટાડી દેવામાં આવે, પરંતુ આજના સમયમાં આ સહેલું લાગતું નથી. બીજો વિકલ્પ એ છે કે ઉપલબ્ધ સમય વધારી દેવામાં આવે, જે લગભગ અશક્ય છે. આવી સ્થિતિમાં આપણી પાસે એક જ ઉપાય બચે છે આપણી ઊર્જાના સ્તરને વધારવું. જ્યારે આપણામાં પૂરતી ઊર્જા અને ઉત્સાહ હોય છે, ત્યારે આપણે જીવનના કોઈપણ પડકારનો સામનો કરવા અને તેને સંભાળવા સક્ષમ બનીએ છીએ.



પોતાની ઊર્જા વધારવા માટે ધ્યાન અને સુદર્શન ક્રિયા જેવી શ્વાસોચ્છવાસની પ્રક્રિયાઓ અત્યંત સહાયક છે. આ તકનીકો થોડી જ મિનિટોમાં આપણું ઊર્જા-સ્તર વધારવામાં મદદ કરે છે.

નિઃશંકપણે, ઊંઘ જરૂરી છે; પરંતુ ઊંઘમાંથી મળતો આરામ એક પ્રકારનો નિષ્ક્રિય આરામ છે. સચેત આરામ ધ્યાનથી પ્રાપ્ત થાય છે.

ધ્યાનનો અર્થ એ નથી કે બેસીને કોઈ વિષય વિશે વિચારતા રહેવું. ઘણા લોકો મનમાં સતત કંઈક ને કંઈક કરતા રહે છે; કંઈક કલ્પના કરે છે, કંઈક દ્રશ્યો મનમાં રચે છે. દુર્ભાગ્યે, આ ધ્યાન નથી. ધ્યાનનો અર્થ છે સંપૂર્ણપણે છોડી દેવું, સહજ થવું અને ઊંડા વિશ્રામમાં ઊતરી જવું. લોકોએ એવો અનુભવ કર્યો છે કે ૨૦ મિનિટનું ધ્યાન તેમને ૮ કે ૧૦ કલાકની ઊંઘ કરતાં પણ વધુ ઊર્જાવાન અનુભવકરાવી શકે છે.

ઊર્જાના ચાર મુખ્ય સ્ત્રોત છે આહાર, નિદ્રા, શ્વાસ અને શાંત તથા ધ્યાનમય મન. સંતુલિત અને પૌષ્ટિક આહાર લો, તે પણ સંયમિત માત્રામાં. રોજ ૬ થી ૮ કલાકની ઊંઘ લો, ન તેનાથી વધુ, ન ઓછી. ઊંડા શ્વાસ લેવાની કેટલીક સરળ રીતો શીખો અને સવાર-સાંજ ૧૫-૨૦ મિનિટ ધ્યાન કરો. આટલું જ તમને આખો દિવસ ઊર્જાવાન રાખવા માટે પૂરતું સાબિત થઈ શકે છે. તમે પોતાના ઊર્જા-સ્તરમાં તરત જ તફાવત અનુભવશો.આધ્યાત્મિક જ્ઞાન પણ આપણને એક વિશિષ્ટ પ્રકારની ઊર્જા પ્રદાન કરે છે, અને આ બધામાં ધ્યાનનું સ્થાન સર્વોપરી છે.

ધ્યાન ઉપરાંત, જ્યારે લાગણીઓ આપણી બુદ્ધિ પર હાવી થવા લાગે છે, ત્યારે સંતુલન ફરીથી પ્રાપ્ત કરવામાં શ્વાસ એક અત્યંત વ્યવહારુ સાધન બની શકે છે. સુદર્શન ક્રિયા લાગણીઓના આ પ્રબળ પ્રવાહમાંથી બહાર નીકળવામાં ખૂબ મદદરૂપ થાય છે. તે જાણે અંદર એક ઑટોમેટિક વાલ્વની જેમ કાર્ય કરે છે, જે નકારાત્મક લાગણીઓને નિયંત્રણ બહાર જતી રોકવામાં મદદ કરે છે. તેથી જીવનની વ્યસ્તતા વચ્ચે પોતાને ખોઈ બેસવાના બદલે, પોતાની ઊર્જાના સ્ત્રોતો સાથે જોડાઓ. તણાવને જીવન પર હાવી ન થવા દો, થોડી ક્ષણો થોભો, ઊંડો શ્વાસ લો, ધ્યાન કરો અને અંદરની ઊર્જાને ફરીથી જાગૃત થવા દો.

# દુબઈથી પેન્ટના ગજવામાં સોનું સંતાડી લાવેલો ભરૂચનો યુવક અમદાવાદ એરપોર્ટ પર ઝડપાયો

## ૫૮૨.૭ ગ્રામ વજનના, વિદેશી માર્કિંગવાળા પાંચ સોનાના બિસ્કિટ મળી આવ્યા, કસ્ટમ્સ એક્ટે ૧૯૬૨ હેઠળ સોનું જપ્ત કરી મુસાફરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરાઈ

**અબતક, રાજકોટ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની દાણચોરી અને પ્રતિબંધિત ચીજવસ્તુઓની હેરાફેરીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે કસ્ટમ્સ વિભાગે વધુ એક મોટું દાણચોરીનું નેટવર્ક ઝડપી પાડ્યું છે. આજે દુબઈથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા ભરૂચના એક મુસાફર પાસેથી અંદાજે ₹૮૯ લાખની કિંમતના ૨૪ કેરેટ શુદ્ધ સોનાના બાર મળી આવ્યા હતા. કસ્ટમ્સ વિભાગે આ સમગ્ર



મુદ્દામાલ જપ્ત કરી મુસાફરની ધરપકડ કરી છે અને આ સોનું કોના માટે લાવવામાં આવ્યું હતું તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

કસ્ટમ્સ વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદ કસ્ટમ્સના 'એર ઈન્ટેલિજન્સ યુનિટ'ના અધિકારીઓને પેસેન્જર પ્રોફાઈલિંગ મારફતે ગુપ્ત બાતમી મળી હતી. આ માહિતીના આધારે, દુબઈથી આવેલી 'ફ્લાયદુબઈ'ની ફ્લાઈટ નંબર એફઝેડ-૪૩૭ દ્વારા અમદાવાદ એરપોર્ટ પર ઉતરેલા એક શંકાસ્પદ પુરુષ મુસાફરને ચેકિંગ પોઈન્ટ પર અટકાવીને પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. મુસાફરની અંગજડતી લેતાં તેના પેન્ટના ખિસ્સામાંથી અત્યંત ચાલાકીપૂર્વક છુપાવેલા વિદેશી બનાવટના પાંચ ટીટી ગોલ્ડ બાર મળી આવ્યા હતા. આ તમામ બાર ૯૯૯.૦ શુદ્ધતા ધરાવતા એટલે કે ૨૪ કેરેટના હતા. કસ્ટમ્સ દ્વારા વજન કરાવતાં તેનું કુલ વજન ૫૮૨.૭૦૦ ગ્રામ નીકળ્યું હતું, જેનું બજાર મૂલ્ય ₹૮૮,૯૭,૮૨૯ (અંદાજે ₹૮૯ લાખ) આંકવામાં આવ્યું છે. આ સોના-ચાંદીના જથ્થા અંગે મુસાફર પાસે કોઈ બિલ કે માન્ય દસ્તાવેજ નહોતા અને તેણે કસ્ટમ્સ ડિક્લેરેશનમાં પણ આ અંગે કોઈ જાહેરાત કરી નહોતી.

બિનઅધિકૃત રીતે દાણચોરી કરવાનો ગુનો બનતો હોવાથી કસ્ટમ્સ અધિકારીઓએ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની જોગવાઈઓ હેઠળ સોનું જપ્ત કરી મુસાફરની ધરપકડ કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં મુસાફર માત્ર કેરિયર તરીકે કામ કરી રહ્યો હતો કે પછી કોઈ મોટા સ્મગલિંગ સિન્ડિકેટ સાથે સીધો જોડાયેલો છે, તેમજ દુબઈમાં આ સોનું કોણે આપ્યું હતું અને અમદાવાદ એરપોર્ટ બહાર કોને ડિલિવરી આપવાની હતી તે દિશામાં કસ્ટમ વિભાગ દ્વારા કડક પુછપરછ કરવામાં આવી રહી છે.

# ભારત સ્વસ્તિક યાત્રાનો પૂ.મોરારિબાપુના વ્યાસાસનેથી થયો શુભારંભ



**અબતક, રાજકોટ:**'ભારત સ્વસ્તિક યાત્રા' રામકથા શુભારંભ ઉપક્રમ ઈશ્વરિયા શનિવાર તા.૧૦-૧૦-૨૦૨૬ (મૂકેશ પંડિત દ્વારા) આદિ શંકરાચાર્યજીની ભાવ વંદના સાથે મોરારિબાપુ દ્વારા દિવ્ય સનાતન સંદેશ હેતુ 'ભારત સ્વસ્તિક યાત્રા' રામકથા શુભારંભ કાર્યક્રમ ઉમંગ સાથે યોજાયો. કન્યાકુમારી સ્થાનમાં પ્રથમ દિવસ રામકથા પ્રારંભ અગાઉ રેલમથક ઉપર યાત્રા શુભારંભ ઉપક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે મોરારિબાપુએ પ્રાસંગિક ભાવ વ્યક્ત કરતાં આ યાત્રામાં ત્યાગ, તપ, તિતિક્ષા અને તર્પણ એ ચાર પાસા તત્ત્વ મહત્વનાં ગણાવ્યાં. આ કથામાં દેશ અને વિદેશનાં ભાવિક ભક્તો જોડાયાં છે. બે રેલ ગાડી 'કૈલાસ' અને 'ચિત્રકુટ' દ્વારા રસિક શ્રોતાઓને આ લાભ પ્રાપ્ત થયો છે.

### કચ્છમાં ખાવડા નજીક અકસ્માતમાં અવસાન પામેલા લોકોને શ્રધ્ધાંજલિ અને સહાય

કચ્છમાં ખાવડા પાસે ગત રાત્રીના સુમારે એક દર્દનાક અકસ્માત થયો હતો. ફેક્ટરીમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકોથી ખીચોખીચ ભરેલ પીકઅપ વાન અને ડમ્પર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો અને તેમાં પ્રાપ્ત માહિતી મુજબ ૭ લોકોનાં કરુણ મોત નિપજ્યા છે. નાના પીકઅપ વાનમાં ૩૦ જેટલા શ્રમિકો મુસાફરી કરી રહ્યા હતા અને તે પૈકી ૭ લોકોનાં મોત નિપજ્યા હતા. મરણ પામનાર ઉત્તર પ્રદેશ અને બિહારનાં આ શ્રમિકોને પૂજ્ય મોરારિબાપુએ સંવેદના સાથે ૧,૦૫૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે અને તેમને શ્રદ્ધાંજલિ આપી છે. કંપની પાસેથી વિગતો મેળવીને આ રાશિ શ્રમિકોનાં પરિવારને પહોંચાડવામાં આવશે. જેની વિતિય સેવા મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા કરવામાં આવી છે. મોરારિબાપુએ સૌનાં નિર્વાણ માટે હનુમાનજીનાં ચરણોમાં પ્રાર્થના કરી છે અને તેમનાં પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# બે લાખ શિક્ષકો અને કર્મીઓના વાર્ષિક અહેવાલ ઓનલાઈન ભરાશે

## ૧૬ થી ૩૧ ઓક્ટોબર સુધી તમામ કર્મચારીઓએ પોર્ટલ પર પોતાની પ્રાથમિક માહિતી જાતે ચકાસીને અપડેટ કરવાની રહેશે: સમયમર્યાદાનું પાલન ન કરનાર સામે કાર્યવાહી કરાશે

**અબતક, રાજકોટ**

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા ૨ લાખથી વધુ કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ લખવાની અને સમીક્ષા કરવાની પ્રક્રિયા પ્રથમવાર સંપૂર્ણપણે ઓનલાઈન કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આમાં વિદ્યાસહાયકો, પ્રાથમિક શિક્ષકો, મુખ્ય શિક્ષકો તેમજ પ્રતિનિયુકિત પર કાર્યરત સી.આર.સી. અને બી.આર.સી. કોઓર્ડિનેટર્સનો સમાવેશ થાય છે.અગાઉ આ અહેવાલો ઓફલાઈન પદ્ધતિથી ભરાતા હોવાથી તેની જાળવણીમાં મુશ્કેલી પડતી હતી. જેના કારણે જિલ્લાફેર બદલી કે ઉચ્ચતર પગારધોરણ જેવા પ્રશ્નોના નિરાકરણમાં અકારણ વિલંબ થતો હતો. નવી ઓનલાઈન વ્યવસ્થા 'શિક્ષક પોર્ટલ'ના માધ્યમથી પાર પાડવામાં આવશે. આ ઓનલાઈન પદ્ધતિ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય અહેવાલોની જાળવણી સરળ બનાવવાનો અને લાંબી પ્રક્રિયાગત વિલંબની ફરિયાદોનું કાયમી નિવારણ લાવવાનો છે. શિક્ષણ વિભાગ દ્વારા આ પ્રક્રિયા માટે એક નિશ્ચિત સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ ઓક્ટોબર સુધી ઓનલાઈન અહેવાલ જનરેટ કરવામાં આવશે.૧૬ થી ૩૧ ઓક્ટોબર સુધી તમામ કર્મચારીઓએ પોર્ટલ પર પોતાની પ્રાથમિક માહિતી જાતે ચકાસીને અપડેટ કરવાની રહેશે ત્યારબાદ ૧ નવેમ્બર થી ૩૦ નવેમ્બર સુધી સંબંધિત અધિકારી દ્વારા ઓનલાઈન મૂલ્યાંકન કરવામાં આવશે અને ૧ ડિસેમ્બર થી ૩૦ ડિસેમ્બર સુધી સમીક્ષા કરનાર અધિકારી દ્વારા ઓનલાઈન સમીક્ષાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.ઓનલાઈન ફોર્મ એકવાર સબમિટ થઈ ગયા બાદ અથવા તેની નિર્ધારિત સમયમર્યાદા પૂરી થયા પછી તેમાં કોઈ પણ પ્રકારના સુધારા-વધારા કરવા કે ફોર્મ પરત ખેંચવાનો કોઈ જ અવકાશ રહેશે નહીં.જો કોઈ અધિકારી નક્કી કરેલી સમયમર્યાદામાં અહેવાલ લખવાની કે સમીક્ષા કરવાની કામગીરી પૂર્ણ નહીં કરે, તો સિસ્ટમ દ્વારા તે અહેવાલ આપોઆપ આગળના તબક્કામાં પહોંચી જશે. આ ઉપરાંત, વિલંબ માટે જવાબદાર અધિકારી કે કર્મચારી સામે સીધી કડક કાર્યવાહી કરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# રાજમાર્ગોની સફાઈ માટે કોર્પોરેશન વધુ ૧૦ સ્વીપર મશીન ખરીદશે

## હવાના પ્રદૂષણ અને રજકણો ઘટાડવા ત્રણ મિસ્ટ કેનન પણ વસાવાશે: રૂ.૯.૭૩ કરોડનાં આધુનિક મશીનો ખરીદવા ટૂંક સમયમાં સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સ્વચ્છતા વધારવા તેમજ હવાના પ્રદૂષણને ઘટાડવા માટે કોર્પોરેશન દ્વારા વધુ આધુનિક મશીનરી ખરીદવામાં આવશે. કોર્પોરેશન દ્વારા વધુ ૧૦ સ્વીપર મશીન અને ત્રણ મિસ્ટ કેનન મશીન ખરીદવા માટે ખર્ચે મંજૂરી અંગેની દરખાસ્ત ટૂંક સમયમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

કોર્પોરેશન પાસે હાલમાં રસ્તાઓની સફાઈ માટે ૧૦ સ્વીપર મશીન કાર્યરત છે. હવે પ્રતિ મશીન રૂ. ૮૨ લાખના ખર્ચે વધુ ૧૦ સ્વીપર મશીન ખરીદવાની યોજના બનાવવામાં આવી છે. આ માટે અંદાજે રૂ. ૮.૨૦ કરોડનો ખર્ચ થશે. નવી ખરીદી બાદ મનપા પાસે કુલ ૨૦ સ્વીપર મશીન ઉપલબ્ધ થશે. તેના કારણે શહેરના મુખ્ય માર્ગોની સફાઈ વધુ અસરકારક રીતે થઈ શકશે અને રસ્તા પર ઊડતી ધૂળમાં પણ ઘટાડો થશે.

આ ઉપરાંત શહેરમાં હવાના પ્રદૂષણ અને રજકણો ઘટાડવા માટે ત્રણ નવા મિસ્ટ કેનન મશીન ખરીદવામાં આવશે. એક મિસ્ટ કેનન મશીનની કિંમત રૂ. ૫૧ લાખ હોવાથી ત્રણ મશીન માટે અંદાજે રૂ. ૧.૫૩ કરોડનો ખર્ચ થશે. આ મશીન પાણીના અતિસૂક્ષ્મ ફુવારા છોડીને હવામાં રહેલા ધૂળના રજકણોને જમીન પર બેસાડે છે.

શહેરના જે વિસ્તારો અને માર્ગો પર હવાનું પ્રદૂષણ વધુ હોય અથવા એર ક્વોલિટી ઈન્ડેક્સ ખરાબ નોંધાતો હોય ત્યાં મિસ્ટ કેનન મશીન ખાસ ઉપયોગી બનશે. આ મશીનોથી હવામાં ઊડતી ધૂળને નિયંત્રિત કરવામાં મદદ મળશે અને આસપાસના વાતાવરણની ગુણવત્તામાં સુધારો થશે.

ગઈ રાત્રે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, પર્યાવરણ ઈજનેર સહિત મનપાના અધિકારીઓની ટીમે શહેરના માર્ગ પર સ્વીપર અને મિસ્ટ કેનન મશીનની કામગીરીનું જીવંત પ્રદર્શન નિહાળ્યું હતું. ડેમો દરમિયાન મશીનોની કાર્યક્ષમતા અને શહેરમાં તેના સંભવિત ઉપયોગ અંગે માહિતી મેળવવામાં આવી હતી.

સ્વીપર અને મિસ્ટ કેનન સહિતની આધુનિક મશીનરી ખરીદવા પાછળ અંદાજે રૂ. ૯.૭૩ કરોડનો ખર્ચ થવાની શક્યતા છે. આ ખરીદી માટે સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવશે. જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને ટૂંક સમયમાં સમગ્ર દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે.

# રામવન નજીક કારખાનામાંથી ૩૫૭ કિલો ઝીંક મેટલની ચોરી

## ભઠ્ઠી ખાતાની બાજુમાં આવેલા કારખાનાના ઉપરના ભાગેથી પ્રવેશી તસ્કરો રૂ. ૧.૨૭ લાખનો ધાતુ ઉઠાવી ગયા : આજીડેમ પોલીસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના રામનાથ ઈન્ડસ્ટ્રીયલ રોડ પર ધારા ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ કારખાનામાંથી તસ્કરો રૂ. ૧.૨૭ લાખની કિંમતનો ૩૫૭ કિલો ઝીંક મેટલ ઉઠાવી ગયા હતા. તસ્કરોએ બે-બે વાર કારખાનામાં ત્રાટકી ચોરીને અંજામ આપ્યો હતો. ચોરાઉ માલ તસ્કરોએ ફરિયાદી કારખાનેદારના મિત્રને જ વેંચતા ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. સમગ્ર મામલે આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે. જયારે ચોરીના અન્ય એક બનાવમાં ગંજીવાડા નજીક પીજીવીસીએલના કરાર આધારિત કર્મચારીનું ત્રણ સ્માર્ટ મીટર સહીતનું એક્સેસ મોટરસાયકલ તસ્કરો ઉઠાવી ગયા હતા.

રામવન નજીક રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં.-૪ માં રહેતા ૩૦ વર્ષીય યુવાન કારખાનેદાર અર્જુનભાઈ કરણભાઈ હુંબલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું વર્ષ ૨૦૨૧ થી રામનાથ ઈન્ડસ્ટ્રીયલ રોડ પર ધારા ઈન્ડસ્ટ્રીઝ -૨ માં શ્રીનાથજી મેટલ નામથી ભઠ્ઠી ચલાવું છું. અમે અહીં ઝીંક મેટલનો જુનો સ્ક્રેપ મગાવીને ઓગાળીને માલ તૈયાર કરીને બજારમાં વેચીએ છીએ. મારી ભઠ્ઠીમાં ત્રણ પુરુષ અને બે મહીલા પગારથી નોકરી કરે છે. રાતના સમયે ભઠ્ઠી બંધ કરી દેવામાં આવે છે અને અમે કોઈ ચોકીદાર રાખેલ નથી. અમારી ભઠ્ઠીમાં કાચો માલ આવે તે તૈયાર થઈ જાય પછી અમારા ડેલામાં અંદર રાખી છીએ અને જેમ ઓર્ડર આવે તેમ માલ બજારમાં મોકલી દઈએ છીએ.

કારખાનેદારે ફરીયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૮/૯/૨૦૨૬ ના રોજ સાંજના આશરે છ વાગ્યે મને મોહીતભાઈ દુધાત્રા (રહે.પટેલનગર,રાજકોટ) નો ફોન આવેલ કે, અર્જુનભાઈ તમારૂ મેટલ માર્કેટમાં સસ્તા ભાવમાં વેચાવા આવેલ છે. જેથી મે કારખાને જઈ તપાસ કરતા ૧૮૦ કિલો ઝીંક મેટલ જેની કિંમત રૂ. ૬૯,૩૦૦ મળી આવેલ ન હતો. જેથી મેટલની ચોરી થઈ ગયાની શંકા ઉપજી હતી. બાદ કારખાનાના સીસીટીવી કેમેરા જોતા કેમેરાના સેલ પુરા થઈ ગયા હોવાથી રેકોર્ડિંગ નહિ થયાની જાણ થઈ હતી. બાદ ગઈ તા. ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ છ વાગ્યે મને મોહીતભાઈએ ફરીવાર ફોન કરી કહેલ કે, ફરીવાર તમારી ભઠ્ઠીનો માલ આવેલ છે. જેથી મે તેમના કારખાને જઈ જોતા તેમણે મને એક ચીઠ્ઠી બતાવી કહેલ કે, તમારી ભઠ્ઠીનો ૧૭૭ કીલો માલ અમારે ત્યાં આવેલ છે. જેથી ફરી તેમણે કારખાને જઈ જોતા માલ ઓછો જોવા મળેલ હતો. ત્યારબાદ કારખાનેદારે તપાસ કરતા કારખાનાના દરવાજેથી આટલો બધો માલ નીકળી શકે તેમ ન હોય ભઠ્ઠીની બાજુમાં આવેલ કારખાનાના ઉપરના ભાગેથી તેમના કારખાનામાં પ્રવેશી રૂ.૧,૨૭,૮૦૬ ની કિંમતનો ૩૫૭ કિલો ઝીંક મેટલની ચોરી કરી લેવા મામલે યુવાને આજીડેમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે પીઆઈ એચ એન પટેલ અને પીએસઆઈ વી જી ડોડીયાની ટીમે સીસીટીવી ફૂટેજ સહિતના આધારે તપાસ આદરી છે.

### ગંજીવાડા પાસેથી પીજીવીસીએલના કર્મચારીનું ત્રણ સ્માર્ટ મીટર સહિતનું એક્સેસની ચોરી

#### થોરાળા પોલીસે તાત્કાલિક તસ્કર બેલડીને દબોચી એક્સેસ કબ્જે કર્યું : સ્માર્ટ મીટર અન્ય શખ્સને વેંચી માર્યાની કબૂલાત

નવા થોરાળાના ન્યુ ક્રિષ્ના પાર્ક-૨ શેરી નં.-૨ માં રહેતા ૨૨ વર્ષીય યુવાન અંકીતભાઈ નરેન્દ્રભાઈ દવેરાએ ફરિયાદમાં જણાવ્યુ હતું કે, હુ કોઠારીયા રોડ પી.જી.વી.સી.એલ. સબ ડીવીઝનમાં કોન્ટ્રાકટ બેજ પર ઈલેકટ્રીક સ્માર્ટ મીટર ફીટીંગ કરવાની નોકરી કરૂ છુ. મારી પડે મારા પિતાની માલીકીનુ સુઝુકી કંપનીનુ એકસસ મો.સા.જેના રજી.નં.-જીજે-૦૩-એમજી-૯૭૬૬ છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૦૭/૧૦/૨૦૨૬ ના રોજ બપોરના એક વાગ્યાની આસપાસ હુ મારા બાપુજીની માલીકીનું એકસેસ મોટર સાયકલ લઈને કોઠારીયા રોડ પી.જી.વી.સી.એલ.સબ ડીવીજનથી ગંજીવાડા શેરી નં. -૭૨ પાસે જાહેર શૌચાલયની સામે આવેલ હતો. ત્યાં મારૂ એકસેસ પાર્ક કરી નાસ્તો કરવા ગયેલ હતો. નાસ્તો કરી પંદર મીનીટ પછી પરત આવતા મે જે જગ્યાએ મારૂ એકસેસ પાર્ક કરેલ ત્યાં મારૂ વાહન મળી આવેલ નહિ. મારા એકસેસ મોટર સાયકલની ડેકીમાં બે સીંગલ ફેજના ઈલેકટ્રીક સ્માર્ટ મીટર તથા એક થ્રી ફેઝ ઈલેકટ્રીક સ્માર્ટ મીટર, સ્માર્ટ ઈલેકટ્રીક મીટરના સીલ ૦૯ નંગ સહીત એકસેસ મળી રૂ.૭૫ હજારની ચોરી કરી લેવાઈ હતી. જે મામલે યુવાને થોરાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે પીઆઈ શકિતસિંહ સોઢાની ટીમે તાત્કાલિક જ તપાસના ચક્રો ગતિમાન કરી તસ્કર અસીમ રજાક અબ્દુલ રાઉમા અને અરમાન ઉર્ફે ડબલ્યો શાહમદારને પકડી એકસેસ કબ્જે કર્યું હતું. જયારે બંને તસ્કરોએ સ્માર્ટ મીટર અન્ય શખ્સને વેંચી માર્યાની કેફિયત આપતાં પોલીસે વધુ એક શખ્સને દબોચી સ્માર્ટ મીટર કબ્જે કરવા તજવીજ આદરી છે.

# ઈમિટેશનના કારખાનેદારના રૂ. ૧.૨૦ લાખના પેકીંગ બોક્સ કોઠારીયાની મહિલા ઓળવી ગઈ

## પેકીંગ કામ કરતી મહિલાએ ૪૦૩૨ બોક્સ મેળવી ૩૭૮૨ પરત આપ્યા : ૨૫૦ બોક્સ જમા નહિ કરાવી ઠગાઈ આચરી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના પેડક રોડ ઈમિટેશનનું કારખાનું ધરાવતા કારખાનેદારને કોઠારીયા વિસ્તારની મહિલાએ રૂ. ૧.૨૦ લાખનો ચૂનો ચોપડ્યો હતો. પેકીંગ કામ કરતી મહિલાએ ૨૫૦ પેકીંગ બોક્સ પરત નહિ આપી ઠગાઈ આચરતા કારખાનેદારે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પેડક રોડ પર નારાયણનગર શેરી નં.-૫ માં રહેતા ૩૯ વર્ષીય યુવાન વિપુલભાઈ રમેશભાઈ દસાડીયાએ આરોપી તરીકે અસ્મિતાબેન ભગાભાઈ બાવળીયા (રહે. ખોડલધામ-૩, કોઠારીયા ગામ, રાજકોટ)નું નામ આપી જણાવ્યું હતું કે, હું નારાયણનગર શેરી નં.૦૧ માં પટેલ મેન્યુફેકચરીંગ નામથી ઈમીટેશનનું કારખાનું ચલાવું છું. જેમાં ઈમીટેશનના દાગીના બનાવી પેકીંગ કરી હોલસેલમાં વેચાણ કરીયે છીએ. ઈમીટેશનના દાગીના પેકીંગ કરવા કારીગરને કમીશન ઉપર આપીએ છીએ. કારીગરો તેના ઘરે ઈમીટેશનનો માલ લઈ જઈ પેકીંગ કરી અમને પરત આપે છે. જેનું મહેનતાણું અમે ચુકવીએ છીએ. છેલ્લા ત્રણ માસથી હું અસ્મિતાબેન ભગાભાઈ બાવળીયાને ઈમીટેશનનો માલ પેકીંગ કરવા માટે આપું છું.કારખાનેદારે વધુમાં જણાવ્યું હતું કે, ગત જૂન મહિનામાં અસ્મિતાબેનએ મારા કારખાને આવી ઈમિટેશનનું પેકીંગનું કામ આપવા બાબતે વાતચીત કરતા એક બોક્સ પેક કરવા પેટે ત્રણ રૂપિયા નક્કી કરી જુલાઈ મહિનામાં અસ્મિતા બેનને ૫૨૦૯ બોક્સ પેકીંગ કરવા માટે આપેલ હતા. તેઓ સમયસર પેકીંગ કરી પરત આપી દેતા હતા જેથી વિશ્વાસ બેસી ગયેલ હતો. જે બાદ ઓગસ્ટ મહિનામાં મે અસ્મિતાબેનને ૪૦૩૨ બોક્સ ઈમીટેશનનો કાચો માલ પેકીંગ કરવા માટે આપેલ હતો. જેમાં અલગ-અલગ પ્રકારના ૬૭ આર્ટીકલ હતા. જેમાંથી અસ્મિતાબેનએ આશરે ૩૭૮૨ બોક્સ તૈયાર કરી પરત આપેલ હતા અને બાકીના ૨૫૦ બોક્સ જમા કરાવેલ ન હતા. જેથી અસ્મિતાબેન પાસે ૨૫૦ બોક્સની ઉઘરાણી કરતા તેમણે કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હતો. જેથી અંતે કારખાનેદારે રૂ. ૧.૨૦ લાખની કિંમતના પેકીંગ બોક્સ ઓળવી જનાર મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી.

# નવરાત્રી પૂર્વે પોલીસનો સપાટો: બે સ્થળેથી વિદેશી દારૂ ઝડપાયો, સોની કારીગરની ધરપકડ

## આજીડેમ પોલીસે જડેશ્વર વેલનાથ પાર્કમાં દરોડો પાડી ૧૯ બોટલ કબજે કરી, આરોપી કમલેશ વાઘોરા નાસી છૂટ્યો

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા સપાટો બોલાવી બે સ્થળોએ વિદેશી વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે. જડેશ્વર વેલનાથ પાર્ક ના મકાનમાં આજીડેમ પોલીસે દરોડા પાડી ૧૯ બોટલ દારૂ કબજે કરી નાસી છૂટેલા કમલેશ વાઘોરાની શોધખોળ હાથ ધરવામાં આવી છે જ્યારે એ ડિવિઝન પોલીસે કોઠારીયા નાકા પાસે દિવાનપરામાં એકસેસ મોટરસાયકલ માંથી બે બોટલ દારૂ સાથે મનીષ લોઢીયા નામના સોની કારીગર ની ધરપકડ કરી છે જ્યારે નાસી છૂટેલા હરેશ નાથા ની શોધખોળ હાથ ધરવામાં આવી છે. નવરાત્રિના પર્વ પૂર્વે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમ જ અસામાજિક પ્રવૃત્તિઓને કડકાર્થે ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે આજીડેમ પોલીસ મથકના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે જડેશ્વર વેલનાથ પાર્ક ચારમાં રહેતો કમલેશ શામજી વાઘોરા નામના શખ્સ પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવી વેચાણ કરતો હોવાની કોન્સ્ટેબલ મનીષભાઈ ચિરોડીયાને મળેલી બાતમીના આધારે સ્ટાફ દ્વારા દરોડો પાડી મકાનમાંથી ૫૫ ૮૮ ની કિંમત નો ૧૯ બોટલ દારૂ મળી આવ્યો હતો દરોડાની ગંધ આવી જતા મકાન માલિક કમલેશ વાઘોરા નાસી જવામાં સફળતા મળતા તેને ઝડપી લેવા પોલીસ દ્વારા દોડધામ આદરવામાં આવી રહી છે જ્યારે એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે કાલાવડ રોડ કણકોટ ગામે રહેતો મનીષ સુરેશ લોઢિયા નામનો શખ્સ લષ ૩ એન આર ૯૨ ૧૮ નંબરનું એકસેસ મોટરસાયકલ માં દારૂની હેરાફેરી કરતો હોવાથી મળેલી બાતમીના આધારે કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા અને હેડ કોન્સ્ટેબલ કે બી બોરીચા સહિતના સ્ટાફ દ્વારા કોઠારીયા નાકા પાસે દિવાનપરા શેરી નંબર દસમાંવોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરનું પૂરપાટ ઝડપે નીકળેલ એકટીવા ના ચાલક મનીષ લોઢિયાને અટકાવી તલાસી લેતા જેમાંથી બે બોટલ દારૂ મળી આવતા પોલીસે દારૂ અને વાહન મળી ચાલી ૪૦૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો સોરઠીયા પ્લોટ શેરી નંબર છ માં રહેતો હરેશ નાથા વઘેરા આપવાનો હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે

### કોઠારીયા નાકા પાસે એક્સેસ પરથી ૨ બોટલ સાથે મનીષ લોઢીયા ઝડપાયો, હરેશ નાથાની શોધખોળ

# શ્યામનગરમાં પાર્ક કરેલા બે વાહનોમાં દેવનગરના પારસ પરમારે આગ લગાવી દીધી

## કોર્ટ મેરેજ કર્યા બાદ અણબનાવ થતાં પત્નિએ કરેલી અરજીનો ખાર રાખી કાંડી ચાંપી દેતા રૂ. ૪૫ હજારનું નુકસાન : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના રાજનગર ચોક નજીક શ્યામનગરમાં પાર્ક કરેલા બે વાહનોમાં દેવનગરમાં રહેતા શખ્સે આગ લગાવી દીધી હતી. પ્રેમલગ્ન કરનાર પત્નિ સાથે અણબનાવ બનતા તેણીએ કરેલી અરજીનો ખાર રાખી ઉશ્કેરાયેલા શખ્સે સાસરિયા પક્ષના વાહનોમાં કાંડી ચાંપી દીધાનું ખુલતા યુવાને ફરિયાદ નોંધાવી હતી.

રાજનગર ચોક પાસે શ્યામનગર શેરી નંબર ૨/૪ ના ખૂણે રહેતા પ્રશાંત હરસુખભાઈ સોલંકી (ઉ.વ.૨૮) દ્વારા માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચંદ્રેશનગર મેઈન રોડ પર દેવનગર શેરી નંબર-૩ પ્લોટ નંબર ૫૭૬ માં રહેતા પારસ ભવાનભાઈ પરમારનું નામ આપ્યું છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં દાદી લીલાબેન, માતા મંજુલાબેન તથા પિતા હસમુખભાઈ, નાની બહેન હેમાંશી તથા મોટી બહેન ધારા જે જામનગરના ફલ્લા ગામે સાસરીયે છે.



ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૭-૧૦ ના તેમણે ઘર પાસે રાખેલા જયુપીટર નંબર જીજે ૩ એલપી ૫૭૩૩ તથા તેના મોટા બહેનના નામનું વાહન નંબર જીજે૩એલ.ડી ૩૨૨૪ ઘર પાસે પાર્ક કર્યા હતા. તા. ૮/૧૦ ના મોડી રાત્રીના એકાદ વાગ્યા આસપાસ યુવાન માર્કેટયાર્ડમાં ફેરો કરવા માટે ગયો હતો. ત્યારે બંને વાહન વ્યવસ્થિત પાર્ક કરેલા પડ્યા હતા. બાદમાં વહેલી સવારના અઢી વાગ્યા આસપાસ પારસ પરમાર આગ લગાડી ભાગી ગયો હતો. શેરીમાં રહેતા પરષોત્તમભાઈએ ડેલી ખખડાવતા યુવાનના દાદી જાગી ગયા હતા અને દરવાજો ખોલતા પાર્ક પરસોત્તમભાઈએ કહ્યું હતું કે, તમારા વાહન સળગે છે બાદમાં પરિવારના સભ્યોએ સળગતા વાહન પર પાણી નાખી આગ ઓલવી નાખી હતી. આગમાં જયુપીટર સળગીને ખાખ થઈ ગયું હતું. જ્યારે અન્ય વાહનમાં પણ નુકસાન થયું હતું બંને વાહનમાં મળી અંદાજે રૂપિયા ૪૫,૦૦૦ નું નુકસાન થયું છે.

યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, તેની નાની બહેન હેમાંશી પારસને સ્કૂલમાં ભણતી ત્યારથી ઓળખે છે અને તેણે તેની સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. બાદમાં તકલીફ હોવાથી પારસ પરમાર વિરુદ્ધ અરજી આપી હતી. જે અરજીનો ખાર રાખી આ પારસ પરમારે બંને વાહનોમાં આગ લગાડી હતી. જે અંગે યુવાનની ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# એરપોર્ટ રોડ પર ઓનલાઈન આઈડી મારફતે ક્રિકેટ સટ્ટો રમતો યશ રાવલ ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી સટ્ટોડિયાને દબોચી મોબાઈલ કબ્જે કર્યો : આઈડી આપનારનું નામ ખોલવા તજવીજ

**અબતક, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ પરથી ક્રાઈમ બ્રાન્ચે ઓનલાઈન આઈડી મારફતે ક્રિકેટ સટ્ટો રમી રહેલા શખ્સને પકડી પાડ્યો હતો. સત્યસાંઈ રોડ પર રહેતા યશ રાવલ નામનો સટ્ટોડિયો ઓનલાઈન આઈડીમાં દાવ લગાવી નસીબ અજમાવી રહ્યો હતો ત્યાં ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી તેને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી આદરી હતી. જયારે આઈડી આપનાર શખ્સનું નામ ખોલાવવા તજવીજ આદરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ.એસ. ચાવડાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ચૌહાણ, કનકસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા સહિતની ટીમો ખાનગી વાહનમાં શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને હકીકત મળી હતી કે, એરપોર્ટ રોડથી હનુમાન મઢી તરફ જતા રોડ ઉપર આવેલ આરએમસીના બગીચા સામે દિવ્ય સિદ્ધિ પાર્કના ગેટ પાસે યશ રાવલ નામનો શખ્સ ઉભેલ છે. જે પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ, કસીનો તથા અન્ય ગેમ્સમાં ઓનલાઈન આઈડી તેમજ લાઈનના નંબર ઉપર પૈસાની હારજીતનો સટ્ટો રમી રહ્યો છે. જેથી તાત્કાલિક ક્રાઈમ બ્રાન્ચની ટીમે એરપોર્ટ રોડ પર દોડી જઈ યસ જ્યોતીન્દ્રભાઈ રાવલ (ઉવ ૩૦ રહે. શિલ્પન રીગાલીયા, ડી વિંગ - ૪૦૨, સત્ય સાઈ રોડ, રાજકોટ. મૂળ રહે. પાલીતાણા, ભાવનગર)ને અટકાયતમાં લઈ તેના ફોનની હિસ્ટ્રી ચેક કરતા તેમાં એકસચેન્જ.આઈઓ નામની આઈડી ખુલ્લી જોવા મળી હતી. જે બાબતે પૂછપરછ કરતા યસ રાવલે જણાવ્યું હતું કે તે કોએકસચેન્જ નામની આઈડીમાં ઈન્ડિયા અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે ચાલી રહેલા ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ પર સેશન રનફેર તેમજ હાર જીતના સોદા લગાવી સટ્ટો રમી રહ્યો હતો. જેથી પોલીસે સટોડીયા યસ રાવલની ધરપકડ કરી રૂ. ૪૦,૦૦૦ ની કિંમતનો એપલ કંપનીનો આઈફોન ૧૬ પ્રો મેક્સ કબજે કર્યો હતો. જયારે આઈડી આપનાર શખ્સનું નામ ખોલાવવા તજવીજ આદરવામાં આવી હતી.

# પશુઓનું દૂધ વધારવાના પ્રાણઘાતક ઈન્જેકશન વેંચતા ધોરાજીના વેપારી સામે ગુનો નોંધાયો

## ધોરાજીના બુખારીશા ચોકમાં રૂરલ એલસીબી ટીમે દરોડો પાડી રૂ.૨.૮૫ લાખના ઈન્જેકશન કબ્જે કર્યા'તા : એફએસએલ પરીક્ષણમાં ટોક્સિનની હાજરી મળતા કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ધોરાજીનો વેપારી પશુઓનું દૂધ વધારવા માટે અપાતા પ્રાણઘાતક ઈન્જેકસનના મોટા જથ્થા સાથે ઝડપાયો હતો. રૂરલ એલસીબી ટીમે રૂ. ૨.૮૫ લાખના ઈન્જેકશન કબ્જે કરી એફએસએલ પરીક્ષણ અર્થે મોકલી દીધો હતો. જે પરીક્ષણમાં ઈન્જેકશનમાં ટોકસીનની હાજરી મળતા ફયાજ વાલોરીયા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડાની વિગત મુજબ, રૂરલ એલસીબી પીએસઆઈ કે.એમ.ચાવડા ટીમ સાથે ગઈ તા.૨૧-૦૧-૨૦૨૫ ના ધોરાજી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેની ટીમને ધોરાજી બુખારીશા ચોક, બુખારી મસ્જીદ સામેની ગલીમાં આવતા બાતમી મળેલ કે, અહી ગલીમાં ફયાજ આરીફ વાલોરીયા (રહે. ધોરાજી) પોતાના કબ્જા ભોગવટાના જુના મકાનમાં ગાય, ભેંસ વધુ દુધ આપે તેવા ઈન્જેકશનો જથ્થો કોઈ પણ આધાર પુરાવા બીલ વગર રાખી વેચાંણ કરે છે જે બાતમીના આધારે દરોડો પાડતાં ફયાજ આરીફ વાલોરીયા (ઉ.વ.૫૦, રહે. બહારપુરા નદી બજાર, અનવરીયા સ્કુલની સામે, ધોરાજી) ને અટકમાં લીધો હતો.પોલીસની ટીમે મકાનમાં તપાસ કરતા રૂમમાં નાની મોટી સાઈઝના બોકસો પ્લાસ્ટીકના થેલામાં પણ પડેલ જોવામાં આવતા જે બાબતે તે શખ્સને પૂછતા તમામ બોકસોમાં ગાય, ભેસ વધુ દુધ આપે તે માટેના પારદર્શક પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકના નાની બોટલો (ઈન્જેકશનો) છે. તેમજ તેની પાસે ઈન્જેકશો રાખવા અંગે કોઈ આધાર પુરાવાઓ કે બીલ પણ ન હોય જેથી મુદામાલ શંકાસ્પદ લાગતાં પ્લાસ્ટીકના નાની બોટલો (ઈન્જેકશનો) કુલ-૧૩૪૩ રૂા.૧,૩૪,૧૦૦ નો મુદામાલ કબ્જે કરેલ હતો. તેમજ મોટી બોટલોના બોકસ નંગ-૩૧૬ કુલ રૂ.૨,૮૫,૯૮૦ નો શંકાસ્પદ મુદામાલ કબ્જે કરેલ હતો. જે બાદ ધોરાજી સીટી પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ દાખલ કરી કબ્જે કરેલ સેમ્પલ એફએસએલ તપાસણી અર્થે મોકલી આપેલ હોય જેનો અભિપ્રાય આવતા ઈન્જેકશનોમાં ઓકસીટોસીનની હાજરી મળી આવેલ છે. જેથી આરોપી ફયાજભાઈ વાલોરીયાએ ગાય, ભેસ વધુ દુધ આપે તે માટેના સફેદ પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકની બોટલો (ઈન્જેકશનો) નો ઉપયોગ કરી ઢોરની તંદુરસ્ત માટે નુકશાનકારક પ્રવાહીનું વેચાણ કરતા પ્રાણી (ઢોર) કુરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# લાપાસરી ગામે ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી કરતા ભાટી પરિવાર પર હીચકારો હુમલો

## જયદીપ ભાટી બેફામ બન્યો : પતિને બચાવવા પડેલી પરિણીતાને ફટકારી, દેરાણીને છરી ઝીંકી, પુત્રીઓને ઢીકાપાટુનો માર માર્યો

**અબતક, રાજકોટ**

લાપાસરી ગામે ઉછીના પૈસાની ઉઘરાણી કરતા જયદીપસિંહ ભાટી નામના શખ્સે આખા પરીવાર પર હીંચકારો હુમલો કર્યો હતો. પતિને મારમાંથી છોડાવવા જતાં પત્નીને પણ મારમાર્યો અને દેરાણીને છરી ઝીંકી દીધી હતી. જ્યારે પુત્રીઓને પણ ગાળો આપી ઢીકા પાટુ માર્યા હતાં. જે મામલે આજીડેમ પોલીસમાં જયદિપસિંહ ભાટ્ટી સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે લાપાસરી ગામ, પ્રાથમીક શાળા પાછળ રહેતાં નિતાબેન વિજયસિંહ ભાટી (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે જયદિપસિંહ ધીરુભા ભાટ્ટીનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઘરકામ કરે છે. તેણીના પતિ વિજયસિંહ, સાસુ સજનબા તથા સંતાનમા બે દિકરીઓ તથા એક દિકરો છે. ગઈકાલે સાંજના તેણીના પતિ વિજસિંહ લાપાસરી ગામથી રાજકોટ જતા હતા ત્યારે રોડ પર અમારા કુટુંબના જયદિપસિંહ ભાટીએ ઉભા રાખી પતિ સાથે બોલાચાલી કરી ઢીકા પાટુનો માર મારેલ હતો અને તે દરમ્યાન તેમનો સોનાનો ચેન પડી ગયેલ હતો. જે વાત પતિએ ઘરે આવીને કરેલ હતી. ત્યારબાદ કુટુંબના સભ્યો મળીને સમાધાન કરાવેલ હતુ. સાંજના છએક વાગ્યાની આસપાસ જયદિપસિંહ ભાટીના ઘરે તેમના પરીવારને પતિનો સોનાનો ચેન પડી ગયેલ જે બાબતની વાત કરવા માટે તેણી બન્ને દિકરીઓ સાથે ગયેલ હતા તે દરમ્યાન આ જયદિપસિંહ ભાટી તેના ઘરે આવેલ અને બોલાચાલી કરી ઝગડો કરવા લાગેલ હતો.

જેથી આ જયદિપસિંહને કહેલ કે, તમે મારા પતિ સાથે ઝગડો કરેલ હતો જે બાબતની તમારા પરીવારના સભ્યોને જાણ કરવા આવેલ છીએ જેથી તે ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો આપી તેણી અને તેમની બંને પુત્રીઓને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. જે બાદ સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ તેણી અને તેના પતિ ઘર પાસે આવેલ તેઓની દુકાન પાસે ઉભા હતા ત્યારે જયદિપસિંહ ભાટી ઘર પાસે આવેલ અને પતિ સાથે બોલાચાલી કરી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો.

જેથી તેણી અને તેન દેરાણી પતિને છોડાવા જતા આરોપીએ તેની પાસે રહેલ છરી કાઢી પતિને મારવા જતા દેરાણી કાજલબેનને છરીનો છરકો અડી ગયેલ હતો. ત્યાર બાદ ગામના માણસો ભેગા થઈ જતા આ જયદિપસિંહ ત્યાથી જતો જતો પતિને જાનથી મારી નાખવાનુ કહીં નાસી છૂટ્યો હતો. વધુમાં ફરીયાદીએ બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, જયસિપસિંહ ભાટીને તેમના પતિએ એક વર્ષ પહેલા હાથ ઉછીના રૂ.૫૦ હજાર આપેલ હતા જે પૈસા પતિ અવાર નવાર પરત માંગતા આરોપીએ હુમલો કર્યો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

સ્પોર્ટ્સ અબતક

# વિન્ડીઝે ભારતની દિશાવિહીન બોલિંગના "છોતરા" કાઢી ૨૫૦ રનનો ટાર્ગેટ પૂરો કર્યો!!!

## શાઈ હોપની તોફાની સદી અને રધરફોર્ડના આક્રમક ૩૭ બોલમાં ૮૪ રન: સંજુ સેમસનના ૮૨ રન એળે ગયા



**અબતક, રાજકોટ**

કેપ્ટન શાઈ હોપ અને શેરફેન રૂધરફોર્ડ ઝંઝાવાતી બેટિંગ કરતાં રમાયેલી બીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે ૨૫૦ રનનો ટારગેટ વટાવીને ભારતને છ વિકેટે પરાજય આપ્યો હતો. આ સાથે પાંચ મેચની ટી૨૦ સિરીઝમાં પ્રવાસી કેરેબિયન ટીમે સ્કોર ૧-૧થી સરભર કરી દીધો હતો. ત્રીજી ટી૨૦ કાલે રમાશે. મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગમાં ઉતાર્યા બાદ ભારતે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૯ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૮.૩ ઓવરમાં ચાર વિકેટે ૨૫૨ રન કર્યા હતા. ૨૫૦ રનના ટારગેટ સામે રમતાં વેસ્ટ ઈન્ડિઝ માટે કેપ્ટન અને ઓપનર શાઈ હોપે આક્રમક બેટિંગ કરી હતી. કામીલ પૂરન અને હેતમાયરની વિકેટ મયંક યાદવે ઉપરા ઉપરી બોલમાં ખેરવી દીધા બાદ હોપ સાથે શેરફેન રૂધરફોર્ડ જોડાયો હતો અને બંનેએ અત્યંત ઝંઝવાતી બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. બંનેએ માત્ર ૫૪ બોલમાં ૧૨૦ રનની ભાગીદારી નોંધાવી હતી. ટી૨૦ ક્રિકેટમાં કેરેબિયન્સ તરફથી આ માત્ર ત્રીજી વાર સદીની ભાગીદારી નોંધાઈ હતી. શેરફેન રૂધરફોર્ડ ૩૭ બોલમા સાત સિક્સર અને સાત ચોગ્ગા સાથે ૮૪ રન ફટકારીને આઉટ થયો હતો પરંતુ શાઈ હોપે ટીમની સફળતા નિશ્ચિત કરી દીધી હતી. તેણે શાનદાર અણનમ સદી ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો. શાઈ હોપે ૪૫ બોલમાં નવ સિક્સર સાથે અણનમ ૧૦૨ રન ફટકાર્યા હતા. રોમારિયો શેફર્ડ ૧૩ બોલમાં ત્રણ સિક્સર સાથે ૩૪ રન ફટકારીને અણનમ રહ્યો હતો. અગાઉ ભારતે પ્રથમ બેટિંગ કરી હતી અને સંજુ સેમસને આક્રમક શરૂઆત કરી હતી. ચોથી ઓવરમાં ૪૨ રનના કુલ સ્કોરે અભિષેક શર્મા ૧૨ બોલમાં ૨૦ રન ફટકારીને આઉટ થઈ ગયો હતો પરંતુ કેરેબિયન બોલર્સ માટે આ રાહતના સમાચાર ન હતા કેમ કે ઈશાન કિશને આવીને સેમસન સાથે સાથે વધુ આક્રમક વલણ અપનાવ્યું હતું. બંનેએ બીજી વિકેટ માટે માત્ર ૪૩ બોલમાં ૯૭ રન ઉમેરી દીધા હતા જેમાં ઈશાન કિશનનું યોગદાન ૨૨ બોલમાં ૪૩ રનનું રહ્યું હતું. બીજે છેડે સંજુ સેમસન જામી ગયો હતો અને તેણે વધુ ઝંઝાવાતી બેટિંગ કરી હતી. સેમસને ૨૦૦.૦૦ના સ્ટ્રાઈક રેટથી ૪૧ બોલમાં ૮૨ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિક્સર અને નવ ચોગ્ગા સામેલ હતા. આમ છતાં ૧૫મી ઓવરમાં સેમસન આઉટ થયો ત્યારે ભારતનો સ્કોર ૧૬૨ હતો. આમ તેની વિકેટ પડ્યા પછીના ૩૩ બોલમાં ભારતે ૮૭ રન ઉમેર્યા હતા. ભારતની છેલ્લી ઓવર્સમાં લગભગ ૧૬ રનની સરેરાશથી રન આવ્યા હતા જેમાં મહત્વનું યોગદાન તિલક વર્મા અને શ્રેયસ ઐયરનું રહ્યું હતું.

૨૦મી ઓવરના પાંચમા બોલે આઉટ થતાં અગાઉ કેપ્ટન ઐયરે ૧૮ બોલમાં ત્રણ સિક્સર સાથે ૪૦ રન ફટકાર્યા હતા તો ઐયર જેટલા જ બોલ રમીને તિલક વર્માએ અણનમ ૪૪ રન ફટકાર્યા હતા અને તેની ઈનિંગ્સમાં પણ ત્રણ સિક્સર સામેલ હતી જે તેણે ૨૦મી ઓવરના પ્રથમ ત્રણ બોલમાં સિક્સર ફટકારી હતી.

### ઝાકળના કારણે બોલરોને મુશ્કેલી થઈ: અય્યર



રાંચીમાં લાંબા સમય બાદ ભારતીય ટીમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવા મેદાનમાં ઉતરી હતી. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા આવેલી ભારતીય ટીમે ૨૪૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ સ્કોરના આધારે ભારતીય ટીમની જીતની શક્યતા મજબૂત માનવામાં આવતી હતી. પરંતુ વેસ્ટ ઈન્ડિઝના બેટરોએ આક્રમક બેટિંગ કરીને ભારતીય બોલરોની મુશ્કેલી વધારી દીધી હતી.મેચ બાદ શ્રેયસ અય્યરે પિચ અને ઓસની અસર વિશે વાત કરતાં જણાવ્યું કે આવી પિચ પર કેટલો સ્કોર સુરક્ષિત ગણાય તે નક્કી કરવું મુશ્કેલ છે. ખાસ કરીને ઓસની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની જાય છે.તેમના મતે, આ પિચ પર બોલરો માટે ભૂલ કરવાની તક ખૂબ ઓછી હતી. જો બોલર યોગ્ય લાઈન અને લેન્થ પર બોલિંગ ન કરે તો બેટરને મોટા શોટ રમવાની તક મળી જાય છે. વેસ્ટ ઈન્ડિઝના બેટરોએ આ તકનો ભરપૂર લાભ લીધો હતો.અય્યરે વેસ્ટ ઈન્ડિઝની ટીમની પ્રશંસા કરતાં સ્વીકાર્યું કે પ્રતિસ્પર્ધી ટીમે શાનદાર બેટિંગ કરી હતી અને જીત માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

### બાકીની ત્રણ ટી-૨૦માં ભારતે બોલિંગમાં સુધારો કરવો આવશ્યક

રાંચીની આ મેચે ફરી એકવાર સાબિત કર્યું કે ટી૨૦ ક્રિકેટમાં મોટો સ્કોર પણ હંમેશાં જીતની ખાતરી આપતો નથી. ભારતે ૨૪૯ રન બનાવ્યા હોવા છતાં વેસ્ટ ઈન્ડિઝના બેટરોને રોકવામાં સફળતા મેળવી શક્યું નહોતું.આગામી મેચોમાં ભારતીય ટીમ માટે બોલિંગમાં ચોકસાઈ, યોગ્ય લાઈન અને લેન્થ તથા મહત્ત્વની ક્ષણોમાં વિકેટ મેળવવી નિર્ણાયક બની રહેશે. બીજી તરફ, વેસ્ટ ઈન્ડિઝની ટીમ આ ઐતિહાસિક જીતથી ઉત્સાહિત હશે અને શ્રેણીમાં પોતાનું પ્રદર્શન જાળવી રાખવાનો પ્રયાસ કરશે.રાંચીમાં મળેલી આ જીતથી વેસ્ટ ઈન્ડિઝે માત્ર મેચ જ જીતી નથી, પરંતુ ભારત સામે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી મોટા સફળ રનચેઝનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.

# ૧૦૦ વર્ષમાં સૌથી વૃદ્ધ ટીમ: ઑસ્ટ્રેલિયાની પ્લેઈંગ-૧૧ના તમામ ખેલાડી 30+ વયના!

## ૧૪૯ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પહેલીવાર ઑસ્ટ્રેલિયાની પ્લેઈંગ ઈલેવનમાં એક પણ ખેલાડી ૨૦થી ૨૯ વર્ષની ઉંમરના નથી

**અબતક, રાજકોટ**

ડર્બનના કિંગ્સમીડ ગ્રાઉન્ડ પર દક્ષિણ આફ્રિકા સામે શરૂ થયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમે એક નવો ઈતિહાસ રચ્યો છે. ૧૪૯ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પહેલીવાર ઑસ્ટ્રેલિયાની પ્લેઈંગ ઈલેવનમાં એક પણ ખેલાડી ૨૦થી ૨૯ વર્ષની વયજૂથનો નથી. ટીમમાં સામેલ તમામ ૧૧ ખેલાડીઓની ઉંમર ૩૦ વર્ષ કે તેથી વધુ છે.ટીમની સરેરાશ ઉંમર ૩૪ વર્ષ છે, જે ઑસ્ટ્રેલિયાના પુરુષ ટેસ્ટ ઈતિહાસની સૌથી વૃદ્ધ પ્લેઈંગ ઈલેવન બની ગઈ છે. ક્રિકેટ આંકડાશાસ્ત્રી રિક ફિનલેના જણાવ્યા અનુસાર, સમગ્ર ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં આ સાતમી સૌથી વૃદ્ધ ટીમ છે અને છેલ્લાં ૧૦૦ વર્ષમાં સૌથી વધુ વય ધરાવતી ટીમ છે.ટીમની વિગતો પર નજર કરીએ તો, ૩૮ વર્ષીય અનુભવી સ્પિનર નાથન લાયોન ટીમનો સૌથી વૃદ્ધ ખેલાડી છે, જ્યારે ૩૦ વર્ષીય મેટ રેનશો સૌથી યુવાન ખેલાડી છે. આ વેટરન ટીમમાં ૩૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના પાંચ ખેલાડીઓ છે. જેમાં નાથન લાયોન (૩૮), સ્ટીવ સ્મિથ (૩૭), મિચેલ સ્ટાર્ક (૩૬), એલેક્સ કેરી (૩૫) અને જોશ હેઝલવુડ (૩૫)નો સમાવેશ થાય છે.અગાઉ ઓપનર્સની ફેરબદલીને કારણે ટીમમાં હંમેશાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરનો કોઈક ખેલાડી રહેતો હતો. પરંતુ ૨૦૧૬ પછી પહેલીવાર ટેસ્ટ ટીમમાં વાપસી કરી રહેલા ૩૪ વર્ષીય નિક મેડિસનના સમાવેશથી આ અનોખો રેકોર્ડ બન્યો હતો. જોકે, મેડિસન ૩૩ બોલમાં શૂન્ય રન બનાવીને આઉટ થયો હતો.

### ઓસ્ટ્રેલિયાને ૨૫૦ રનમાં રોકી આફ્રિકા માનસિક દબાણમાં લાવી દેશે?

મેચની પરિસ્થિતિ વિશે વાત કરીએ તો, કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ દિવસે વરસાદ અને ખરાબ પ્રકાશના કારણે રમત વહેલી બંધ રહી હતી. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરો માર્કો જેન્સન, વિઆન મુલ્ડર અને અનરિચ નોર્ટજેની શાનદાર બોલિંગ સામે ઑસ્ટ્રેલિયાએ ૬૫.૨ ઓવરમાં ૬ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. દિવસના અંતે મેટ રેનશો ૪૬ અને પેટ કમિન્સ ૩૩ રન બનાવી અજેય રહ્યા હતા.વર્ષ ૨૦૧૮ પછી ઑસ્ટ્રેલિયાની દક્ષિણ આફ્રિકામાં આ પહેલી ટેસ્ટ સિરીઝ છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા સામે ઑસ્ટ્રેલિયાની આ અનુભવી ટીમ હવે પોતાના કૌશલ્યના દમ પર મેચમાં વાપસી કરવા માટે પ્રયત્નશીલ રહેશે.



# આઈપીએલ ૨૦૨૭ પહેલા ચેન્નઈના બેટીંગ કોચ માઈક હસીનો સાથ છોડ્યો!

## જો કે આ નિર્ણય અંગેની સત્તાવાર જાહેરાત હજુ બાકી

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦૨૭ની સિઝન પહેલાં ચેન્નાઈ સુપર કિંગ્સે પોતાની



ટીમના કોચિંગ સ્ટાફમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો હોવાના અહેવાલ સામે આવ્યા છે. છેલ્લા ૨ સિઝનમાં મેદાન પર અપેક્ષા મુજબનું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહેલી ચેન્નઈ હવે નવી તૈયારીઓ સાથે આગામી સિઝનમાં ઉતરવા માગે છે. આ માટે ફ્રેન્ચાઈઝીએ પોતાના કોચિંગ સ્ટાફમાં ફેરફાર શરૂ કર્યા છે. ટીમના બેટિંગ કોચ તરીકે જવાબદારી સંભાળતા ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર માઈક હસી સાથેનો કરાર આગળ ન વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત ફિલ્ડિંગ કોચ જેમ્સ ફોસ્ટરના ભવિષ્ય અંગે પણ અનિશ્ચિતતા જોવા મળી રહી છે.

માઈક હસીએ ખેલાડી તરીકે આઈપીએલ કારકિર્દીની શરૂઆત ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે કરી હતી. પોતાની ક્રિકેટ કારકિર્દી દરમિયાન તેમણે ટીમ માટે અનેક યાદગાર પ્રદર્શન કર્યાં હતાં. નિવૃત્તિ બાદ તેઓ કોચિંગ ક્ષેત્રમાં જોડાયા હતા.વર્ષ ૨૦૧૮માં હસીએ ચેન્નઈના બેટિંગ કોચ તરીકે જવાબદારી સંભાળી હતી. ત્યારથી તેઓ ટીમના બેટરોને માર્ગદર્શન આપતા આવ્યા હતા. મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગના માર્ગદર્શન હેઠળ તેમણે લાંબા સમય સુધી ટીમ સાથે કામ કર્યું હતું.હવે આઈપીએલ ૨૦૨૭ પહેલાં હસીને બેટિંગ કોચની જવાબદારીમાંથી દૂર કરવાનો નિર્ણય ફ્રેન્ચાઈઝીના કોચિંગ માળખામાં મોટા ફેરફારના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે. જોકે, આ નિર્ણય અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ચેન્નાઈ સુપર કિંગ્સ છેલ્લા કેટલાક સમયથી પોતાની ટીમના પ્રદર્શનમાં સુધારો કરવા માટે નવા વિકલ્પો પર કામ કરી રહી છે. આગામી સિઝન પહેલાં કોચિંગ સ્ટાફમાં ફેરફાર કરવાની યોજના પણ આ જ પ્રયાસનો ભાગ હોવાનું માનવામાં આવે છે.

# રવીન્દ્ર જાડેજા સૌરાષ્ટ્ર માટે રણજી ટ્રોફીમાં રમશે

## છત્તીસગઢ સામે રણજી મેચ રમનારી સૌરાષ્ટ્રની ટીમ જાહેર

**અબતક, રાજકોટ**

ટી૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ચૂકેલો ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા ૨૦૨૬-૨૭ની ડોમેસ્ટિક સિઝનમાં સૌરાષ્ટ્ર માટે રણજી ટ્રોફીમાં રમશે. ૧૧મી ઓક્ટોબરથી સૌરાષ્ટ્રની ટીમ છત્તીસગઢ સામે રણજી મેચ રમીને તેના અભિયાનનો પ્રારંભ કરશે. આ મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાનારી છે. રવીન્દ્ર જાડેજા છેલ્લી બે સિઝનમાં સમય મળે ત્યારે સૌરાષ્ટ્ર માટે રમે છે. આ બે સિઝનમા તે ચાર મેચ રમ્યો હતો.

૨૦૨૪માં ભારતે આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો ત્યાર બાદ વિરાટ કોહલી અને રોહિત શર્માની સાથે સાથે જાડેજાએ પણ ટી૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. જોકે તેણે ટેસ્ટમાં રમવાનું જારી રાખ્યું છે.

છેલ્લે ભારતીય ટીમ કોલંબો ખાતે શ્રીલંકા સામે ટેસ્ટ રમી અને જીતી તેમાં જાડેજાનું પણ યોગદાન હતુ. હવે રવિવારથી શરૂ થઈ રહેલી છત્તીસગઢ સામેની મેચ માટે જાહેર કરાયેલી સૌરાષ્ટ્રની ટીમમાં પણ તેનો સમાવેશ કરાયો છે જે ટીમની આગેવાની ચેમ્પિયન કેપ્ટન જયદેવ ઉનડકટને સોંપવામા આવી છે.

રવીન્દ્ર જાડેજા માટે આ મેચ તેની કારકિર્દીની ૫૦મી રણજી મેચ હશે જેમાં તે અત્યાર સુધીમાં ૩૫૪૫ રન ફટકારવા ઉપરાંત ૨૧૦ વિકેટ ખેરવી ચૂક્યો છે. જાડેજાએ તેની રણજી કારકિર્દીમાં એક ત્રેવડી સદી સહિત કુલ આઠ સદી ફટકારી છે.



**છત્તીસગઢ સામે રમનારી સૌરાષ્ટ્રની ટીમ**

જયદેવ ઉનડકટ (સુકાની), રવીન્દ્ર જાડેજા. હાર્વિક દેસાઈ, ચિરાગ જાની, અર્પિત વસાવડા, ચેતન સાકરીયા, પ્રેરક માંકડ, જય ગોહિલ, સમર્થ ગજ્જર, પાર્થ ભૂત, વિશ્વરાજ જાડેજા, હેત્વિક કોટક, અંકુર પરમાર, નીલ પંડ્યા, અર્થ યાદવ, તરંગ ગોહિલ.

# ફરહાનના ૮૯ રનની કેપ્ટન ઈનિંગના સહારે પ્રથમ ટી-૨૦માં પાકિસ્તાનની શ્રીલંકા સામે ચાર વિકેટે જીત

## શ્રીલંકાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટના નુકસાને ૧૮૨ રન બનાવ્યા જવાબમાં પાકિસ્તાને ૧૮.૫ ઓવરમાં જ ટાર્ગેટ વટાવ્યો: શ્રીલંકા તરફથી લહિરૂની ૯૧ રનની ઈનિંગ એળે ગઈ

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન ક્રિકેટ ટીમના નવા ટી૨૦ કેપ્ટન સાહિબઝાદા ફરહાને પોતાની કેપ્ટન્સીની પહેલી જ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને ટીમને વિજય અપાવ્યો છે. ત્રણ મેચની ટી૨૦ સિરીઝની પ્રથમ મેચમાં પાકિસ્તાને શ્રીલંકા સામે ૪ વિકેટે રોમાંચક જીત મેળવીને સિરીઝમાં ૧-૦ની મહત્વપૂર્ણ સરસાઈ મેળવી લીધી છે.

રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં શ્રીલંકાના કેપ્ટને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શ્રીલંકાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટના નુકસાને ૧૮૨ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. શ્રીલંકા તરફથી ઓપનર બારમેન લહિરુ ઉદારાએ વિસ્ફોટક બેટિંગ કરતા માત્ર ૫૫ બોલમાં ૯૧ રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી, જેમાં ૧૧ ચોગ્ગા અને ૧ છગ્ગો શામિલ હતો.

આ ઈનિંગ્સ ટી૨૦ ક્રિકેટમાં શ્રીલંકાના કોઈપણ બેટ્સમેન દ્વારા પાકિસ્તાન સામે બનાવવામાં આવેલો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર પણ બન્યો છે. આ ઉપરાંત કામિન્દુ મેન્ડિસે ૨૩ રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન તરફથી શાનદાર બોલિંગ કરતા ઝડપી બોલર નસીમ શાહે ૩૬ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે કેપ્ટન્સી ડેબ્યૂ મેચ રમી રહેલા મોહમ્મદ ઈમરાને પણ અસરકારક સ્પેલ ફેંકીને માત્ર ૨૧



રનમાં ૨ વિકેટ મેળવી હતી.૧૮૩ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાન ટીમે શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. કેપ્ટન સાહિબઝાદા ફરહાન અને અનુભવી ફખર ઝમાને પ્રથમ ૫ ઓવરમાં જ ૫૪ રનની ઝડપી ભાગીદારી કરી હતી. ફખર ઝમાન ૧૩ બોલમાં ૨૧ રન બનાવીને આઉટ થયા બાદ, યુવાન બેટ્સમેન માઝ સદાકાતે ફરહાન સાથે મળીને બીજી વિકેટ માટે ૯૨ રનની મેચ વિનિંગ ભાગીદારી નોંધાવી હતી. સદાકાતે માત્ર ૨૯ બોલમાં ૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી પોતાની કારકિર્દીની પ્રથમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય હાફ સેન્ચ્યુરી પૂરી કરી હતી.બીજી તરફ, કેપ્ટન સાહિબઝાદા ફરહાને મોરચો સંભાળી રાખ્યો હતો અને ૫૩ બોલમાં ૧૦ ચોગ્ગા તથા ૪ છગ્ગા સાથે ૮૯ રનની કમાન્ડિંગ ઈનિંગ્સ રમી હતી. તેમની આ ઈનિંગ્સ કેપ્ટન્સી ડેબ્યૂમાં ટીમને વિજય અપાવવા માટે મુખ્ય કારણ બની હતી. લક્ષ્યની નજીક પહોંચીને પાકિસ્તાને ઝડપથી કેટલીક વિકેટો ગુમાવી દીધી હતી. ફરહાન જ્યારે ૮૯ રને આઉટ થયા ત્યારે જીત માટે માત્ર ૪ રનની જરૂર હતી. અંતમાં ખવાજા નફાયે અણનમ ૧૨ રન બનાવીને વિજયી છગ્ગો ફટકાર્યો હતો.

પાકિસ્તાને ૧૮.૫ ઓવરમાં ૬ વિકેટે ૧૮૭ રન બનાવીને ૭ બોલ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

શાનદાર મેચ વિનિંગ પ્રદર્શન માટે કેપ્ટન સાહિબઝાદા ફરહાનને 'મેન ઓફ ધ મેચ'નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ વિજયથી પાકિસ્તાની ફેન્સમાં ઉત્સાહનો માહોલ છે. સિરીઝની બીજી ટી૨૦ મેચ કાલે રાવલપિંડીમાં જ રમાશે.

# રાજ્યના પૂર્વ અગ્નિવીરોને પોલીસ ભરતીમાં લેખિત પરીક્ષામાંથી મુક્તિ

## ૨૦ ટકા અનામત સાથે હવે લેખિત પરીક્ષા નહિ આપવી પડે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે રાજ્ય પોલીસ દળની સીધી ભરતી પ્રક્રિયામાં દેશસેવા કરીને પરત ફરતા અગ્નિવીરો માટે અભૂતપૂર્વ અને ક્રાંતિકારી નિર્ણયોની જાહેરાત કરી છે. ગૃહ વિભાગ દ્વારા સત્તાવાર ગેઝેટ પ્રસિદ્ધ કરીને ભરતી નિયમોમાં મોટા સુધારા લાગુ કરવામાં આવ્યા છે. નવા નિયમો અનુસાર, હવે માજી અગ્નિવીરોને કોઈપણ પ્રકારની પરીક્ષા આપ્યા વિના જ ગુજરાત પોલીસમાં સીધી નોકરી મળવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. અગાઉ જુલાઈ મહિનામાં સરકારે શારીરિક કસોટીમાંથી મુક્તિ આપી હતી, અને હવે લેખિત પરીક્ષા માંથી પણ સંપૂર્ણ મુક્તિ જાહેર કરી દેવામાં આવી છે.

ગૃહ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ માજી અગ્નિવીરો માટે નીચે મુજબના મહત્વના સુધારા કરવામાં આવ્યા છે.અગ્નિવીરોએ સૈન્યમાં કઠોર તાલીમ પૂર્ણ કરેલી હોવાથી તેમને શારીરિક ક્ષમતા કસોટી કે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આપવી પડશે નહીં. ગુજરાત પોલીસ ભરતીમાં માજી અગ્નિવીરો માટે ૨૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે, જેથી મોટી સંખ્યામાં યુવાનો ખાખી દળમાં સમાવિષ્ટ થઈ શકશે.અગ્નિવીરોની પ્રથમ બેચ માટે ઉપલી વયમર્યાદામાં ૫ વર્ષની વિશેષ છૂટછાટ આપવાનો નિર્ણય લેવાયો છે, જ્યારે સામાન્ય નિયમ મુજબ અન્ય બેચ માટે નિર્ધારિત વય રાહત મળવાપાત્ર રહેશે.

આ ઐતિહાસિક સુધારાથી ચાર વર્ષની લશ્કરી સેવા બાદ પરત ફરતા ગુજરાતના યુવાનોને તાત્કાલિક રોજગારીની સુરક્ષા મળશે. બીજી તરફ, સેનાની અત્યાધુનિક તાલીમ અને કડક શિસ્ત ધરાવતા જવાનો સીધા જ પોલીસ અને જેલ પ્રશાસનમાં જોડાવાથી રાજ્યની આંતરિક સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે. ગૃહ વિભાગના આ ગેઝેટથી રાજ્યભરના યુવાનોમાં ભારે ઉત્સાહનો માહોલ છે.

### ક્યા પદો પર માજી અગ્નિવીરોની થશે સીધી ભરતી?

રાજ્ય સરકારે સ્પષ્ટ કર્યું છે કે માજી અગ્નિવીરોની સેવાઓ પોલીસ વિભાગના મહત્વપૂર્ણ અને શિસ્તબદ્ધ કેડર્સમાં લેવામાં આવશે. નીચે મુજબના પદો પર તેઓની સીધી ભરતી કરવામાં આવશે. હથિયારી પીએસઆઈ,હથિયારી કોન્સ્ટેબલ,એસઆરપીએફ, કોન્સ્ટેબલ, જેલ સિપાહી,જેલર.

# વડીલોપાર્જિત જમીનના હિસ્સાના વિવાદમાં બહેનોની તરફેણમાં વચગાળાનો મનાઈ હુકમ

## ૫ બહેનોએ ભાઈઓ સામે કર્યો દાવો-લલચાવી ફોસલાવી ખાંભા ગામની રે.સ.નં. ૭૪૨-૭૪૩ની જમીન પોતાના નામે કરાવી લીધાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના ખાંભા ગામના રે.સ.નં.૭૪૨ની જમીન હે-આરે-ચો.મી. ૧-૭૮-૦૬, રે.સ.નં.૭૪૩ની જમીન હે-આરે-ચો.મી. ૧-૮૦-૦૯ અને રહેણાંકના મકાન સબંધે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો લોધીકા ની અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ લોધીકા તાલુકાના ખાંભા ગામના રે.સ. નં.૭૪૨ની જમીન હે-આરે-ચો.મી. ૧-૭૮-૦૬ તથા રે.સ.નં.૭૪૩ની જમીન હે-આરે-ચો.મી. ૧-૮૦-૦૯ તથા મકાન વડીલોપાજીર્ત વારસાઈ સ્વ.રણછોડભાઈ નાથાભાઈ સખીયા તથા નાનુબેન રણછોડભાઈ સખીયાની આવેલ હોય જે મિલ્કત/જમીન સબંધે વાદીઓ મંજુલાબેન રણછોડભાઈ સખીયા, ભાવનાબેન રણછોડભાઈ સખીયા, લીલાબેન રણછોડભાઈ સખીયા, કંચનબેન રણછોડભાઈ સખીયા, જયોત્સનાબેન રણછોડભાઈ સખીયા વિગેરેને લલચાવી, ફોસલાવી અને સદરહુ મિલ્કત/જમીન ભાઈઓએ પોતાના નામે કરાવી લીધેલ. જેથી સદરહુ જમીન તથા મિલ્કત વડીલોપાજીર્ત વારસાઈ આવેલ હોય તે જમીન મિલ્કતમાંથી હિસ્સો મેળવવા અંગે તથા વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કરી દાવાની હકીકતના સમર્થનમાં જરૂરી આધાર પુરાવા રજુ કર્યા હતા .

આ કામમાં પ્રતિવાદી નં.૧ના દ્વારા અદાલત એવી તકરાર લેવામાં આવેલ કે, વાદીઓ દ્વારા સત્ય હકીકત છુપાવવામાં આવેલ છે. વાદીઓને દાવો લાવવા કોઈ હક્ક, અધિકાર નથી. વાદીઓના દાવાને ઓર્ડર-૨ રૂલ-૨ને બાદ નડે છે. રેવન્યુ નોંધ અમારા નામે પ્રમાણીત થઈ ગયેલ છે અને વાદીઓને લગ્ન સમયે રોકડ રકમ પોતાના હિસ્સા પેટે ચુકવી આપેલ છે જેથી વાદીઓનો દાવો ટકવાપાત્ર નથી.

સદરહુ કામમાં વાદીઓ તરફે જે દલીલ કરવામાં આવેલ તેમાં રેકર્ડ પર દાવાવાળી જમીન વડીલોપાજીર્ત વારસાઈ જમીન આવેલ હોય અને વાદીઓનો હકક ડૂબાડવાનો પ્રયત્ન પ્રતિવાદીઓ દ્વારા થતો હોય તેવું રેકર્ડ પર રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા પરથી સાબીત થતું હોય તેવા સંજોગોમાં પ્રતિવાદી વિરુધ્ધ મનાઈ હુકમ ફરમાવવા અદાલતને વિનંતી કરેલ અને તેના સમર્થનમાં હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટની વિવિધ ઓથોરીટીઓ/ચુકાદાઓ પણ રજુ કરેલ. સીવીલ જજ દ્વારા રેકર્ડ પરની હકીકતનું ન્યાયિક મૂલ્યાંકન કરી વાદીઓ દ્વારા જે તકરાર ઉઠાવવામાં આવેલ છે તે તકરારમાં કામચલાઉ મનાઈ હુકમ મેળવવાના તત્વો સાબીત થતાં હોય તેવું માની નામદાર અદાલતે દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી વાદગ્રસ્ત જમીન તથા મિલ્કતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરેલ છે. વાદીઓ તરફે એડવોકેટ પરેશ મારૂ, દિલીપ ચાવડા, હાર્દિક જાદવ, અંજલી જીવરાણી, પ્રતિક પંડયા, ચિંતન ટોળીયા તેમજ આસીસ્ટન્ટ તરીકે અનિરૂધ્ધ સોલંકી, પાર્થ બોરીચા, પાર્થ ઈસરાણી રોકાયેલ હતા.

# ભંગાર બજાર પાછળના રૂ.૪.૨૨ લાખના દારૂ કેસમાં નાસતો ફરતો બુટલેગર ઝડપાયો

## પેરોલ ફર્લો સ્ક્વોડે સંજય ઉર્ફે ઉકા પરમારને દબોચ્યો, વિશેષ તપાસ પીસીબી સ્ટાફને સોંપાઈ

**અબતક,રાજકોટ**

શહેરના ભાવનગર રોડ ઉપર આવેલ ભંગાર બજાર પાછળ મનનર સોસાયટીમાં ખુલ્લા પ્લોટ માં ફેરફાર એટલે છ માસ પૂર્વે માલવાહક વાહનમાંથી રૂપિયા ૪.૨૨ લાખના વિદેશી દારૂના ગુનામાં નાસ્તો ફરતો સંજય ઉર્ફે ઉકા પરમારની પેરોલ ફર્લો સ્કોડએ ધરપકડ કરી વિશેષ તપાસ પીસીબીના સ્ટાફ કરી રહા છે. વધુ વિગત મુજબ શહેરના ભાવનગર રોડ પર ભંગાર બજાર પાછળ આવેલ મર્ડર સોસાયટીના ખુલ્લા પ્લોટ માં પડેલા જીજે ૩ એ ૩૮૦૪ નંબરના માલવાહકમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો હોવાની પીસીબીને મળેલી બાતમીના આધારે સ્ટાફે ગત તારીખ ૧૩ મે ના રોજ દરરોજ પાણી જેમાંથી રૂપિયા ૪.૨૨ લાખની કિંમતની ૧૧૨૮ બોટલ દારૂ અને વાહન મળી ₹૬.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો આ ગુનાનો ભેદ ઉકેલવા પેરોલ ફર્લો સ્કોડના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે આ દારૂનો જથ્થો ઉબલિયાપરા શેરી નંબર પાંચમાં રહેતો સંજય ઉર્ફે ઉકા ભુપત પરમાર નામના શખ્સની સંડોવાણી ખુલતા જેના આધારે તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.પોલીસ ઈન્સ્પેકટર પી.એન. પઢિયાર, પો. સબ ઈન્સ. એસ.બી. ઘાસુરા, એ.એસ.આઈ. ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ, હેડ કોન્સ. રાજદીપસિંહ ચૌહાણ, સીરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, જયેશભાઈ ચોસલા, કોન્સ. અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, યોગેશભાઈ આદ્રોજા, શાંતુબેન મુળીયા અને ડ્રા. પો. કોન્સ. દોલતસિંહ રાઠોડએ કામગીરી બચાવી હતી

# જીયો દેશમાં ૬જી ટેક્નોલોજીના પ્રારંભ માટે સજ્જ દિલ્હીમાં 'ગીગા મીમો રેડિયો' ટેક્નોલોજીનું પ્રદર્શન કર્યું

## વર્ષ ૨૦30 સુધીમાં ૬જી લાવવાનું લક્ષ્ય: ૫ જી કરતા ૫ ગણી વધુ સ્પીડ અને ૮,000થી વધુ પેટન્ટ સાથે જીયો વૈશ્વિક સ્તરે ભારતનું નેતૃત્વ કરવા તૈયાર

**અબતક, રાજકોટ**

નવી દિલ્હીમાં યોજાયેલી 'ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ ૨૦૨૬માં ભારતની અગ્રણી ટેલિકોમ કંપની જીયો દ્વારા ૬જી ટેક્નોલોજીના યુગમાં પ્રવેશવાની પોતાની તૈયારીઓ દર્શાવવામાં આવી છે. વર્ષ ૨૦30 સુધીમાં ૬જીના વૈશ્વિક ધોરણો નક્કી થયા બાદ, આ અદ્યતન ટેક્નોલોજી શરૂ કરનારા અગ્રણી દેશોમાં ભારત સ્થાન મેળવી શકે તે માટે જીયો સજ્જ બન્યું છે. આ માટે કંપનીએ પોતાની 'પ્રી-૬જી સ્ટેક' સિસ્ટમ અને 'ગીગા મીમો રેડિયો' ટેક્નોલોજીનું સફળતાપૂર્વક પ્રદર્શન કર્યું છે.

જીયોના જણાવ્યા અનુસાર, ૬G નેટવર્કની ક્ષમતા હાલના ૫G નેટવર્કની સરખામણીએ ૫ ગણી વધુ હશે. તેમજ નેટવર્કમાં વિલંબ ઘટીને લગભગ દસમા ભાગનો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેનાથી એકસાથે વધુ પ્રમાણમાં ડેટાની આપ-લે સહેલાઈથી થઈ શકશે. આ સુધારાના પરિણામે રિયલ-ટાઈમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હોલોગ્રાફિક વીડિયો, આરોગ્યસેવા, શિક્ષણ અને નવી પેઢીની અન્ય ડિજિટલ સેવાઓ ક્ષેત્રે નવી તકો ઊભી થશે.

કંપનીએ આ ઈવેન્ટમાં ૫જી અને ૬જી બંનેને સપોર્ટ કરી શકે તેવું એક સંયુક્ત બેઝબેન્ડ યુનિટ પણ રજૂ કર્યું છે. ૬જી ટેક્નોલોજી વિકસાવવા અને તેના વૈશ્વિક ધોરણો ઘડવા માટે જીયોએ ૬જી સંબંધિત સેંકડો પેટન્ટ સહિત ૮,000થી વધુ પેટન્ટ માટે અરજીઓ કરી છે અને વૈશ્વિક ધોરણોના નિર્ધારણમાં ૯૩૪થી વધુ યોગદાન આપવાનો દાવો કર્યો છે.

આઈએમસીમાં જીયોએ ખેડૂતો, તબીબો અને વિદ્યાર્થીઓ માટે એઆઈ-આધારિત સેવાઓ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા રજૂ કરી હતી. આ ઉપરાંત, ક્વોન્ટમ ટેક્નોલોજી સામે નેટવર્કને વધુ સુરક્ષિત બનાવવાની દિશામાં પણ કામ થઈ રહ્યું છે. જીયો હાર્ડવેર, સોફ્ટવેર, પેટન્ટ અને વૈશ્વિક ધોરણો જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં પોતાની મજબૂત ઉપસ્થિતિ સ્થાપિત કરીને 'ભારતનું ૬G સાકાર થવાની દિશામાં' અને 'ભારતથી સમગ્ર વિશ્વ સુધી'ના વિઝન સાથે આગળ વધી રહ્યું છે.

# લોહીના વેપારમાં મકાન આપનાર આરોપી મહિલાની જામીન અરજી ફગાવાઈ

## બાર વર્ષની કિશોરીને કેટરિંગના બહાને માંડાડુંગરના શિવમ પાર્કમાં ગોંધી રાખી દેહવેપાર કરાવ્યાનો આરોપ, બે મહિલાની ધરપકડ

## સમાજ વિરોધી ગંભીર ગુનો ગણાવી જજ આઈ.બી. પઠાણે જામીન અરજી રદ કરી

**અબતક, રાજકોટ**

શહેરમાં ૧૨ વર્ષની બાળાને કેટરિંગમાં કામે લઈ જવાને બહાને માંડાડુંગર વિસ્તારના મકાનમાં લઈ જઈ ગોંધી રાખી બળજબરીથી દેહવેપલો કરાવવાના બનાવમાં જેલ હવાલે રહેલી બે પેકી મકાન માલિક ભુરીબેન મહેશભાઈ ગળચરની જામીન અરજી ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પુનિતનગર ટાંકાની સામે વિશ્વકર્મા સોસાયટીમાં રહેતી રેખાબેન મહેશભાઈ સાગઠીયા નામની મહિલા કેટરિંગમાં કામે લઈ જવાને બહાને૧૨ વર્ષ ૫ મહિના વાળીને કિશોરીને આજીડેમ વિસ્તારમાં માંડાડુંગર પાસે શિવમપાર્ક રહેતી અલ્પાબેન ઉર્ફે ભુરીબેન મહેશભાઈ ગળચર નામની મહિલાના ઘરે લઈ જઈ દેહવેપાર કરાવતા હોવાની આજી પોલીસ સ્ટેશનમાં સંગીરાની માતા એ ગત તારીખ ૧૫-૯-૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને મહિલાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરી હતી. હાલ જેલમાં રહેલી મકાન માલિક ભુરીબેન મહેશભાઈ ગળચરએ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી.જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ દ્વારા જામીન અરજી નો વિરોધ કરી રજૂઆત કરેલ કે મહિલા સામે સમાજ વિરોધી ગંભીર પ્રકારનો ગુનો છે.અન્ય મહિલા આરોપીએ અલ્પાબેન ઉર્ફે ભુરીબેન મહેશભાઈ ગળચરના ઘરે લઈ જઈ ત્યાં તેની સાથે રોજ નવા નવા પુરુષો સાથે લોહીનો વેપાર કરાવવાનું કામકાજ કરાવતી હતી ગુનાની ગંભીરતા જાણતા હોવા છતાં ભુરીબેન ગળચરને જામીન આપવા જોઈએ નહીં જો તેને જામીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં અને ફરી પાછા આવા ગુના આચરશે તેમજ અગાઉ એક મહિલાની જામીન અરજી કોર્ટે રદ કરી છે તે રજૂઆત ધ્યાને લઈ સેશન્સ જજ આઇ બી પઠાણ અલ્પાબેન ઉર્ફે ભુરીબેન ગળચરની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# રેલવે કર્મચારીની પ્રામાણિકતા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ

## દીપક બી. ગોહિલે મુસાફરને મોબાઈલ અને ચાર્જર પરત અપાવી માનવતા મહેકાવી

**અબતક, રાજકોટ**

બોટાદ રેલવે સ્ટેશન પર ફરજ બજાવતા રેલવે કર્મચારી દીપક બી. ગોહિલે પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની સમયસૂચકતા અને મદદરૂપ થવાની ભાવનાને કારણે એક મુસાફરને ગુમ થયેલો મોબાઈલ ફોન અને ચાર્જર પરત મળ્યાં હતાં.

પ્રાપ્ત વિગતો અનુસાર, મુસાફર પ્રભાબેન ૧૯૨૦૨ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યાં હતાં. તેઓ જ-૨ કોચમાં ૪૫ નંબરની બર્થ પર હતાં. મુસાફરી દરમિયાન રાત્રિના સમયે ઊંઘમાં હોવાથી તેઓ પોતાનો ઘક્ષયઝ્હીત મોબાઈલ ફોન ચાર્જિંગ પોઈન્ટ પાસે ચાર્જર સાથે ભૂલી ગયાં હતાં. સવારે ઊઠીને તેમને જાણ થઈ કે મોબાઈલ ફોન ટ્રેનમાં જ રહી ગયો છે. આથી તેમણે બોટાદ રેલવે સ્ટેશન પર જઈને રેલવે કર્મચારીઓને પોતાની મુશ્કેલી જણાવી હતી. તે સમયે ફરજ પર હાજર દીપક બી. ગોહિલે તેમની વાત શાંતિથી સાંભળી અને તેમને સાંત્વના આપી હતી. તેમણે મુસાફરના પ્રવાસનો સમય, કોચ અને બર્થ નંબર સહિતની જરૂરી વિગતો નોંધી હતી. સાથે જ મુસાફરનો સંપર્ક નંબર મેળવીને મોબાઈલની સ્થિતિ વિશે જાણ થતાં તેમને જાણ કરવાની ખાતરી આપી હતી.




ત્યારબાદ દીપક ગોહિલે સંબંધિત રેલવે કર્મચારીઓનો સંપર્ક જાળવી રાખ્યો હતો. દરમિયાન, બોટાદથી ખોડિયાર મંદિર રેલવે સ્ટેશન તરફ જતી ટ્રેનમાં મોબાઈલ હોવાની શક્યતા ધ્યાનમાં રાખીને તેમણે જરૂરી માહિતી મેળવી હતી.આખરે, દીપક ગોહિલના પ્રયાસો સફળ થયા હતા. ખોડિયાર મંદિર રેલવે સ્ટેશનના માસ્ટર સાગર પરમાર અને તેમની ટીમના સહયોગથી મુસાફરનો મોબાઈલ ફોન અને ચાર્જર શોધી કાઢવામાં આવ્યાં હતાં. ત્યારબાદ રેલવે કર્મચારીઓએ મુસાફરનો સંપર્ક કરીને તેમને મોબાઈલ પરત મળવાની ખુશખબર આપી હતી.મોબાઈલ અને ચાર્જર પરત મળતાં પ્રભાબેનની ચિંતા દૂર થઈ હતી અને તેમના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી. તેમણે દીપક બી. ગોહિલ સહિત સહયોગ આપનારા તમામ રેલવે કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ઝવેરચંદ મેઘાણીની 'બાલ્યાવસ્થાની લીલાભૂમિ' ખાતે 'રઢિયાળી રાત' કાર્યક્રમમાં લોક કલાકારોએ સૂર રેલાવ્યા

## ચાંદો ઉગ્યો ચોકમા પ્રાચીન લોકગીતોના તાલે ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ મન મૂકીને ગરબે રમી

**અબતક, રાજકોટ**

નવલી નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની બાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટ સ્થિત કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય ખાતે વિદ્યાર્થીનીઓ માટે રઢિયાળી રાત કાર્યક્રમનું આયોજન થયું હતું. નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્ય-સંગીતની મહામૂલી વિરાસતથી પરિચિત થાય તેમજ નવરાત્રિનું અસલ સાત્વિક સ્વરૂપને જાણી શકે તે આશયથી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન તથા વલ્લભ કન્યા કેળવણી મંડળ દ્વારા આ પ્રેરક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. અગ્રગણ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ દરબાર ગોપાળદાસ દેસાઈ અને ભક્તિબાના અમેરિકા સ્થિત સેવાભાવી તબીબ પુત્ર ડો. બારીન્દ્રભાઈ દેસાઈનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. ખ્યાતનામ લોકકલાકારો અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ અને પંકજ ભટ્ટે ઝવેરચંદ મેઘાણી સંશોધિત-સંપાદિત પ્રાચીન લોકગીતો-રાસ-ગરબાની રમઝટ બોલાવીને ઉપસ્થિત સહુને ડોલાવી દીધાં હતાં. ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ મન મૂકીને ગરબે રમી હતી. પિનાકી મેઘાણીની પ્રેરણા અને પ્રયાસો થકી સતત ૧૫મા વર્ષે, ખાસ શાળા-કોલેજનાં વિદ્યાર્થો માટે, ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં વિવિધ ઐતિહાસિક સ્મૃતિ-સ્થળો ખાતે રઢિયાળી રાત કાર્યક્રમોના આયોજનો થઈ રહ્યા છે જે ખાસ ઉલ્લેખનીય છે.

# રૂ.૬.૧૮ કરોડના છેતરપિંડી કેસમાં કામ્યા ટેક્સટાઈલના ડિરેક્ટર દંપતીને જામીન પર મુક્તિ

## રોકાણ પર ૨-૩% વળતરની લાલચ આપી કરોડોની ઠગાઈનો આરોપ

## ધરપકડ ગેરકાયદે ગણાવી, ટોર્ચરિંગની ફરિયાદ પર મેડિકલ અને કાર્યવાહીનો આદેશ: coert

**અબતક, રાજકોટ**

કામ્યા ટેકસટાઈલના ડિરેક્ટર દિવ્યેશભાઈ ધીરજલાલ સાવલિયા અને તેમના પત્ની નીલમબેન સાવલિયા સામે નોંધાયેલા ૬.૧૮ કરોડના છેતરપિંડીના જીપીઆઈડી ગુનામાં ઝડપાયેલા આરોપી દંપતીની જામીન અરજી સ્પેશિયલ કોર્ટે મંજૂર કરી, દંપતીને મુક્ત કરવા અને પોલીસ સામે તપાસનો હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, શહેરના પેડક રોડ પર આવેલા સદગુરુ જ્યોત કોમ્પ્લેક્સ માં રહેતા ફરિયાદી જલ્પાબેન જીતેન્દ્રભાઈ રૈયાણીએ નાના મવા મેઈન રોડ પર દ્વારકેશ એપાર્ટમેન્ટમા રહેતા ડિરેક્ટર દિવ્યેશભાઈ ધીરજલાલ સાવલિયા અને તેમના પત્ની નીલમબેન સાવલિયા એ કામ્યા ટેક્સટાઈલ પેઢીમાં રોકાણ કરવા ૨% થી ૩% વળતરની લાલચ આપી હતી. ફરિયાદીના પતિ જીતેન્દ્રભાઈ પાસેથી ૨૦૨૩ ની સાલમાં જુદા જુદા સમયે નાણા મેળવી કુલ રૂ. ૬.૧૮ કરોડથી વધુ રકમ આરોપી દંપતીની પેઢીના અને પર્સનલ ખાતામાં બેંક મારફતે જમા કરાવ્યા હતા. બાદમાં આરોપીઓએ નફો કે મૂળ રકમ પરત ન કરી, શેરહોલ્ડર પણ બનાવ્યા નહીં અને નવા-નવા બહાના બતાવી છેતરપિંડી અંગે બી-ડિવિઝનમાં બીએનએસ કલમ ૩૧૮(૪), ૫૪ અને જીપીઆઈડી એક્ટની કલમ ૩ હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

પોલીસ દ્વારા આરોપી દંપતીને ગાંધીનગર ખાતેથી ઝડપી લેવાયા બાદ ધોરણસરની કાર્યવાહી બાદ પોલીસે જીપીઆઈડી સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે રજૂ કરવામાં આવી હતી. જેમાં આરોપી દંપતીના વકીલ સંજય એચ. પંડિતે પોલીસ રિમાન્ડની માગણીના વિરોધમાં દંપતી સાથે પોલીસની ટોર્ચ રિંગ સહિતની વિવાદાસ્પદ કાર્યવાહી અંગેની દલીલો રજૂઆતોને ધ્યાને લઈ જીપીઆઈડી સ્પેશ્યલ કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ બી. કે. ચૌહાણે આરોપી દંપતીની ધરપકડ ગેરકાયદે હોવાના આધાર પર આરોપી દંપતી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને સાથે સાથે દિવ્યેશ સાવલિયાની ફરિયાદના આધારે તેનું મેડિકલ કરાવવાની અને મેડિકલ લીગો કેસના કાગળો કોર્ટ સમક્ષ રજૂ કરવા તેમજ જરૂર જણાયે જવાબદાર પોલીસ અધિકારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાનો હુકમ પણ ફરમાવ્યો છે. આરોપીઓ વતી એડવોકેટ સંજય પંડિત, બીનીતા પટેલ, સોહમ પટેલ, કલ્પેશ મોરી રોકાયા હતા.

# રૈયાધાર નજીક મહિલા પર બે શખ્સનો પાઈપ વડે હિચકારો હુમલો

## જૂની અદાવત ના કારણે હુમલો થયાનું પ્રાથમિક તારણ: યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર પાસે રહેતી ૩૫ વર્ષીય મહિલાને પાડોશમાં રહેતા મનોજ સહિતના શખ્સોએ ઝઘડો કરી પાઈપ વડે માર મારતા મહિલાને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ઘટનાની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે જૂની અદાવતનો ખાર રાખી હુમલો થયાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે રૈયાધાર પાસે રહેતા ગૌરીબેન મનસુખભાઈ મકવાણા ઉંમર વર્ષ ૩૫ વર્ષીય મહિલા ગત રાત્રે ૧૦ વાગ્યે આસપાસ ઘરે હતા ત્યારે સામેવાળા મનોજ સહિતના શખ્સોએ ધોકા અને પાઈપ વડે ગૌરીબેન પર તૂટી પડ્યા હતા જેથી મહિલાને ગંભીર ઈજા થતાં તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા હાલ સારવાર હેઠળ છે ઘટનાની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે સ્ત્રી પાત્ર અંગે અગાઉ ઝગડો થયો હતો અને જેનો ખાર રાખી હુમલો થયાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે હાલ આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### માડી તારા આવવાના એંધાણ થયા

# નવલા નોરતાનો આવતીકાલથી મંગલારંભ: શક્તિની ભક્તિનો અવસર

## નવરાત્રીમાં સાતમની તીથીની વૃધ્ધી છતા પંચાગ પ્રમાણે નોમના દિવસે જ કરાશે દશેરાની ઉજવણી: અંબાજી, બહુચરાજી, કચ્છ માતાના મઢ, ચોટીલા પાવાગઢ અને ખોડલધામ સહિતના તીર્થધામોમાં નવરાત્રી પર્વની ઉજવણી કરાશે



**અબતક, રાજકોટ**

વિશ્વના સૌથી મોટા નૃત્ય મહોત્સવ અને શક્તિની ભક્તિના અલૌકિક અવસર નવલા નોરતાનો આવતીકાલથી મંગલારંભ થઈ રહ્યો છે. શારદીય નવરાત્રીના આરંભ સાથે જ ભક્તિમય માહોલ રચાશે. આ વર્ષ સાતમની તિથીની વૃધ્ધી છે પરંતુ નોમના દિવસ જ દશેરાની ઉજવણી કરવામાં આવશે. અંબાજી, બહુચરાજી, કચ્છ માતાના મઢ, ચોટીલા, પાવાગઢ અને ખોડલધામ સહિતના માતાજીના સ્થાનકોએ પૂર્ણ ભક્તિભાવ સાથે નવરાત્રી પર્વની ઉજવણી થશે. પ્રાચીન અને અર્વાચીન રાસ-ગરબા સાથે માતાજીની આરાધના કરવામાં આવશે. આવતીકાલે પ્રથમ નોરતાના દિવસે માં શૈલપુત્રની પુજાનું મહત્વ છે. ગાયનું શુધ્ધ ઘી અથવા ઘીમાંથી બનેલી મીઠાઈનો નૈવેદ્ય ધરાવવાનું મહત્વ છે.

૧૨ ઓકટોબરે બીજા નોરતાના દિવસે બ્રહ્મચારિણીની પુજા કરાશે. નૈવેદ્યમાં સાકર, સફેદ મીઠાઈ, મિશ્રી અથવા પંચામૃત ધરવું. ૧૩ ઓકટોબરે ત્રીજા નોરતે માં ચંદ્રઘંટાની પુજા કરવી. નૈવેદ્યમાં દુધ અથવા દૂધમાંથી બનેલી મીઠાઈ ધરવી. ૧૪ ઓકટોબરે ચોથા નોરતે માં કુષ્માંડાની પુજા કરવી. નૈવેદ્યમાં માલપુઆ ધરવા. ૧૫ ઓકટોબરે માં સ્કંદમાતાની પુજા કરી કેળાનો પ્રસાદ ધરવો. ૧૬ ઓકટોબરે માં કાત્યાયની પુજા કરવી. મધ અથવા મધયુકત પ્રસાદ કરવો. ૧૭ ઓકટોબરે સાતમા નોરતે માં કાલરાત્રિની પુજા કરવી. ગોળ અથવા ગોળમાંથી બનેલી વાનગીઓ ધરવી. ૧૮ ઓકટોબરે આઠમા નોરતે માં મહાગૌરીની પૂજા કરવી. નૈવેદ્યમાં નાળીયેર અથવા નાળીયેરની મીઠાઈ ધરાવી જ્યારે ૧૯ ઓકટોબરે સોમવારે નવમા નોરતે માં સિધ્ધીદાત્રીની પુજા કરવી. તલ, હલવો, પુરી કે ચણાનો પ્રસાદ ધરવો. નવરાત્રીમાં રાત પડતાની સાથે જ જાણે સુર્યોદય થયો હોય તેવો માહોલ સર્જાશે. બાળાઓ ગરબા રમી માં નવદુર્ગાની આરાધના કરશે. રાજ્ય સરકાર દ્વારા પણ માતાજીના તીર્થધામો ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આસો શુદ એકમને રવિવાર તા.૧૧ ઓક્ટોબરથી નવરાત્રીનો

(અનુ. આઠમા પાને)

### ૨૫મી ઓક્ટોબરે શરદ પુનમ ઉજવાશે

શરદ પૂર્ણિમા આ વર્ષે આસો સુદ ચૌદશને રવિવારે છે. રવિવારે ચૌદશ તિથિ બપોરે ૧૨:૦૦ કલાક સુધી છે, ત્યાર બાદ પૂનમ બેસે છે. પૂનમનું મહત્ત્વ સાંજનું અને રાત્રિનું હોવાથી, દરેક પંચાંગ પ્રમાણે શરદ પૂનમ તા.૨૫ ઓક્ટોબરને રવિવારે ઉજવવાની રહેશે.

આગામી પર્વો અને તહેવારો પર નજર કરવામાં આવે તો તા.૨૯ ઓક્ટોબરે ગુરૂવાર - કરવાચોથ, તા.૧ નવેમ્બરે, રવિવારે - રવિપુષ્ય અમૃતસિદ્ધિ યોગ, તા.૫ નવેમ્બરે, ગુરુવારે - રમા એકાદશી અને વાઘબારસ, તા.૬ નવેમ્બરે, શુક્રવારે - ધનતેરસ, તા.૭ નવેમ્બરે, શનિવારે - કાળીચૌદશ, તા.૮ નવેમ્બરે, રવિવારે - દિવાળી, તા.૯ નવેમ્બરે, સોમવારે - સોમવતી અમાસ, તા.૧૦ નવેમ્બરને મંગળવારે - બેસતું વર્ષ અને તા.૧૧ નવેમ્બરે બુધવારે ભાઈબીજની ઉજવણી થશે. તેમ વેદાંત રત્ન શાસ્ત્રી રાજદીપ જોશીએ જણાવ્યું છે.

આસો શુદ એકમને તા.૧૧ ઓક્ટોબર રવિવારે આસો મહા નવરાત્રીનો પ્રારંભ થશે. આ દિવસે આખો દિવસ ગરબો ખરીદવો તથા ગરબાની સ્થાપના ઘટ સ્થાપના કરવી શુભ રહેશે.

### ગરબા – ઘટ સ્થાપનાના શુભ મુહુર્ત

**દિવસના શુભ ચોઘડિયા**

- ચલ: ૮.૧૦ થી ૯.૩૮
- લાભ: ૯.૩૮ થી ૧૧.૦૬
- અમૃત: ૧૧.૦૬ થી ૧૨.૩૩
- શુભ: ૨.૦૧ થી ૩.૩૦

બપોરે અભિજીત મુહુર્ત બપોરે ૧૨.૧૦ થી ૧૨.૫૭

**રાત્રીના શુભ ચોઘડિયા**

- શુભ: ૬.૨૪ થી ૭.૫૭
- અમૃત: ૭.૫૭ થી ૯.૨૯

પ્રદોષ કાળનો શુભ સમય.સાંજે ૬.૨૪ થી ૯.૧૮

### ખેલૈયાની સુરક્ષા માટે 'શી ટીમ'થી લઈ સાયબર સેલ એલર્ટ

# નવરાત્રીમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા: રાજયભરમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત

## રાજ્યના ૩૬૪ પાર્ટી પ્લોટ, ૨,૭૨૭ જાહેર ગરબા અને ૧૬,૫૨૭ શેરી ગરબા સહિત તમામ સ્થળોએ પોલીસ, હોમગાર્ડ અને ટીઆરબી જવાનો તૈનાત રહેશે: ટ્રેડિશનલ ડ્રેસમાં તૈનાત 'શી-ટીમ' દ્વારા છેડતીખોરો સામે સ્થળ પર જ કડક કાનૂની કાર્યવાહી કરાશે

**અબતક, રાજકોટ**

આસ્થા, ઉલ્લાસ અને પરંપરાગત ગરબાના મહાપર્વ નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત પ્લાન તૈયાર કર્યો છે. રાજ્યના નાગરિકો નિર્ભય બનીને ગરબે ઘૂમી શકે તે હેતુથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાજયના સંવેદનશીલ મહાનગરોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી નોંધાયેલા કુલ ૨૨ હજારથી વધુ ગરબા મહોત્સવોમાં લાખો ખેલૈયાઓ ગરબે ઘૂમશે. તેને ધ્યાને રાખીને રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશનરને એલર્ટ રહીને પેટ્રોલિંગ વધારવા સ્પષ્ટ આદેશો આપ્યા છે.

ગરબા પંડાલોમાં મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા પોલીસની પ્રાથમિકતા છે. ભીડભાડવાળા માર્ગો, શોપિંગ ઝોન અને પાર્ટી પ્લોટ્સમાં સાદા કપડાં તેમજ યુનિફોર્મમાં તૈનાત મહિલા પોલીસ ઉપરાંત ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા ગ્રાઉન્ડમાં સજ્જ મહિલા પોલીસકર્મીઓની 'શી-ટીમ' સતત વોચ રાખશે. ખેલૈયાઓના વેશમાં આવીને છેડતી, અસભ્ય વર્તન કે હેરાનગતિ કરવાનો પ્રયાસ કરનારા તત્વો સામે સ્થળ પર જ કડક કાનૂની સકંજો કસવામાં આવશે. તહેવારો દરમિયાન ડિજિટલ માધ્યમો દ્વારા સામાજિક સૌહાર્દ ડહોળવાના કોઈપણ પ્રયાસને ડામી દેવા માટે સાયબર ક્રાઈમ પોલીસ સંપૂર્ણ સજ્જ છે. દેવી-દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી, બિભત્સ સામગ્રી કે ધાર્મિક લાગણી દુભાવતા વિડીયો-ઓડિયો વાયરલ કરનારા અસામાજિક તત્વો પર આધુનિક ટૂલ્સ દ્વારા ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ પ્રકારની અફવા ફેલાવનાર સામે આઈ.ટી. એક્ટની કડક કલમો હેઠળ તાત્કાલિક એફઆઈઆર નોંધી ધરપકડ કરવામાં આવશે.

તમામ ગરબા આયોજકો માટે સ્પષ્ટ સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ પ્રવેશ અને નિકાસ માટે અલગ ગેટ, સમગ્ર પરિસરમાં હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા, ડોરફ્રેમ મેટલ ડિટેક્ટર, હેન્ડ હેલ્ડ મેટલ ડિટેકટર અને બ્રેથ એનાલાઈઝરની વ્યવસ્થા ફરજિયાત રહેશે.

ગુજરાત પોલીસે નાગરિકોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે કટોકટીના સમયે તાત્કાલિક સ્થાનિક પોલીસ કંટ્રોલ રૂમ અથવા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૧૨ પર સંપર્ક કરવા અપીલ કરી છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનું કાલે મતદાન

## ઓખા નગરપાલિકાની પણ ચૂંટણી: સવારે ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન કરી શકાશે

**અબતક, રાજકોટ**

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે આવતી કાલે મતદાન યોજાશે. સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન ચાલશે.

ગાંધીનગર મહાનગરપાલિકા સહિત વિવિધ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોનો સમાવેશ થાય છે.ગાંધીનગર મહાનગરપાલિકાની ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકો માટે ચૂંટણી યોજાશે. આ ઉપરાંત ઓખા, ધરમપુર, મેસાણા, છોટાઉદેપુર અને બાયડ નગરપાલિકાઓની વિવિધ બેઠકો તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૩-ભાણવડ બેઠક અને રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે પણ મતદાન યોજાશે.

મતદાનનો સમય સવારે ૭:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધીનો રહેશે. મતદારોને પોતાનું મતદાન મથક અગાઉથી જાણી લેવા અને મતદાન માટે જરૂરી ઓળખપત્ર સાથે સમયસર મતદાન મથકે પહોંચવા આયોગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

મતદાન માટે મતદારે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. જો મતદાર પાસે ફોટો ઓળખકાર્ડ ઉપલબ્ધ ન હોય, તો રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા માન્ય વૈકલ્પિક ઓળખપત્ર રજૂ કરીને મતદાન કરી શકાશે.

ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ બંદોબસ્ત સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવશે.


**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



**સ્વ. શ્રી વિરજીભાઈ કેશવભાઈ ઠુંમર**

પૂર્વ સાંસદશ્રી • પૂર્વ ધારાસભ્યશ્રી • ડિરેક્ટરશ્રી, ખેતી બેંક

ખેડૂત હિતો અને સહકારી ક્ષેત્રને જીવન સમર્પિત કરનાર સ્વ. શ્રી વિરજીભાઈ કેશવભાઈ ઠુંમર ૩૧ વર્ષથી ખેતી બેંક સાથે અંતિમ ક્ષણ સુધી અતૂટ રીતે જોડાયેલા રહ્યા. તેમની વિદાયથી સર્જાયેલી ખોટ ક્યારેય નહીં પુરાય. પરંતુ તેમની સેવા અને સંસ્મરણો સદાય આપણી સાથે રહેશે. પરમાત્મા તેમના દિવંગત આત્માને ચીર શાંતિ અર્પે. તેમની પવિત્ર સ્મૃતિને શત્ શત્ નમન

**ખેતી બેંક બોર્ડ ઓફ ડીરેક્ટર્સ**

શ્રી ડોલર કોટેચા (ચેરમેન)
શ્રી જેઠાભાઈ ભરવાડ (MLA),પંચમહાલ
શ્રી જસાભાઈ બારડ(પૂર્વ મંત્રીશ્રી),સુત્રાપાડા
શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (Ex.MLA), જામનગર
શ્રી કાનભા ગોહિલ, અમદાવાદ
શ્રી ફલજીભાઈ પટેલ, સાબરકાંઠા
શ્રી ગણપતસિંહ સોલંકી, વડોદરા
શ્રી નટવરસિંહ મહિડા, ખેડા
શ્રી જીજ્ઞેશકુમાર ઠાકોર, સુરત
શ્રી જીવણભાઈ આહીર(વાઈસ ચેરમેન),વલસાડ
શ્રી અનિરુદ્ધભાઈ દવે (MLA), કચ્છ
શ્રી ગોવાભાઈ દેસાઈ (Ex.MLA), બનાસકાંઠા
શ્રી મંગળસિંહ પરમાર, સુરેન્દ્રનગર
શ્રી કિશોરસિંહ ગોહિલ, ભાવનગર
શ્રી હરદેવસિંહ જાડેજા, રાજકોટ
શ્રી સુરેશભાઈ પટેલ, ભરૂચ
શ્રી રામજીભાઈ ચૌધરી, મહેસાણા

બી. એમ. રાયચડા, જનરલ મેનેજર
ખેતી બેંક કર્મચારી પરિવાર
કે. બી. પટેલ, ચીફ જનરલ મેનેજર



